પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૪-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# કાશ્મીરમાં બે આતંકવાદીઓના ઘરોમાં બોમ્બ વિસ્ફોટ

## પહેલગામ હુમલામાં આદિલ અને આસીફની સંડોવણી : બંનેના ઘરને બોમ્બ વડે ઉડાવી દેવાયા બાદ બુલડોઝર ફેરવી દેવાયું : બાદીપોરમાં એક આતંકવાદી ઠાર

**નવી દિલ્હી,તા.૨૫**

દેશમાં અસામાજીક તત્વોના ગેરકાનુની બાંધકામો સામે એક બાદ એક રાજયમાં બુલડોઝર દોડી રહ્યા છે તો હવે કાશ્મીરમાં પણ ત્રાસવાદ સામેના ઓપરેશનમાં બુલડોઝરની એન્ટ્રી થઈ ગઈ છે તથા પહેલગામ આતંકી હુમલામાં સામેલ સ્થાનિક આતંકી આસીફ અને તેના સાથીદારના ઘર પર બુલડોઝર ફેરવી દેવાયા છે.

જેની ઓળખ ગઈકાલે થઈ હતી. આ ઉપરાંત અનેક સ્થાનિક ત્રાસવાદી અદીલ ઠોકરના અનંતનાગ તેમજ અવંતીપુરાના મકાન ઓળખી કઢાયા બાદ તેના પર બુલડોઝર ફેરવી દેવાયા હતા.

પોલીસને જણાવ્યા પ્રમાણે આસીફના ઘરમાં વિસ્ફોટકો હોવાથી પહેલા તેનો નાશ કરવા આ વિસ્ફોટકોથી ઘર ઉડાવી દેવાયુ અને બાદમાં બુલડોઝર ફેરવી દેવાયુ.

આ બંને ત્રાસવાદીઓ પર રૂા.૨૦-૨૦ લાખના ઈનામ જાહેર કરવામાં આવ્યા છે અને તેઓ પહેલગામ હુમલામાં નેતૃત્વ લીધુ હતું અને સ્થાનિક સ્તરે પાકિસ્તાન સ્થિત ત્રાસવાદીઓને પણ શરણ આપ્યુ હોવાનું માનવામાં આવે છે.સેનાના સૂત્રોએ જણાવ્યું હતું કે ત્રાલમાં આસિફ શેખ અને અનંતનાગના બિજબેહરામાં આદિલ ઠોકેરના ઘરોમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું

ઓપરેશન દરમિયાન બંને ઘરમાંથી વિસ્ફોટકો મળી આવ્યા હતા. સૈનિકો સલામતી માટે પાછળ હટી ગયા અને આ દરમિયાન વિસ્ફોટ થયો. આ બંને આતંકવાદીઓના નામ પહેલગામ હુમલા સાથે જોડાયેલા છે.બીજી તરફ, બાંદીપોરામાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં એક આતંકવાદી ઠાર કરાયો છે. બે સૈનિકો પણ ઘાયલ થયા છે. આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ શુક્રવારે સવારથી જ અહીં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું. એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે.

શુક્રવારે સવારે પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પરના ઘણા વિસ્તારોમાં ગોળીબાર પણ કર્યો હતો. ભારતીય સેનાએ તરત જ જવાબ આપ્યો. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલના રોજ બપોરે પહેલગામની બૈસરન ખીણમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૨૭ પ્રવાસીઓ માર્યા ગયા હતા. ૧૦ થી વધુ ઘાયલ થયા છે.



# પહેલગામ હુમલાના વિરોધમાં દિલ્હીમાં જડબેસાક 'બંધ'

## કાશ્મીરમાં પર્યટકો પર કરાયેલા આતંકવાદી હુમલાનો દેશભરમાં વિરોધ : ઠેર ઠેર પાકિસ્તાન અને આતંકવાદના પૂતળાઓની હોળી

**નવી દિલ્હી તા.૨૫**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકીઓએ કરેલા બર્બર હુમલાના વિરોધમાં આજે દિલ્હી બંધ રહ્યું હતું. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના સમવૈચારિક સંગઠનોની આગેવાનીમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન થયા હતા. દિલ્હીમાં જંતર મંતરમાં સંત સમાજે પણ આતંકવાદ સામે હુંકાર ભરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે દેશના બધા ભાગો અને જિલ્લા મુખ્યાલયમાં દેખાવો કર્યા હતા. આ દરમિયાન પોલીસ ઉચ્ચાયોગ આસપાસ લાગેલા તમામ બેરીકેડ હટાવી લીધા છે. દરેક જગ્યાએ કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. દિલ્હીમાં પાકિસ્તાની ઉચ્ચ આયોગ સામે લોકોએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં ઉતરપ્રદેશ, બિહાર, ઉતરાખંડ, પંજાબ અને હરિયાણા સહિત અનેક રાજયોમાં સતત બીજા દિવસે તથા વિરોધ પ્રદર્શન થયું હતું.

પંજાબના ૬ શહેરો હોશિયારપુર, મુકતસર, આનંદપુર સાહિબ, અમૃતસરના જંડીયાલા ગુરુ, પઠાણકોટ, કપુરથલામાં પણ બજારો બંધ રહી હતી, હોશિયારપુરમાં કર્ફયુ જેવો માહોલ રહ્યો હતો.




વિરોધ પ્રદર્શનમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ, આપ અને અકાલીદળ ઉપરાંત વિભિન્ન સામાજીક, હિન્દુ સંગઠનો પણ જોડાયા હતા અને પાકિસ્તાનના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

દહેરાદૂનમાં મુસ્લિમ બહુમતી વાળા ક્ષેત્રના વેપારીઓએ સવારે બે કલાક વ્યાપારિક પ્રતિષ્ઠાન બંધ રાખ્યા હતા. તો આરએસએસના સમવૈચારિક સંગઠન સંતોની આગેવાનીમાં જંતર મંતરમાં આતંકવાદ વિરુદ્ધ પ્રદર્શન યોજાયું હતું. આતંકીઓ સામેનો આક્રોશ સવારે ૯થી૧૧ વચ્ચે આ અભિયાનમાં જોડાયેલા બે લાખ ગામોમાં પણ જોવા મળ્યો હતો.પહેલગામ આતંકી હુમલા સામે નેપાળમાં પણ રોષ જોવા મળ્યો હતો. અહીં આતંકવાદ મુર્દાબાદ, આતંકીઓનો સફાયોના નારા લાગ્યા હતા. નેપાળમાં વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ સમ્રાટ અને જાનકી સેના સહિત વિવિધ સંગઠનોએ પહેલગામ હુમલાની વિરુદ્ધ વિરોધ માર્ચ કાઢી હતી. બધા પર્યટકોને દીપ જલાવીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી અને આતંકીઓના પૂતળાનું દહન થયુ હતું.

# રાક્ષસોને મારવા માટે અષ્ટ સિદ્ધિઓની જરૂર :ભાગવત

## જરૂર પડે ત્યારે તાકાત દેખાડવી પડે : આરએસએસ

**નવી દિલ્હી,તા.૨૫**

મંગળવારે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ અહીં એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું, "અમે યોગ્ય જવાબની અપેક્ષા રાખીએ છીએ."

RSS વડાએ કહ્યું, "લોકોને તેમના ધર્મ વિશે પૂછવામાં આવ્યું અને તેમની હત્યા કરવામાં આવી. હિન્દુઓ ક્યારેય આવું કામ નહીં કરે." તેમણે કહ્યું, "યુદ્ધ ધર્મ અને અધર્મ વચ્ચે છે. આપણા હૃદયમાં પીડા છે. આપણે ક્રોધિત છીએ પણ દુષ્ટતાનો નાશ કરવા માટે, આપણે શક્તિ બતાવવી પડશે. જ્યારે રાવણે પોતાનો ઈરાદો ન બદલ્યો, ત્યારે બીજો કોઈ વિકલ્પ નહોતો. રામે તેને સુધારવાની તક આપી અને પછી તેને મારી નાખ્યો."

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પણ કહ્યું હતું કે આવી દુર્ઘટનાઓ અને દુષ્ટ કાવતરાઓને રોકવા માટે સમાજમાં એકતા જરૂરી છે.

તેમણે કહ્યું, "જો આપણે એક થઈશું, તો કોઈ આપણી તરફ ખરાબ ઈરાદાથી જોવાની હિંમત કરશે નહીં અને જો કોઈ આવું કરશે, તો તેની આંખો કાઢી નાખવામાં આવશે. અમને સખત બદલાની અપેક્ષા છે."આરએસએસના વડાએ કહ્યું, "દ્વેષ અને દુશ્મનાવટ આપણા સ્વભાવમાં નથી પણ ચૂપચાપ નુકસાન સહન કરવું પણ આપણા સ્વભાવમાં નથી. ખરેખર અહિંસક વ્યક્તિ શક્તિશાળી પણ હોવો જોઈએ. જો શક્તિ ન હોય તો કોઈ વિકલ્પ નથી. પરંતુ જ્યારે શક્તિ હોય ત્યારે જરૂર પડે ત્યારે તે દેખાવી જોઈએ."

# રેલવેની જમ્મુ-કાશ્મીર ટુર હંગામી ધોરણે બંધ કરાઈ

## સહેલાણીઓની સુરક્ષા માટે રેલવેનો નિર્ણય

**નવી દિલ્હી,તા.૨૫**

ભારતીય રેલવેની અન્ય સર્વિસ સાથે ટૂર મેનેજ કરતી બ્રાન્ચ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશનએ આજે ૨૫ એપ્રિલથી જમ્મુ-કાશ્મીરની એની બધી જ પ્રી-પ્લાન્ડ ટૂર હાલ રોકી દીધી છે. સહેલાણીઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું IRCTCએ જણાવ્યું છે.

ભારતીય રેલવેના IRCTC દ્વારા જમ્મુ-કાશ્મીર માટે 'જન્નત-એ-કાશ્મીર વિથ વૈષ્ણોદેવી દર્શન', 'કાશ્મીર - ધ પેરેડાઈઝ ઑન અર્થ' અને 'અતુલ્ય ભારત' સહિતની અન્ય કેટલીક ટૂર ગોઠવવામાં આવતી હોય છે. આગળની સૂચનાઓ ન મળે ત્યાં સુધી જમ્મુ-કાશ્મીરની એ બધી જ ટૂર રોકી દેવામાં આવી છે.

પહેલેથી જે સહેલાણીઓએ એ માટે બુકિંગ કરાવ્યું હશે એ ટૂરિસ્ટોને પણ જો એ ટૂરમાં ન જવું હોય અને બુકિંગ કેન્સલ કરવું હોય તે તેમને ફુલ રીફન્ડ આપવામાં આવશે. સહેલાણીઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું IRCTCએ જણાવ્યું હતું.

હાલ IRCTCની જે ટૂર ઑલરેડી ચાલુ છે એમાં ૧૭૦

અનુસંધાન પાના ૭ પર

# ભારત-પાક. વચ્ચે તંગદિલી સ્થિતિ પર અમેરિકાની નજર

## આતંકવાદ સામેની લડાઈમાં ભારતનું સમર્થન કરતા ટ્રમ્પ

**વોશિંગ્ટન,તા.૨૫**

અમેરિકાએ ભારતમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે અને કહ્યું છે કે આ દુઃખદ ઘડીમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે. અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટેમી બ્રુસે કહ્યું, 'પ્રમુખ ટ્રમ્પ અને વિદેશમંત્રી રુબિયોએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે અમેરિકા ભારતની સાથે ઉભું છે અને આતંકવાદના દરેક કૃત્યની કડક નિંદા કરે છે.'

તેમણે કહ્યું, 'આ હુમલામાં જીવ ગુમાવનારાઓ માટે અમે પ્રાર્થના કરીએ છીએ, ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ અને ઈચ્છીએ છીએ કે આ જઘન્ય હુમલાના ગુનેગારોને ન્યાયના કઠઘરામાં લાવવામાં આવે.'

પહલગામ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા અંગે અમેરિકા તરફથી સ્પષ્ટ ટિપ્પણીની માગ કરાતા પ્રવક્તાએ કહ્યું કે અમેરિકા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ટેમી બ્રુસે કહ્યું, 'આ એક ઝડપથી બદલાતી પરિસ્થિતિ છે અને અમે તેના પર ખૂબ નજીકથી નજર રાખી રહ્યા છીએ.'તેમણે કહ્યું, 'અમે હાલમાં કાશ્મીર કે જમ્મુની પરિસ્થિતિ પર કોઈ સત્તાવાર વલણ અપનાવી રહ્યા નથી.' હું હમણાં આનાથી વધુ કંઈ કહી શકું તેમ નથી. તમને જણાવી દઈએ કે મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં એક મોટો આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૮ નાગરિકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા જેઓ અહીં રજાઓ ગાળવા આવ્યા હતા.

## સંસદનું વિશેષ સત્ર બોલાવવા માંગ ઊઠી

**નવી દિલ્હી,તા.૨૫**

પહેલગામ આતંકવાદી હુમલા અંગે વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે કહ્યું, "મારે વડા પ્રધાન માટે કેટલાક સૂચનો છે. આ અંગે ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઈએ અને દરેક પાસેથી સૂચનો લેવા જોઈએ.

દેશ તેની સાથે ઉભો છે. આતંકવાદી આતંકવાદી હોય છે, તેનો કોઈ ધર્મ હોતો નથી. દેશની લાગણીઓને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે સર્વસંમતિથી ઠરાવ પસાર થવો જોઈએ.

આપણે શાસક અને વિપક્ષી પક્ષોના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ આફ્રિકા, અમેરિકા, યુરોપ, ચીન, જાપાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, રશિયા અને દક્ષિણ

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં ૨૩ વર્ષ જૂના કેસમાં મેધા પાટકરની ધરપકડ

## દિલ્હી પોલીસે રેલવે સ્ટેશન પરથી પાટકરની ધરપકડ કરી

**નવી દિલ્હી,તા.૨૫**

દિલ્હી પોલીસે સામાજિક કાર્યકર્તા મેધા પાટકરની ધરપકડ કરી છે. બુધવારે જ સાકેત કોર્ટે મેધા પાટકર વિરુદ્ધ બિનજામીનપાત્ર કલમ હેઠળ વોરંટ જાહેર કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ બાદ મેધા પાટકરને આજે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ૨૦૦૧માં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દ્વારા તેમના વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસમાં તેમને દોષિત ઠેરવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

મંગળવારે મોડી રાત્રે દિલ્હી પોલીસે નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પરથી સામાજિક કાર્યકર્તા અને નર્મદા બચાવો આંદોલનના નેતા મેધા પાટકરની ધરપકડ કરી હતી. દિલ્હીની એક કોર્ટે એક જૂના કેસમાં તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જાહેર કર્યું હતું. મેધા પાટકરને આજે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ધરપકડ જામીનપાત્ર કલમો હેઠળ કરવામાં આવી છે. તેમને કોર્ટમાંથી જામીન મળે તેવી શક્યતા છે.

મેધા પાટકરની ધરપકડ એક જૂના કેસ સાથે સંબંધિત છે જેમાં

અનુસંધાન પાના ૭ પર

# ન્યુયોર્ક ટાઈમ્સે આતંકવાદીઓને ઉગ્રવાદી ગણાવતા ભારે વિવાદ

## ન્યુયોર્ક ટાઈમ્સના અહેવાલની યુએસ સંસદીય સમિતિ દ્વારા નિંદા

**વોશિંગ્ટન,તા.૨૫**

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ (NYT) વિવાદમાં ફસાઈ ગયું છે. અખબારે તેના એક અહેવાલમાં આ હુમલા માટે જવાબદાર આતંકવાદીઓ માટે 'મિલિટન્ટ' એટલે કે ઉગ્રવાદી શબ્દનો ઉપયોગ કર્યો હતો.

જેના કારણે યુએસ સાંસદ સમિતિ દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી હતી. આ સાથે જ સાંસદ સમિતિએ NYT પર 'ગનમેન' અથવા 'ઉગ્રવાદીઓ' જેવા શબ્દો વાપરીને પહલગામ હુમાલાની ગંભીરતાને ઓછી આંકાવાનો આરોપ લગાવ્યો છે.

દક્ષિણ કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ હુમલા અંગે, ન્યૂ યોર્ક ટાઈમ્સે તેની હેડલાઈનમાં લખ્યું, 'કાશ્મીરમાં ઉગ્રવાદીઓ દ્વારા ઓછામાં ઓછા ૨૮ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી.'

અખબારે વધુમાં અહેવાલ આપ્યો છે કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'આ ગોળીબારને 'આતંકવાદી હુમલો' ગણાવ્યો હતો અને ગુનેગારોને ન્યાય અપાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.'

સાંસદ સમિતિએ X પર પોસ્ટ કરીને પહલગામ ઘટના પર અખબારની હેડ્લાઈનમાં વાપરવામાં આવેલા શબ્દોની આલોચના કરી હતી. તેમજ આ સમાચારને શેર કરતા લખ્યું હતું કે, 'ન્યૂ યોર્ક ટાઈમ્સ, અમે તમારી હેડલાઈન સુધારી છે. આ સ્પષ્ટપણે આતંકવાદી હુમલો હતો. ભારત હોય કે ઈઝરાયલમાં, આતંકવાદની વાત આવે ત્યારે ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ વાસ્તવિકતાથી ઘણું દૂર છે.'

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહલગામ આતંકવાદી હુમલા

અનુસંધાન પાના ૭ પર

# સરહદ પર ભારતીય ચોકીઓ પર પાક. સૈન્યનો ગોળીબાર

## પાક.ના ગોળીબારનો જડબાતોડ જવાબ આપતું ભારત

**નવી દિલ્હી,તા.૨૫**

પહેલગામ હુમલા પછી ભારત-પાક વચ્ચેના તનાવભર્યા ડિપ્લોમેટીક સંબંધોમાં હવે સીમા પર અસર શરૂ થઈ છે અને ભારતે સિંધુ જળ સંધી ને સ્થગીત કરવા સહિતના જે આકરા પગલા લીધા તે પછી હવે ભારતની મોટી સર્જીકલ સ્ટ્રાઈક પણ આવી શકે છે તેવા ભયથી ફફડતા પાક દળોએ અંકુશરેખામાં ભારતીય દળોની ચોકી પર ગોળીબાર કરતા અહી તૈનાત ભારતીય દળોએ પણ વળતો આકરો જવાબ આપીને પાકના બંદૂકના નાળચાને શાંત થવાની ફરજ પાડી હતી.

સીમા પર સુરક્ષા વધારી દેવાઈ છે અને ભારતે તેના દળોને મહતમ એલર્ટ પર મુકયા છે તેમાં ગઈકાલે રાત્રીના આજે દેશના સૌથી વચ્ચે અંધાધુંધ ગોળીબાર થયો હતો. બીજી તરફ ભારતે હવે તેના લશ્કરી પગલાનો અધિકાર છે તેવું જારી કરતા જ પાક ફફડી ગયુ છે અને સેના પર જમાવટ વધારી છે તે વચ્ચે ભારતના ભૂમીદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વીવેદી આજે શ્રીનગર પહોંચી ગયા છે.

તેઓએ બાદમાં ઉધમપુર જશે અને તેઓ કાશ્મીર ખીણમાં તૈનાત ભારતીય સેનાના વરિષ્ઠ કમાન્ડર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ સાથે બેઠક યોજશે તથા ભારતીય દળોની પોઝીશન પણ

અનુસંધાન પાના ૭ પર

# શ્રીનગરથી દિલ્હીના વિમાનની ટિકીટના ભાવ ચાર ગણા વધી ગયા

## પુલવામાં હુમલા બાદ હવાઈ ભાડુ આસમાને

**નવી દિલ્હી,તા.૨૫**

પહેલગામ હુમલા બાદ નાગરીક ઉડ્ડયન મંત્રીના સખ્ત નિર્દેશ છતા પણ શ્રીનગરથી દિલ્હી અને અન્ય જગ્યાઓ માટે પરત ફરી રહેલા પર્યટકો માટે વિમાન ટીકીટ મોંઘી થઈ રહી છે.

ગુરૂવારે શ્રીનગરથી દિલ્હી વચ્ચે વિમાનની ટિકીટનો ભાવ ૯ હજારથી ૧૯ હજાર સુધીનો રહ્યો હતો. સામાન્ય દિવસોમાં ટિકીટની કિંમત પાંચથી સાત હજાર રૂપિયા હોય છે.

ઉલ્લેખનીય છે કે, પહેલગામ આતંકી હુમલા બાદ મોટી સંખ્યામાં લોકો કાશ્મીરથી નીકળવા માંગે છે જેને લઈને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ બધી વિમાન કંપનીઓને નિર્દેશ આપ્યો હતો કે તે વિમાન ટીકીટ ભાડાની કિંમતો નિયંત્રણમાં રાખે તેના પર સરકાર દ્વારા વોચ રાખવામાં આવી રહી છે. જોકે આમ છતાં પણ સામાન્ય દિવસોની તુલનામાં ટિકીટનાં ભાવ વધુ છે.

સવારે શ્રીનગરથી દિલ્હીની ફલાઈટની ટિકીટ ૯ હજારમાં મળતી હતી જે જે બપોરે ૧૪ થી ૧૫ હજારમાં મળતી હતી. ઉલ્લેખનીય છે કે મંત્રાલયનાં હસ્તક્ષેપ બાદ વિમાન કંપનીઓએ શ્રીનગર આવતા જતા યાત્રીઓને ૩૦ એપ્રિલ સુધી ટીકીટ રદ કરાવવા કે પછી યાત્રાની તારીખમાં ફેરફાર કરવા પર બધા પ્રકારનાં ચાર્જને હટાવી લીધા હતા. પણ તત્કાલ ટિકીટ સામાન્ય દિવસોમાં પણ મોંઘી છે.

બીજી બાજુ મુંબઈ માટેની ફલાઈટની ટીકીટ સસ્તી હતી સ્પાઈસ જેટ, ઈન્ડીગો, એર ઈન્ડીયા એકસપ્રેસ તરફથી શ્રીનગરથી મુંબઈની વિમાની સેવા ઉપલબ્ધ કરાઈ હતી.

અનુસંધાન પાના ૭ પર



# કાશ્મીર હુમલામાં મૃતક પર્યટકોને પટેલ સમાજે શ્રદ્ધાંજલી પાઠવી

### શ્રદ્ધાંજલી સભામાં શોક દર્શક પ્રસ્તાવ

સુરત, તા.૨૫

કાશ્મીરના પહેલગામ નજીક બાઈસરન ઘાટીમાં આતંકી હુમલામાં ૨૭ પર્યટકોના મોત થયા છે. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી ઘટનાને વખોડી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે. ગુરૂવાર સવારે વરાછા બેંક ઓડીટોરીયમમાં મળેલી સભામાં કાશ્મીર ઘટનાને રાષ્ટ્ર ઉપરનો હુમલો ગણાવ્યો છે. ઘટનાને સખત શબ્દોમાં વખોડી આતંકીઓને પાઠ ભણાવવા માંગ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિતિઓએ બે મિનીટ મૌન પાળી મૃતકોને રાષ્ટ્રભાવ સાથે શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

સુરતના શૈલેશભાઈ કળથીયા તથા ભાવનગરના યતીષભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત પરમાર એમ ગુજરાતના ત્રણ સહીત કુલ ૨૭ પર્યટકો હુમલાનો ભોગ બન્યા છે. તેમના પરિવારજનોને સાંતવના સાથે શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત, જય જવાન નાગરિક સમિતિ સુરત, પટેલ સમાજ યુવાટીમ અને મહિલાવિંગના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ અને સભ્યોએ મૌન સાથે મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. શોક ઠરાવનું વાંચન કર્યું હતું.

# સુરત સહિત દશ શહેર માટે હીટ એક્શન પ્લાન લોન્ચ

### હીટ વેવથી બચવાના ઉપયોગની માહિતી જાહેર કરવામાં આવશે

સુરત, તા.૨૫

ગતરોજ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના ૦૩ અલગ -અલગ સ્થળે જેમકે સુરત શહેર, જુનાગઢ અને પાલનપોર ખાતે ગુજરાત ના ૧૦ શહેર (સુરત , નવસારી ,વલસાડ,જુનાગઢ, ભાવનગર, રાધનપુર, પાટણ,ભુજ, પાલનપુર, અને ઈડર) નો સમાવેશ થાય છે. ગુજરાત સરકારશ્રી ના ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા Council on Energy, Environment and Water -Delhi ની મદદથી ૧૦ શેરો ના હીટ એક્શન પ્લાન બનાવવામાં આવેલ છે જેનું લોન્ચિંગ આજરોજ સુરત મહાનગરપાલિકા અને GSDMA ના સંકલન માં રહી ગેલેક્ષી હોટલ , પાલ ,સુરત ખાતે સુરત ,નવસારી, અને વલસાડ શહેરના હીટ એક્શન પ્લાન નું લોન્ચિંગ કરવામાં આવેલ છે. સદર લોન્ચિંગ દરમિયાન સુરત મહાનગરપાલિકા ના ડે.કમિશ્નર શ્રી , ઈ.ચા.એડી.સીટી ઈજનેર શ્રી (સિવિલ), ચીફ ફાયર ઓફિસર શ્રી , GSDMA નિયામકશ્રી (ફાયનાન્સ) , ષ્જીઢસ્છ સેક્ટર મેનેજર શ્રી , તથા Council on Energy, Environment and Water -Delhi થી ડૉ. વિશ્વાસ ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગ દરમિયાન સુરત ,નવસારી અને વલસાડ વહીવટી તંત્ર ના અધિકારીશ્રી ઓ અંદાજે ૬૦ જેટલા ઉપસ્થિત રહેલ હતા. હીટ એક્શન પ્લાનમાં ૧૦ શહેરોના હીટ વેવને સંબંધિત માઈક્રો ઝોનેશન કરી કયા વિસ્તારોમાં સૌથી વધારે ગરમીની શક્યતાઓ રહેલી છે તેના પર ચકાસણી

અનુસંધાન પાના ૭ પર

# AM-NS ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની તનિષ્કા દેસાઈને રાષ્ટ્રીય સ્તરે બહુમાન મળ્યું

### બેસ્ટ સ્પીકરનો તનિષ્કા દેસાઈને એવોર્ડ અર્પણ

સુરત, તા.૨૫

AMNS ઈન્ટરનેશનલ સ્કૂલની ધોરણ-૯ની વિદ્યાર્થીની તનિષ્કા દેસાઈએ ઈન્ડિયન ડિબેટિંગ લીગ દ્વારા આયોજિત ફ્રેન્કીનસ્ટાઈન ડિબેટ ટૂર્નામેન્ટના ફાઈનલ રાઉન્ડમાં "બેસ્ટ સ્પીકર"નો ખિતાબ જીતી લીધો. આ ઈવેન્ટનું આયોજન આ વખતે IIT દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. આયોજિત થનારી વાર્ષિક સ્પર્ધાની આ વખતની થીમ "ક્લાઈમેટ કોલ્સઃ ગ્રોઈંગ પાઈ, શ્રિંકિંગ લાઈવ્સ" હતો. સિનિયર કેટેગરીમાં સ્પર્ધા કરી તનિષ્કાએ વિજેતા તરીકે સફળતા પ્રાપ્ત કરી છે. તનિષ્કાએ સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્કૃષ્ટ વક્તૃત્વ અને વિશ્લેષણક્ષમતા દર્શાવી હતી, જે કઠિન ઓનલાઈન પ્રાથમિક રાઉન્ડથી શરૂ થઈ હતી, આ સ્પર્ધામાં સમગ્ર દેશના વિદ્યાર્થીઓએ



ભાગ લીધો હતો. તેણીના સતત શ્રેષ્ઠ પ્રદર્શને તેને ટોચના ૫૦ પ્રતિસ્પર્ધી વિદ્યાર્થીઓમાં સ્થાન અપાવ્યું હતું. ત્યારબાદ તે સેમીફાઈનલ અને ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી, જે ઓફલાઈન પધ્ધતિથી આયોજિત કરાયો હતો.

તનિષ્કાએ સેમીફાઈનલ અને ફાઈનલ બંનેમાં પોતાની શાનદાર વક્તૃત્વ પ્રતિભાથી "બેસ્ટ સ્પીકર" એવોર્ડ તથા ઓરિજિનલ ઓરેટરી કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જેના કારણે તે રાષ્ટ્રીય સ્તરે ટોચના ૫ પ્રખર વક્તાઓની યાદીમાં પણ સ્થાન મેળવવામાં સફળ રહી છે. તનિષ્કાની સિદ્ધિ વિશે સુનિતા મટુ, આચાર્ય, AMNS ઈન્ટરનેશનલ સ્કૂલ જણાવે છે કે, "અમે તનિષ્કા અને તેની આ સિદ્ધિ પર અત્યંત ગર્વ અનુભવીએ છીએ. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્પર્ધામાં બેસ્ટ સ્પીકર એવોર્ડ જીતવું તેણીની મહેનત, આત્મવિશ્વાસ, વક્તૃત્વ કુશળતા અને તેની ઉંડી સમજને પ્રકાશિત કરે છે. AMNS ઈન્ટરનેશનલ સ્કૂલમાં અમે હંમેશા વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં પરંતુ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પણ પોતે વિશ્વાસ કેળવે અને ઉંચા લક્ષ્યાંકોને પાર પાડે તે માટે પ્રોત્સાહન આપીએ છીએ."

# પોલીસ પર હુમલાના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

### નામચીન આસિફ અમદાવાદી એન્કાઉન્ટર બાદ પોલીસ પર હુમલો કરાયો હતો

સુરત, તા.૨૫

નામચીન આસિફ અમદાવાદી એન્કાઉન્ટર બાદ પોલીસ પર થયેલ હુમલામા આરોપીઓનો છુટકારો! સને ૧૯૯૯ મા નામચીન આસિફ અમદાવાદીના એન્કાઉન્ટર બાદ નાનપુરા,કાદરશાની નાળમા તોફાન ફાટી નીકળતા મોહમદ મુનાફ રઝાક તથા અન્યોની ધરપકડ પોલીસ ધ્વારા રાયોટિંગના સબબ ગુન્હાસર થયેલ તે કેસ ફરિયાદ પક્ષ સાબિત કરવામા નિષ્ફળ જવાથી તમામ આરોપીઓને નામદાર કોર્ટે નિર્દોષ છોડી મુકેલ છે સબબ સદર કેસમા આરોપી અબ્દુલ બસીર અબ્દુલ રશીદ તરફે નામાંકિત એડવોકેટ મિહિર બિમલભાઇ સુખડવાળાએ વેધક, તિક્ષણ અને ધારદાર દલીલો કરેલ હતી.

# બેભાન મળેલા તરૂણને સારવાર અપાવી જીવ બચાવતી મિસીંગ સેલ પોલીસ

### પોલીસ ટીમની મદદથી છોકરાનો જીવ બચી ગયો

સુરત, તા.૨૫

સુરત શહેરમાં મિસીગ (ગુમ/અપહરણ) થવાના કિસ્સામાં ગુમ થનાર ૦ થી ૧૮ વર્ષના બાળકોના ગુમ તથા પરત થયા હોવાના રેકર્ડની ખરાઈ કરવા માટે મિસિંગ સેલ, ક્રાઈમ બ્રાંચના પોલીસ કોન્સ્ટેબલ પાયલબેન બામણીયા ડુમસ પોલીસ સ્ટેશન જઈ રહ્યા હતા એ દરમિયાન એક તરૂણ ડુમસ દરિયાકિનારે બેભાન અવસ્થામાં પડ્યો હતો, તેમજ મોં માંથી ફીણ નીકળતા હોવાથી પાયલબેને સમયસૂચકતા દાખવી તેના હાથની નાડી તપાસી, છાતી દબાવીને પાણી કાઢ્યું હતું. અને તુરંત ૧૦૮ ઈમરજન્સી સેવાને કોલ કર્યો હતો. એવામાં આસપાસથી એકઠા થયેલા લોકોની મદદથી બાળકને ડુમસ પોલીસ ચોકી લઈ ગયા. પરિવારની ભાળ ન મળતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કર્યો હતો. હેડ કોન્સ્ટેબલ જોગેન્દ્ર વળવી અને FFWC કોર્ડિનેટર પિયુષ

અનુસંધાન પાના ૭ પર




# પહેલગામ હુમલાન વિરોધમાં સુરતમાં કોંગ્રેસની કેન્ડલ માર્ચ

### કોંગ્રેસના નેતાઓએ આતંકવાદ સામે કડક કાયજવાહીની માંગ કરી

સુરત, તા.૨૫

પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓની ક્રૂર હત્યાના વિરોધમાં સુરત શહેર કોંગ્રેસે ગુરુવારે સાંજે મીણબત્તી માર્ચ અને શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ દિલ્હી ગેટથી શરૂ થયો હતો અને સુરત રેલ્વે સ્ટેશન પર સ્થિત સરદાર પટેલની પ્રતિમા સુધી આયોજિત કરવામાં આવ્યો હતો, જ્યાં મૌન પાળીને શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ ધનસુખ રાજપૂત, કાદીર પીરઝાડા, હરીશ સૂર્યવંશી, કલ્પેશ બારોટ, અશોક કોઠારી, જયેશ ભટ્ટ સહિત કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ ભાગ લીધો હતો. મીણબત્તી માર્ચ દરમિયાન, બધાએ હાથમાં મીણબત્તીઓ લઈને શાંતિ જાળવી રાખી અને દેશ પ્રત્યે એકતા દર્શાવી. કોંગ્રેસના નેતાઓએ આ હુમલાની કડક નિંદા કરી અને કહ્યું કે પહેલગામમાં આતંકવાદીઓએ જે ક્રૂરતાથી નિર્દોષ લોકોની હત્યા કરી છે તેણે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. તેમણે કેન્દ્ર સરકાર પાસે માંગ કરી કે આવા કૃત્યો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને. કોંગ્રેસના આ શાંતિપૂર્ણ કેન્ડલ માર્ચમાં સામાન્ય લોકોનો પણ ટેકો જોવા મળ્યો અને લોકોએ શહીદો અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી. કાર્યક્રમના અંતે, સરદાર પટેલની પ્રતિમા સામે મૌન પાળવામાં આવ્યું હતું અને પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી.

### પહલગામ આતંકી હુમલાના

# મૃતકના બાળકોના શિક્ષણની જવાબદારી સુરતનુ પી.પી. સવાણી ગ્રુપ ઉઠાવશે

### શહીદોના બાળકો હવે અનાથ નથી, દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરીવારની મદદે આવતા મહેશભાઈ સવાણી

સુરત, તા.૨૫

જમ્મુ અને કાશમીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા અને ૨૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા. આ સમયે પી. પી. સવાણી પરિવાર આ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે અને આ ભારે દુઃખની ઘડીમાં તેમની સાથે ઉભી છે.



પી. પી. સવાણી પરિવારના મહેશભાઇ સવાણીએ આજે જાહેર કર્યું છે કે ઘરના મોભી ગુમાવી ચૂકેલા પરિવારની સાથે પી.પી. સવાણી પરિવાર ખભે ખભા મિલાવીને ઊભો છે. પહલગામના આતંકવાદી હુમલામાં ભોગ બનેલા પરિવારના બાળકોના શિક્ષણની તમામ જવાબદારી અમે ઉઠાવીશું. આ પરિવારનું બાળક જ્યાં શિક્ષણ મેળવતું હશે અને જે બાળકને પી.પી. સવાણી શાળામાં કે એની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું હશે તો અમે એની તમામ રહેવા, જમવાની તથા શિક્ષણ સહીતની વ્યવસ્થા પણ આ પી.પી.સવાણી ગ્રુપ ઉપાડશે. ભૂતકાળમાં જમ્મુ અને કાશમીરના ઉરી હુમલા વખતે પણ શહીદ પરિવારના બાળકના શિક્ષણની જવાબદારી ઉઠાવી હતી. એમ જ બીજા હજારો બાળકો પણ પરિવારના મોભીના જતા રહેવાથી શિક્ષણથી વંચિત ન રહે તેની જવાબદારી સવાણી પરિવાર ઉઠાવતું રહ્યું છે. આજે દેશ આખું દુખી છે, વ્યથિત છે અને આક્રોશીત ત્યારે આ પી.પી. સવાણી પરિવારે ફરી એકવખત પોતાના સંવેદનશીલ સ્વભાવની પ્રતીતિ કરાવીને મૃતકના પરિવારના બાળકોના શિક્ષણની જવાબદારી ઉઠાવવાની જાહેરાત કરી છે. સરકાર સાથે સંકલન કરી આ પરિવારનો સંપર્ક કરવામાં આવશે. સુરત સ્થિત રહેતા શૈલેષભાઈ કળથીયાનું પણ આ આંતકી ક્રૂર હુમલામાં મોત થયું છે ત્યારે તેમના બંને દીકરા-દીકરીનું સપનું ડોકટર-એન્જીનીયર બનવાનું હોય ત્યારે આ સપનું પૂરું કરવા માટે પણ તેમના બાળકોને પી.પી.સવાણી શાળામાં અભ્યાસ કરવો હોય તો તેમનું સપનું સાકાર કરવા માટે પણ પી.પી.સવાણી ગ્રુપ સહયોગી બનશે.

# પહેલગામ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતા દક્ષિણ ગુજરાત મુસ્લીમ સમાજ

સુરત, તા.૨૫

જમ્મુ-કશ્મીરના પહેલગામમાં આતંકીઓના એક જૂથ દ્વારા દેશના નિર્દોષ નાગરિકો પર થયેલા કાયર, અમાનવીય હુમલાઓની નિંદા કરવા માટે કોઈ શબ્દો નથી. અત્યંત દુઃખ અને પીડા સાથે "દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ" આ હુમલામાં જીવ ગુમાવનાર લોકો તેમજ તેમના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. ઘણા લોકો આ હુમલામાં ઘાયલ થયા છે જેઓ જલદીથી સ્વસ્થ થાય તે માટે અમો દુઆ કરીએ છીએ. એક રાષ્ટ્ર તરીકે આપણે દેશના નાગરિકોના કિંમતી જીવનનું રક્ષણ ન કરી શક્યા તે વાતથી અમે ખૂબ જ દુઃખી છીએ.

### આતંકવાદીઓને દાખલારૂપ સજા કરો : માજી મેયર પીરઝાદા

પહેલગામ હુમલા સંદર્ભે શહેરના માજી મેયર કદીર પીરઝાદાએ જણાવ્યું હતું કે, આતંકવાદ અને આતંકવાદીઓને કચડી નાંખવા સમગ્ર મુસ્લિમ સમાજ સરકારની સાથે છે. ૨૮ જેટલા નિર્દોષ પર્યટકો પર હિચકારો હુમલો કરનર આતંકવાદીઓને દાખલારૂપ સજા મળવી જોઈએ. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદનો ખાત્મો બોલાવવો જોઈએ. કાયર આતંકવાદીઓને આ હરકત સામે સમગ્ર દેશના નાગરિકોમાં રોષ છે. આ જ જઘન્ય હુમલામાં જે નિર્દોષ લોકોના જીવ ગયા છે, જે લોકો શહીદ થયા છે, તેમના પરિવારજનોને રાજ્ય અને કેન્દ્ર સરકારએ આર્થિક સહાય આપવી જોઇએ. લોકોને પણ મદદ તરવા હું અપીલ કરું છું. શહીદના પરિવારને લાગવું જોઈએ કે આખો દેશ તેઓ સાથે છે.

અમે સમાજના તમામ વર્ગોને શાંતિ અને સંયમ જાળવવા અપીલ કરીએ છીએ અને સરકારને આ કાયરતાપૂર્ણ આતંકવાદી અને આમનવીય કૃત્ય કરનારાઓને ઝડપથી પકડી પાડવા અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે માંગ કરીએ છીએ. અમે કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય

અનુસંધાન પાના ૭ પર

### તમામ લોકોને શાંતિ અને સંયમ જાળવવા અપીલ

# સિવિલ હોસ્પિટલ સ્ટાફ દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલી

સુરત, તા.૨૫

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકી હુમલામાં મૃત્યૃ પામેલા પર્યટકોના આત્માને શાંતિ માટે શહેરભરમાં ઠેર ઠેર પ્રાર્થના સભા યોજાઈ રહી છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજના ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટ, સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ધારિત્રી પરમાર, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ડો.ઈકબાલ કડીવાલા, ડો.લક્ષ્મણ ટહેલાની, નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા, અશ્વિન પંડયા, વિરેન પટેલ, વિભોર ચુગ, નર્સિંગ સુપ્રિ., હેડ નર્સ, સ્ટાફગણે મૃતકોના આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી પ્રાર્થના કરી હતી. સૌએ ભયાનક આતંકી કૃત્યનો વિરોધ કરવાની સાથે મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.





# સુરત ખાતે ૧૫ વર્ષીય બ્રેઈનડેડ કિશોરના વિવિધ અંગોનું દાન

### રાજપૂત પરીવારા માનવતાવાદી અભિગમથી ચાર બાળકોને મળશે નવજીવન

સુરત, તા.૨૫

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૬૫મું સફળ અંગદાન થયું છે. વલસાડ જિલ્લાના અંતરિયાળ સંજાણ ગામના રાજપૂત પરિવારના બ્રેઈનડેડ કિશોરના હૃદય, સ્વાદુપિંડ, બે કિડની અને એક લીવર દાન થતા ચાર જરૂરિયાતમંદ બાળકોને નવજીવન મળશે. ખાસ કરીને તરૂણના સ્વાદુપિંડના દાનથી ટાઈપ ૧ ડાયાબિટીસના દર્દીને નવું જીવન મળશે. પ્રાપ્ત વિગતો અનુસાર વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ- બુનતપાડા ખાતે રહેતા સંજયભાઈ રાજપૂતનો ૧૫ વર્ષીય પુત્ર રોહિત ગત તા.૨૦મી એપ્રિલના રોજ મુંબઈના દહાણુંથી ઘેર પરત ફરતા તેની બાઈક સ્લીપ થઈ હતી. આ અકસ્માતમાં ગંભીર

અનુસંધાન પાના ૭ પર

# સાગર ટેક્સટાઈલ માર્કેટમાં કેન્ડલ માર્ચ અને શ્રધ્ધાંજલી




**જમ્મુ કાશ્મીર માં આતંકવાદી હુમલા માં ૨૬ ભારતીય નાગરિકો ની મૃત્યુ થઈ છે જે ખૂબ જ દુઃખ ની વાત છે મૃત્યુ પામનાર લોકોને શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટે સાગર ટેકસટાઇલ માર્કેટ માં સાગર માર્કેટ ફ્રેન્ડ ગ્રુપ દ્વારા રિંગ રોડ દ્વારા કેન્ડલ માર્ચ અને શ્રધ્ધાંજલી અર્પણ નું આયોજન કરવામાં આવ્યો આ શ્રધાંજલિ કાર્યક્રમ મા પહેલગામ માં માર્યા ગયા લોગો ને મોન રાખી અને શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી**

# ચેમ્બર અને બીસીસીઆઈ ભુતાન વચ્ચે વર્ચ્યુઅલ કરાર

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI ગ્લોબલ કનેકટ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સ– સુરત તથા ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વચ્ચે બુધવાર, તા. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ વર્ચ્યુઅલ મિટીંગ મળી હતી, જેમાં ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને SGCCI ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટ તથા ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી ટેન્ડી વાંગચુક જોડાયા હતા. આ મિટીંગ દરમ્યાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી ટેન્ડી વાંગચુકે વ્યાવસાયિક આદાન – પ્રદાન માટે વર્ચ્યુઅલી સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે મળીને સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય વ્યાપાર તેમજ એક્ષ્પોર્ટ માટેનું પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી બંને ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ થયા હતા. આ સમજૂતિ કરાર મુજબ સુરતના ઉદ્યોગકારો અને ભુતાન ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો પરસ્પર વ્યાવસાયિક આદાન – પ્રદાન કરી એકબીજાને ઉપયોગી થઈ શકશે. ભુતાનના વેપારીઓ સાથે બિઝનેસ કરતા સુરતના ઉદ્યોગકારોને જરૂરી વ્યાવસાયિક માર્ગદર્શન મળી રહે તે માટે ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ સહયોગ કરશે. આ ઉપરાંત અન્ય ઉદ્યોગોમાં રોકાણની તકો વિશેની માહિતી પણ પૂરી પાડવામાં આવશે. સમજૂતિ કરાર મુજબ સુરત તથા ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ પોતાના સભ્યોને બિઝનેસમાં લાભ થાય તે માટે સાથે મળીને કામ કરશે. ભુતાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી ટેન્ડી વાંગચુકે જણાવ્યું હતું કે, ભુતાનમાં કાર્યરત ભારતીય દૂતાવાસ સાથે તેઓનો ગાઢ સંબંધ છે. વેપારમાં કોઈપણ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે તેઓ તેનું તુરંત નિવારણ લાવે છે.

અનુસંધાન પાના ૭ પર

### સમજૂતિ કરાર મુજબ સુરત તથા ભુતાન ચેમ્બર સાથે મળીને કામ કરશે

# તંદુરસ્તી-મનદુરસ્તીઃ પ્રાણાયામ એટલે વિશિષ્ટપદ્ધતિથી કરવામાં આવતી પૂરક, કુંભક ને રેચકની ક્રિયા

પ્રાણાયામના અભ્યાસથી ચિત્તની જ્ઞાનવૃત્તિ પર ચડેલાં આવરણો નષ્ટ થાય છે, જ્ઞાનની કળા ખીલે છે અને ધારણા આદિ અંતરંગ અભ્યાસ માટે મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.અહીં કુંભકનો ઉલ્લેખ હોવા છતાં સમગ્ર પ્રક્રિયામાં કુંભક સાથે પૂરક અને રેચક પણ હોવાના જ. એટલે પ્રાણાયામ પૂરક, રેચક અને કુંભકની પ્રક્રિયા છે, તેમ સમજી શકાય એમ છે. વળી વર્ણન અહીં શ્ર્વાસની પરિભાષામાં કરેલ હોવા છતાં પ્રાણાયામનો પ્રારંભ શ્ર્વાસથી થાય છે, પણ ખરેખર પ્રાણાયામ પ્રાણનો સંયમ છે, એટલું જ નહિ; પરંતુ પૂરક, રેચક અને કુંભક વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવે ત્યારે જ આ હેતુ સિદ્ધ થાય છે.

આમ રાજયોગની દૃષ્ટિથી પ્રાણાયામની વ્યાખ્યા આ પ્રમાણે થશે-‘પ્રાણાયામ એટલે પ્રાણસંયમના હેતુ માટે, વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવતી પૂરક, કુંભક અને રેચકની ક્રિયા.’ પ્રાણાયામ જેટલી મહત્ત્વપૂર્ણ સાધના છે, તેટલી જ તે જોખમી પણ છે અને તેથી ગુરુગમ્ય છે. જ્યાં સુધી સાધકનું ચિત્ત બાહ્ય જગતના વિષયોમાં રમમાણ હોય છે, ત્યાં સુધી તે અધ્યાત્મપથપર પ્રગતિકરી શકતો નથી. આપણા ચિત્તનો વિષયો સાથેનો સંપર્ક ઈન્દ્રિયો દ્વારા થાય છે. ઈન્દ્રિયો સાધારણતઃ વિષયોન્મુખી હોય છે. જ્યારે આ સાધારણ પ્રક્રિયા ઊલટી બને એટલે કે ઈન્દ્રિયો વિષયોન્મુખી મટીને ચિત્તસ્વરૂપાકાર ધારણ કરે ત્યારે પ્રત્યાહાર સિદ્ધ થાય છે અને સાધક માટે ધારણા, ધ્યાન આદિ અંતરંગયોગની સાધના માટેનો માર્ગ મોકળો થાય છે.પ્રત્યાહારને સામાન્યતઃ બિહરંગયોગમાં ગણવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તે અંતરંગયોગના પ્રવેશદ્વાર સમાન છે.પ્રત્યાહાર દ્વારા ઈન્દ્રિયો પર સાચો સંયમ સિદ્ધ થાય છે. પ્રાણાયામ, જપ આદિના અભ્યાસથી સાધકની વૃત્તિ અંદર વળવા માંડે છે તથા વૃત્તિને અંદર વાળવાનો અભ્યાસ કરતાં કરતાં પ્રત્યાહાર વિકસે છે અને આંતરિક આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. આ અનુભવ વિકસતાં પ્રત્યાહાર સિદ્ધ થાય છે.

‘ધારણા એટલે ચિત્તનું કોઈ એક નિશ્ર્ચિત વિષય પર એકાગ્ર થવું.’ આગળ વર્ણવેલાં પ્રથમ પાંચ અંગોને બહિરંગયોગ ગણવામાં આવે છે. બહિરંગયોગના અભ્યાસથી તૈયાર થયેલા સાધક હવે અંતરંગયોગના અભ્યાસમાં પ્રવેશે છે. ધારણા અંતરંગયોગનું પ્રથમ સોપાન છે.ધારણામાં સાધક કોઈ એક વિષય પર મન એકાગ્ર કરે છે. અન્ય વિષયોનો ઈનકાર કરતાં જ્યારે સાધક પોતાના ઈષ્ટ વિષય પર પોતાના ચિત્તને સંયમિત કરે છે, ત્યારે ધારણા સિદ્ધ થાય છે. આ વિષયો પાંચ પ્રકારના હોય છેઃ બાહ્ય – ઈષ્ટદેવની મૂર્તિ, ચિત્ર વગેરે સ્વશરીર – નાસાગ્ર, ભૂમધ્ય વગેરે ચક્ર – અનાહત, આજ્ઞા વગેરે મનોમય – ઈષ્ટદેવનું મનોમય સ્વરૂપ આંતરિક અનુભૂતિ – નાદશ્રવણ, જ્યોતિદર્શન વગેરે

ચિત્તની સામાન્ય અવસ્થામાં ચિત્તના પ્રત્યય ભિન્ન ભિન્ન વિષયો પરત્વે સતત બદલાતા રહે છે. ધારણામાં સાધક કોઈ એક વિષય પર એકાગ્રતા કરે છે. આમ છતાં ધારણામાં હજુ પ્રત્યયની એકતાનતા નથી. ધારણામાં અન્ય વિષયના પ્રત્યયનો સદંતર અભાવ નથી. જોકે ધારણામાં સાધક સામાન્ય મનઃસ્થિતિની જેમ અન્ય વિક્ષેપોમાં ઘસડાતો નથી. સાધક પોતાના વિષય તરફની એકાગ્રતા જાળવી શકે છે અને અન્ય વિષયના પ્રત્યયને ટાળવામાં સક્ષમ બને છે અને વિક્ષેપો હોવા છતાં તેમાં ખેંચાતો નથી.



યમ-નિયમના યથાર્થ પાલનથી સાધકનું જીવન પરિશુદ્ધ બને છે, અને ચિત્તના ક્લેશો નબળા પડે છે. આસન અને પ્રાણાયામના અભ્યાસથી શરીર આગળના અભ્યાસ માટે તૈયાર થાય છે અને પ્રાણના પ્રવાહો સમઅવસ્થામાં આવવા લાગે છે તથા પ્રકાશ આડેનાં આવરણો ક્ષીણ થવા લાગે છે. સરળ ભાષામાં કહીએ તો અંદર કશુંક ઊઘડવા માંડે છે. ત્યાર પછી પ્રત્યાહારના અભ્યાસથી ઈન્દ્રિયજય સિદ્ધ થાય છે. યોગના આ પાંચ અંગોને બહિરંગયોગનાં અંગો ગણવામાં આવે છે.

બહિરંગયોગના અભ્યાસથી સાધક અંતરંગયોગ માટે તૈયાર થાય છે. ત્યાર પછી ધારણામાં એક વિષય પર એકાગ્રતા, ધ્યાનમાં પ્રત્યયની એકતાનતા સધાય છે. આના જ પર્યાપ્ત અભ્યાસથી ચિત્તવૃત્તિઓના નિરોધની અવસ્થા સિદ્ધ થાય છે અને એ જ સમાધિ છે.

અષ્ટાંગયોગના આઠ અંગોનું સ્વરૂપ યોગમૂર્તિના આઠ અંગો જેવું છે. આગળનાં અંગોમાં પહોંચતા, પાછળના અંગો પગથિયાંની જેમ છોડી દેવાનાં નથી. જેમ કે ધ્યાનનો અભ્યાસ કરનાર સાધક યમ-નિયમ કે આસન–પ્રાણાયામનો અભ્યાસ છોડી દેશે, એવું નથી. તેમ જ યમ-નિયમનો અભ્યાસ પરિપૂર્ણ થયા પછી જ આસન – પ્રાણાયામનો અભ્યાસ થઈ શકે, એવું પણ નથી. આ અંગોમાં એક સ્વરૂપની ક્રમિકતા હોવા છતાં આ ક્રમિકતા પથ્થરના પગથિયાં જેવી નથી, પરંતુ સાધક જેમ જેમ વિકાસ પામતો જાય છે, તેમ તેમ આગળનાં અંગોનું ક્રમિક ઉમેરણ થતું જાય છે. એટલે આ આઠ અંગોને યોગમૂર્તિના આઠ અંગો ગણવામાં આવે છે.

એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે યોગસૂત્રપ્રણિત રાજયોગમાં સમાધિ અવસ્થાને નહિ, પરંતુ ‘કૈવલ્ય’ને અંતિમ અવસ્થા ગણવામાં આવે છે.

### હઠયોગનો અને રાજયોગનો સંબંધ

(૧) હઠયોગ પ્રાણજય દ્વારા મનોજયનો માર્ગ છે અને રાજયોગ મનોજય દ્વારા પ્રાણાજયનો માર્ગ છે. હઠયોગ તીવ્ર સાધનપદ્ધતિ છે અને તેથી જ તે વધુ જોખમી છે. રાજયોગ સૌમ્ય સાધનમાર્ગ છે. બંને વચ્ચે કોઈ વિરોધ નથી. બંને પરસ્પર પૂરક બની શકે તેમ છે પરંતુ બંને એક જ સાધનમાર્ગ છે, એવું નથી.

(૨) કુંડલિની શક્તિનું જાગરણ–આ હઠયોગની સાધનાની કેન્દ્રસ્થ બાબત છે. રાજયોગ અર્થાત્ પતંજલિ પ્રણિત અષ્ટાંગયોગમાં કુંડલિની જાગરણ તરફ લક્ષ્ય નથી. એ જાણવું રસપ્રદ થઈ પડશે કે યોગસૂત્રમાં ક્યાંય કુંડલિનીનો ઉલ્લેખ નથી, જ્યારે હઠયોગ પ્રદીપિકામાં તેનો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે.

આનો અર્થ એમ નથી કે કુંડલિની જાગરણની ઘટના માત્ર હઠયોગની સાધનાથી જ થઈ શકે. હઠયોગની તીવ્ર પ્રક્રિયા વિના રાજયોગના સૌમ્ય માર્ગનું અનુસરણ કરનારને પણ કુંડલિની જાગરણ થઈ શકે છે. એટલું જ નહિ, પરંતુ નામજપ કરનાર ભક્તને કે વિચારમાર્ગનું અનુસરણ કરનાર જ્ઞાનયોગીને પણ કુંડલિની જાગરણની ઘટના બની શકે છે, બને છે. આમ છતાં હઠયોગ અને રાજયોગના કુંડલિની વિશેના અભિગમમાં ફેર છે. હઠયોગની બધી સાધનાઓ કુંડલિનીના જાગરણ માટે આચરવામાં આવે છે અને રાજયોગના સાધકનું ધ્યાન કુંડલિનીજાગરણ તરફ નહિ, પણ ચિત્તવૃત્તિના નિરોધ તરફ છે.

(૩) હઠયોગ અને રાજયોગ, બંનેમાં આસન અને પ્રાણાયામ છે અને સામાન્ય રીતે આ બંનેને જ યોગ ગણી લેવામાં આવે છે. પરિણામે બંને સાધનમાર્ગ એક જ છે, એમ માની લેવામાં આવે છે; પરંતુ આ માન્યતા બરાબર નથી.

# જગતનો સૌથી મોટો ટ્વિન્સ ફેસ્ટિવલ

ઘરમાં એક બાળકના આગમનની તૈયારીઓ ચાલતી હોય ત્યાં જો ટ્વિન્સ અવતરે અથવા તો ભગવાન છપ્પર ફાડીને એકસામટાં તીન કા તડકા લગાવી દે તો માબાપની જોવા જેવી થાય. આવાં જ તીન કા તડકા એટલે કે ટ્રિપ્લેટ્સનો ગયા અઠવાડિયે અમેરિકાના બાલ્ટિમોરમાં મેળાવડો થયેલો. એમાં માત્ર અમેરિકા જ નહીં; બ્રિટન, ફ્રાન્સ, યુરોપ અને અન્ય દેશોમાંથી ટ્રિપ્લેટ્સની કુલ ૪૦ ટોળકીઓ એકઠી થયેલી. એમાંથી કેટલાક પરિવારનાં તો બે-બે ટ્રિપ્લેટ્સ સાથે આવ્યાં હતાં. મોટા ભાગે કિડ્સ, ટીનેજર્સ અને યંગસ્ટર્સનો જ આ મેળાવડો હતો. દુનિયામાં એકસાથે ત્રણ બાળકો જન્મ્યાં હોય એવાં ટ્રિપ્લેટ્સનો આ એકમાત્ર મેળાવડો છે જે દર વર્ષે યોજાય છે. આ મેળાવડામાં કેટલીક સાઇકોલોજિકલ વર્ક-શોપ્સ અને રમતો રમાડાય છે જેમાં ટ્રિપ્લેટ્સ એકસાથે ભાગ લે છે.

આ મેળાવડાની શરૂઆત ૧૯૯૧માં ક્રી લિન્ડસે નામની સિંગલ મધરે કરી હતી. તેને એ વખતે નવ મહિનાનાં ટ્રિપ્લેટ્સ સહિત કુલ સાત બાળકો હતાં. એકસાથે ત્રણ બાળકોને સંભાળવામાં ફેં પડી જતી હોવાથી ક્રીએ પોતાના જેવો જ અનુભવ ધરાવતા બીજા લોકોને એકત્ર કરવા માટે આ વિચાર વહેતો મૂકેલો. ૧૯૯૫ની સાલમાં સૌથી વધુ એટલે કે ૨૦૦ ટ્રિપ્લેટ્સે એમાં ભાગ લીધેલો. ટ્રિપ્લેટ્સની જેમ આગામી અઠવાડિયે અમેરિકાના ઓહાયો રાજ્યના ટ્વિન્સબર્ગ સિટીમાં ૩૮મો એન્યુઅલ ટ્વિન્સ ડે ફેસ્ટિવલ યોજાવાનો છે. આજકાલ પુરજોશમાં એની તૈયારીઓથી ટ્વિન્સબર્ગ ધમધમી ઊઠ્યું છે. આ વર્લ્ડનું લાર્જેસ્ટ ટ્વિન્સ કોન્વેન્શન કહેવાય છે, કેમ કે છેલ્લા દાયકાથી આ ફેસ્ટિવલમાં દુનિયાભરમાંથી લગભગ ૨૦૦૦થી વધુ ટ્વિન્સ એકઠાં થાય છે. ગયા વર્ષે ૨૦૯૦ ટ્વિન્સ આવ્યાં હતાં. ટ્વિન્સબર્ગને શહેર કહેવું કે કેમ એ એક સવાલ છે, કેમ કે આ ખૂબ જ નાનું છે જેમાં માંડ ૨૦,૦૦૦ની વસ્તી છે. મોઝેસ અને આરોન વિલ્કોક્સ નામના બે આઇડેન્ટિકલ ટ્વિન્સના દ્વિશતાબ્દી ઉત્સવ નિમિત્તે અહીંના શહેરીજનોએ ગામનાં અને ગામની આજુબાજુનાં જોડિયાં ભાઇ-બહેનોને એકત્ર કરીને તેમને ગિફ્ટ આપવાનો, રમાડવાનો અને તેમનું મનોરંજન કરવાનો વિચાર કરેલો. ૧૯૭૬માં પહેલી વાર આવો કાર્યક્રમ થયો. એ વખતે આવો કાર્યક્રમ દર વર્ષે કરવાનું કોઇ જ આયોજન નહોતું. પહેલા વર્ષે આસપાસમાંથી ૩૬ જોડિયાં એકઠાં થયાં અને તેમની સાથે બૅન્ડ-કોન્સર્ટ, જાદુના ખેલ, સ્કાય-ડાઇવિંગ જેવા અખતરાઓથી મનોરંજન કરવામાં આવ્યું. આ સેલિબ્રેશન દરમ્યાન આયોજકોને લાગ્યું કે આને વાર્ષિક ફેસ્ટિવલ બનાવી દેવામાં આવે તો મોઝેસ અને આરોન વિલ્કોક્સનું નામ દર વર્ષે લોકો યાદ કરે અને ટ્વિન્સનો એક અનોખો મેળો શરૂ થઇ જાય. એ પછીનાં કેટલાંક વર્ષોમાં ખાસ આ ફેસ્ટિવલ માટે જ એક સ્વૈશ્ચિકક સંસ્થા બનાવવામાં આવી. શરૂઆતમાં એક જ દિવસની ઉજવણી હતી, જે ૧૯૮૧માં બે દિવસની થઇ. માત્ર ગણ્યાંગાંઠ્યા વર્ષોમાં જ એટલે કે ૧૯૮૫માં તો આ ફેસ્ટિવલમાં ૧૧૧૦ ટ્વિન્સ એકઠાં થયાં. જોકે એ પછીનાં વર્ષોમાં ટ્વિન્સબર્ગના ટ્વિન્સ ડે ફેસ્ટિવલે પોતાના જ રેકોર્ડ તોડવાનું શરૂ કર્યું. ૧૯૮૯માં વિશ્વના સૌથી વિશાળ ટ્વિન્સ મેળાવડા તરીકે ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સમાં એનું નામ નોંધાયું. એ વર્ષે ૨૩૦૦ ટ્વિન્સ આ ફેસ્ટિવલમાં એકત્ર થયેલાં. ગામની વસ્તી એ વખતે લગભગ ૮૦૦૦ જેટલી હતી અને એ ગામમાં થનારા ફેસ્ટિવલમાં દુનિયાના ખૂણેખાંચરેથી લગભગ ૪૬૦૦ જોડિયાં ભાઇ-બહેનો અને તેમના પેરન્ટ્સ આવે એ વાત જરા અચરજ પમાડે એવી છેને?



# ૨૪૦૦ ફૂટ ઊંચેથી પેરેશૂટ વગર જ સ્કાય-ડાઇવિંગ

૪૩ વર્ષનો બ્રિટિશ સ્ટન્ટમૅન ગૅરી કોનરી પૅરૅશૂટ વિના આસમાનમાંથી ઠેકડો મારનારો વિશ્વનો સૌથી પહેલો સ્ટન્ટમૅન છે. ગયા વર્ષે તેણે ખાસ વિન્ગસૂટ પહેરીને હેલિકોપ્ટરમાંથી પડતું મૂકેલું અને કાર્ડબોર્ડનાં ખોખાંઓ પર લૅન્ડ થયો હતો

જેમ્સ બોન્ડ, ઈન્ડિયાના જોન્સ, હૅરી પોટર અને બૅટમૅનની ફિલ્મોમાં બતાવવામાં આવતા સ્ટન્ટ્સમાંથી કેટલાક કમ્પ્યુટરની કરામત હોય છે; પણ કેટલાક દિલધડક સ્ટન્ટ્સ હીરોના બોડી-ડબલ્સ દ્વારા પર્ફોર્?મ કરવામાં આવ્યા હોય છે. આ ફિલ્મોમાં અનેક ખતરનાક કરામતો કરી ચૂકેલા ગૅરી કોનરી નામના બ્રિટિશ સ્ટન્ટમૅને અનેક વાર જીવ જોખમમાં મૂક્યો હોવા છતાં તે જે સન્માનનો હકદાર છે એ નહોતું મળ્યું. જોકે ગયા વર્ષે તેણે એવો અકલ્પનીય અખતરો કયોર? કે તે હીરો બની ગયો. ફિલ્મો માટે ડિરેક્ટરના ઈશારે જાત-જાતના સ્ટન્ટ કરી ચૂકેલા ગૅરીએ સ્કાય-ડાઈવિંગની દુનિયામાં તહેલકો મચાવવા પૅરૅશૂટ વિના આકાશમાંથી નીચે ઠેકડો મારવાનું સાહસ પ્લાન કર્યું. ઓક્સફર્ડશર શહેરની ભાગોળે હજારો પ્રેક્ષકોની વચ્ચે થયેલા આ સ્ટન્ટનું તેણે ખૂબ ઝીણવટભર્યું પ્લાનિંગ કરેલું. એક હેલિકોપ્ટરમાં તે પોતાના સાથી સાથે ૨૪૦૦ ફૂટની ઊંચાઇએ પહોંચ્યો. તેણે પૅરૅશૂટને બદલે વિન્ગસૂટ પહેયોર? હતો, જે તેની જમીન પર પછડાવાની ગતિમાં અવરોધ પેદા કરે અને ૮૦ માઇલ પ્રતિ કલાકથી વધુ રફતારથી તે જમીન પર ન પટકાય. વળી, જે જગ્યા પર તે પટકાવાનો હતો, મતલબ કે લૅન્ડ થવાનો હતો એ એરિયામાં ૧૮૬૦૦ પૂંઠાનાં બોક્સિસ લગભગ ૧૨ ફૂટની હાઇટમાં ગોઠવી દેવામાં આવ્યાં હતાં. ૧૦૦ વોલન્ટિયર્સે ચાર કલાકની મહેનત પછી આ પૂંઠાંના ખોખાંઓને ગોઠવ્યાં હતાં. હેલિકોપ્ટરમાંથી ગૅરી ઠેકડો મારે અને આ પૂંઠાની બિછાવેલી જાજમ પર જ પટકાય એ માટે સ્ટન્ટ માટેની ટીમે સારુંએવું ભૂમિતિનું લેસન કરેલું. જોકે કુદરતની સામે માણસોની ભૂમિતિની ગણતરીઓ ક્યારે ટૂંકી પડી જાય એ કંઇ કહેવાય નહીં. ટીમના અંદાજ મુજબ ગૅરી ૨૪૦૦ ફૂટથી ઠેકડો મારે એટલે વહેલામાં વહેલું પંચાવન સેકન્ડમાં તે જમીન પર પટકાવાનો હતો. કૂદકો લગાવ્યા પછી તે પોતાના વિન્ગસૂટની મદદથી પડવાની ગતિ જેટલી વધુ કન્ટ્રોલ કરી શકે એટલો તેને પટકાવાનો ઝાટકો ઓછો લાગે. ૨૩ વર્ષની ઉંમરે પહેલી વાર પૅરૅશૂટ-જમ્પ મારનારા ગૅરીએ આ પહેલાં ૯૦૦થી વધુ વાર સ્કાય-ડાઈવિંગ અને ૪૫૦ વાર બેઝ જમ્પ્સ માર્યા હતા. જોકે પહેલવહેલી વાર પૅરૅશૂટ વિના આટલે ઊંચેથી જમ્પ મારવાના સ્ટન્ટ કરવામાં ખૂબ જ એક્સાઇટમેન્ટ અનુભવી રહ્યો હતો. બીજી તરફ તેની પત્ની વિવિયનની દિલની ધડકનોની કોઇ ગણતરી નહોતી. ૨૦૧૨ની ૨૩ મેના દિવસે ૪૩ વર્ષનો ગૅરી જ્યારે હૅલિકોપ્ટરમાંથી ખાસ બનાવડાવેલો વિન્ગસૂટ પહેરીને કૂદ્યો ત્યારે જોનારાઓના શ્વાસ થંભી ગયા. પૂરી ૫૯ સેકન્ડ તે હવામાં રહ્યો. તે એવરેજ ૮૫ માઇલ પ્રતિ કલાકની રફતારથી નીચે આવ્યો અને છેક છેલ્લે પૂંઠાનાં બોક્સની જાજમ પર પટકાયો ત્યારે ૫૦ માઇલ પ્રતિ કલાકની ગતિ હતી. આટલી ઝડપથી તે બોક્સ પર પડ્યો અને બીજી ત્રીસ સેકન્ડ પછી ટીમ-મેમ્બરોએ બોક્સ હટાવતાં ગૅરી હેમખેમ બહાર નીકળ્યો ત્યાં સુધી સૌના જીવ અધ્ધર જ રહી ગયા.



# આહારથી આરોગ્ય સુધીઃ? પ્રસૂતિ પછી સ્ત્રી માટે રામબાણ ઔષધી દશમૂલ કાઢો

સુવાવડી સ્ત્રીએ સુવાવડ (ડીલીવરી પછી) શું કાળજી રાખવી જોઈએ એ અંગે જાત જાતની માન્યતાઓ અને ઘરગથ્થુ ઈલાજ-ઓસડિયાં-કાઢા માટે છે. સુવાવડ પછી લગભગ ચાલીસ દિવસ કે દોઢ મહિનો જેટલો સમય અવયવોને પૂર્વ સ્થિતિમાં આવતાં થાય છે. આ ગાળા દરમ્યાન સંભાળ, સ્તનપાન, દુખાવા વગેરેની કાળજી જરૂરી બને છે. કાળજી માટે ખાવાપીવા પર કાળજી અતિ જરૂરી બને છે. તેમજ ઔષધ અને ઓસડિયાનું વધુ મહત્ત્વ છે. જે આગળ જતાં બાળકની પ્રતિરક્ષા પ્રણાલી તેમજ સુવાવડી બાઈની શરીરની મજબૂતી માટેની માવજત જરૂરી છે. આપણી પાસે પરંપરાગત રીતે બનતાં ઓસડિયાં એ અતિ મહત્ત્વપૂર્ણ છે. જે આપણી પાસે સરળતાથી મળી રહે છે. બસ એના વિશે જ્ઞાન હોવું જરૂરી છે. યોગ્ય ચિકિતસક પાસે જવું જરૂરી છે. ઓસડિયાની માત્રાનું પ્રમાણ જાણવું જરૂરી છે. જે આગળ જતાં રોગો સામે લડવાની ક્ષમતા વધારી દે છે. બાળકની ઈમ્યુનીટી માટે જરૂરી બની જાય છે.

દશમૂલ કાઢો, પંચમૂલ કાઢો, સપ્તમૂલ કાઢો વગેરે છે. સુવાવડીની ક્ષમતા અનુસાર આ કાઢા કે ઓસડિયા આપવા જોઈએ. આ કાઢા કે ઓસડિયાના દ્રવ્યની માત્રાનું પ્રમાણ યોગ્ય હોવું જોઈએ. આવા ઓસડિયા બનાવવા માટે આપણી પાસે ઘણીયે વનસ્પતિના પાઉડર સરળતાથી મળે છે જે ઘણાય વિકારનો સામનો કરવાની ક્ષમતા આપે છે. બાળકોને પણ ક્ષમતાવાન બનાવે છે. સુવાવડ પછી કમરના દુઃખાવા, વાળ ખરવા, કળતર થવી વગેરે દૂર થાય છે.

### દશમૂલ કાઢી બનાવવા માટેની ઔષધી

ગંભારી – (શીવણ – મેલીની આરબોરીયા) – આ વનસ્પતિનો પાઉડર મળી રહે છે. આ સુપર બ્રેનટોનિક છે, દુઃખાવા, સોજા, બળતરાને શાંત કરે છે. વાળનો ગ્રોથ વધારે છે. વાઈરસ, કૉલેરા, ઝાડા, વિકનેસ, હાડકાંની મજબૂતી કરે છે. આર્ટરી કડક થતી બચાવે છે. લોહીને સુધારી હિમોગ્લોબિન વધારી દે છે. કેલ્શિયમ વધારી દે છે, જેથી દાંત આવવાની કે દાંતની તકલીફ દૂર કરે છે. આંતરડા સ્વચ્છ રાખે છે. ચામડીની ચમક વધારી દે છે. વિટામિન-સી- બી-૧, બી-૨ થાઈમીન હોવાથી ઘાવ ભરી દે છે. હાર્ટને મજબૂત કરે છે. આનો ઉપયોગ અવશ્ય થવો જોઈએ.

### ગોખરુ – (ટીબ્યુલસ ટેરેસ્ટીસ)

મૂત્રના બધા જ વિકાર સારા કરે છે. ગર્ભશૂળ – વાયુ કાઢે છે. શીઘ્રપતન, હરસ, ઈન્દ્રલુપ્ત (ઉદરી) જેવી બીમારી ઠીક કરે છે અથવા થવા દેતો નથી. નાડીની નબળાઈ દૂર કરે છે. પથરી તોડવામાં કે અંદરના બ્લોકેઝ દૂર કરે છે.

### સ્ક્ષપર્ણી – (આલ્રટોનીયા સ્કોલેરીસ)

ધાવણ શુદ્ધ કરવા, પેશાબ ઘાટો આવતો હોય તો તેને શુદ્ધ કરવા, ઝેર કાઢવા, ઘા ભરવા, ખાંસી, દમ, દાંત કૃમિ માટે અતિ ઉપયોગી છે.

પાટલા – (સ્ટેરીયોસ્પમમ ટેટ્રાગોનમ), મૂત્રવિકાર, મૂત્રઘાત, બ્લડ ડીસઓર્ડર, તાવ, અસ્થમા, પાઈલ્સ, ગેસ્ટ્રીક અસર, હેડકી, પથરી, બળતરાને દૂર કરે છે. આના ફૂલનો ગુલકંદ દરેક વિકાર દૂર કરે છે. આનો પાઉડર કાઢામાં નાખવો.

ચિત્રકઃ (પ્લુમબગી જેલેનીયક)
અતિ મહત્ત્વની છે. મસલ્સને રિલેક્સ કરે છે. ફેટ ડિપોઝિટ થવા દેતી નથી, લોહીભ્રમણ સુધારે છે. આંખોનું તેજ વધારે છે. કૃષ્ઠરોગ કે ચામડીના વિકાર કાઢે છે. કફને સુધારે છે. સોજા કાઢી નાખે છે. આર્થરાઈટીસ માટે રામબાણ છે. ઉંદરનું ઝેર ઉતારે છે, હાથીપગમાં લાભદાયક છે. ધાવણ વધારે છે, ભૂખ લગાડે છે.

પૃશ્નિ પર્ણી – (યુરેરિયા પીક્ટા) પીઠવણ
ગર્ભને ખરાબ બેક્ટેરિયાથી બચાવે છે. સ્ટ્રોંગ જીવાણું નાશક છે. આંખોનું તેજ વધારે છે. હાડકાં મજબૂત કરે છે. તૂટેલા હાડકાંને જોડે છે. એકાતરી તાવ દૂર કરે છે. તરસનો રોગ દૂર કરે છે. હરસ કફ માટે લાભદાયી છે.

નરવેલ (પ્રેના સેરોટક ફોલિયા) અરણી – પાવરફૂલ વનસ્પતિ છે. વજન ઘટાડવા, લોહી સાફ રાખવા, કબજિયાત રહેવા દેતો નથી. પચવાની ક્ષમતા વધારે છે. ગર્ભટોનિક છે.ઊભી રીંગણીઃ ઊલટી, તાવ, પેટનો દુઃખાવો, શરીરના દુઃખાવા, ડાયેરીયા, અસ્થમા પર કામ કરે છે. કાર્ડિયાક ડિસઓર્ડર માટે કામ કરે છે. બાળકની ઈમ્યુનિટી વધારી દે છે.

નાગરમોથ – (સાઈપરસ રોટન્ડસ)
ઝાડા, તરસ, કફ, ખાંસી, લોહીવાળા ઝાડા, વાઈ, પ્લેટલેટ વધારવા, ઘાવ ભરવા, કીડનીને સાફ રાખવા, અંધાપો દૂર કરે છે. હિમોગ્લોબિન વધારે છે. આંખનું ચાંદુ દૂર કરે છે. કેન્સરને દૂર કરે છે. વાઈરસથી લડે છેવિદારી કંદઃ સ્તનવૃદ્ધિ કરે, વીર્યપુષ્ટિ કરે, શક્તિવર્ધક, ભસ્મક રોગ દૂર કરે છે. કેલ્શિયમ અને પોટેશિયમની ચેનલ એક્ટિવ કરે છે. કાર્ડિયા વાસ્કુલર માટે અતિ ઉપયોગી છે. રક્તશુદ્ધિ, સંગ્રહણી, પિત્તશૂલ આમવાત માટે ઉપયોગી છે. આ અતિ ગુણવાન વનસ્પતિ છે.આવા અનેક ઔષધો જે દશમૂલમાં વાપરી શકાય છે. ગુડમાર, અશ્ર્વગંધા, કંટકારી, વાયવરણો, વાવડીંગ, વજ્રદંતી, સુદર્શન, ઉપલસર, હરીદ્રા, આમળા, ગડચી, અનંતમૂલ, પરીપાક.દશમૂલ, પંચમૂલ, ચર્તુથમૂલ, લઘુમૂલ જેવા કાઢા ઉપરની ઔષધી નાખી બનાવી શકાય છે. સુવાવડીની ક્ષમતા અનુસાર આ કાઢા કે ઓસડિયા જરૂરી છે. જે ગર્ભને શુદ્ધ કરી દે છે. ઈમ્યુનિટી વધારી દે છે. એનિમિયા જેવી બીમારી થતી નથી, બાળકનો વિકાસ કરે છે. આ કાઢા લેવાથી ધાવણમાં વધારો થાય છે. ધાવણમાંથી આ ઔષધો બાળકને મળે છે જે તેની ઈમ્યુનિટી વધારી દે છે. આ વિશે જાણકારી હોવી જરૂરી છે. જે આવનાર પેઢી અને માતાના સ્વાસ્થ્ય માટે જરૂરી છે. બજારમાં દશમૂલ કાઢો તૈયાર મળે છે પણ તેમાં કોઈપણ પ્રકારના પ્રિઝર્વેટિવ ન હોવા જોઈએ. બધા પાઉડર ગાંધીની દુકાને મળે છે તેને પાણીમાં ઉકાળી કાઢો બનાવો.

## તંત્રી લેખ...

શુક્રવાર, તા.૨૫ એપ્રિલ ૨૦૨૫

# પહેલગામ બાદ

પહેલગામની બૈસરન ઘાટીમાં થયેલ આતંકી હુમલો એટલો દુઃખદ અને ચિંતાજનક છે કે તેને ભૂલાવી નહી શકાય અને ભૂલવો પણ ન જોઈએ. ધર્મ જોઈને નિશાનો બનાવીને કરવામાં આવેલા આ હુમલાના જેટલા ઉજાગર પાસાં છે, તેટલાં છૂપાં પણ છે. પહેલું ઉજાગર પાસું એ છે કે સીમા પાર સત્તા પ્રતિષ્ઠાનનો ભારત વિરોધ ફરી બેશરમીથી ઉઘાડો પડી ગયો. બીજું પાસું, આપણી સુરક્ષા વ્યવસ્થામાં થોડો આશ્વસ્ત ભાવ આવી ગયો છે. ત્રીજું પાસું, કાશ્મીરી માનસ આ વખતે આતંક વિરુદ્ધ લગભગ એકજુટ દેખાયું છે. ચોથું પાસું, સરકાર પૂરતા સંયમ સાથે કોઈ મોટા પગલા પર વિચાર કરી રહી છે. પહેલો નિહિતાર્થ એ છે કે ભારતની પ્રગતિ અને શાંતિના દુશ્મન સક્રિય થઈ ગયા છે. અમેરિકી ઉપ-રાષ્ટ્રપતિ જેડી વેન્સની ભારત યાત્રા અન ભારતીય વડાપ્રધાનની સઉદી અરબ યાત્રાથી દુશ્મનો ખીજાયા છે. માત્ર પાકિસ્તાનની તાજી પ્રતિક્રિયાને જ જોઈએ તો અંદાજો લાગી જાય છે કે આપણી આસપાસ શું દલાયું છે. ભારતીય સંસદ પર થયેલ હુમલા અને મુંબઈ હુમલા બાદ આપવામાં આવેલ આશ્વાસનોને પડોશી દેશે ફરીથી ભૂલાવી દીધા છે.

વાસ્તવમાં આપણા પ્રત્યે સદાય દ્વેષથી પ્રેરિત દેશ કાશ્મીરના વિષયને વિશ્વ પટલ પર જીવિત રાખા માગે છે. આપણા પહેલા વડાપ્રધાનની એક ભૂલ આજે દેશને કેટલી ભારે પડી રહી છે! હાલમાં જ પાકિસ્તાનના સેના અધ્યક્ષે પોતાના ઈરાદા ખુલ્લા જાહેર કર્યા હતા. દર થોડા વર્ષોના અંતરે પાકિસ્તાનમાં એવા સૈન્ય જનરલોની એક ખેપ આવે છે, જે પોતાના દેશના પૂર્વના અનુભવોને ભૂલાવી દે છે અને નવી બદનામી કમાવા તરફ દોરી જાય છે. પહેલગામમાં થયેલી કાયરતા પાકિસ્તાની સત્તા પ્રતિષ્ઠાનની ખીજ કે નિરાશાનું પરિણામ હોય તો આશ્ચર્ય નહી. ભારત સરકારની રક્ષા અને સુરક્ષા એજન્સીઓએ એ આતંકીઓ પર જલ્દી સકંજો કસવો જોઈએ, જેમણે આ આતંકી ઘટનાને અંજામ આપ્યો છે. આતંકીઓ પ્રત્યે ઝીરો ટોલરન્સની સાથે જ એવી તમામ જગ્યાએ પોલીસને તૈનાત કરવાની જરૂર છે, જ્યાં સહેલાણીઓ મોટી સંખ્યામાં ભેગા થાય છે. એવી જગ્યાઓ પર સીસીટીવી કેમેરા પણ લગાવવા જોઈએ. આપણા માટે સુરક્ષા પ્રાથમિકતા છે. દરેક જગ્યાએ સુરક્ષાકર્મી ન લગાવી શકાય, પરંતુ સુરક્ષાના ડિજિટલાઈઝેશનને તેજ કરવાની જરૂર છે. એક મોટું સ્થાયી રોકાણ ઈલેક્ટ્રોનિક નિરીક્ષણ માળખામાં કરવાનો સમય આવી ગયો છે. કાશ્મીરના મોટા પર્યટન સ્થળોના સુરક્ષા તંત્રની સાથે જ સ્થાનિક નાગરિક શક્તિને જોડીને હુમલાની ગુંજાશનો અંત કરી શકાય છે. આ કામ રાજ્ય સરકારે પોતાના સ્તરે સુનિશ્ચિત કરવું જોઈએ. જોકે આતંકવાદ મુદ્દે જમ્મુ-કાશ્મીરની સ્થાનિક રાજ્ય સરકારોનો રેકોર્ડ તો બદનામ જ છે. તેથી કાશ્મીરને હંમેશ માટે સેના અને અર્ધસૈનિક દળોના લોખંડી જાપ્તા હેઠળ જ રાખવું યોગ્ય છે. કેન્દ્ર સ્તર પર સરકાર ગંભીર લાગી રહી છે અને લોકો ઠોસ પરિણામની આશા આ જ સરકાર પાસેથી રાખી રહ્યા છે. સ્થાનિક કાશ્મીરીઓએ પણ સમજી લેવું પડશે કે આતંકના પરિણામે જ આજે તેમણે ભોગવવાની વારી આવી છે. તેમણે પોતાના ખરાબ દોરને યાદ કરી લેવો જોઈએ અને આતંક વિરુદ્ધ શક્ય તેટલી મદદ સુરક્ષા દળોને કરવી જોઈએ.

# માતૃભાષામાં શિક્ષણનું પુરું થતું સ્વપ્ન

ભારતીય ભાષાઓમાં વાંચવા-લખવા-ભણવા ઈચ્છુકો માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી)એ મોટી ભેટ આપી છે. યુજીસીએ તમામ વિશ્વવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોને સ્થાનિક ભાષઓમાં શિક્ષણ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી છે. વિદ્યાર્થીઓને એ સરળતા કરી આપી છે કે ભલે તેઓ અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય પરંતુ ઈચ્છે તો પરીક્ષા પોતાની માતૃભાષામાં આપી શકે છે.૧૯૧૬માં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના સમારોહમાં મહાત્મા ગાંધીજીએ પોતાની ભાષાઓમાં ભણાવવા અંગે જણાવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, તેઓની માતૃભાષામાં શિક્ષણ અપાતું ન હોય તો તેઓ આંદોલન કરે. રામમનોહર લોહિયા પણ પોતાની ભાષાઓ માટે સતત સંઘર્ષરત રહ્યા હતા. તેમનું માનવું હતું કે, અંગ્રેજી જ ભ્રષ્ટાચારની જનની છે, કારણ કે જયારે પ્રજાને સમજમાં ન આવે કે શું લખવામાં આવ્યું છે, કોર્ટ કચેરીમાં કયા મુદ્દે કેવી ચર્ચા થઈરહી છે ત્યારે પ્રજાને ગુમરાહ કરવી આસાન થઈ જાય છે.

શિક્ષણવિદ દૌલતસિંહ કોઠારીએ ૧૯૬૬માં શિક્ષા આયોગના ચેરમેનના રૂપમાં ભલામણ કરી હતી કે ન ફકત સ્કૂલનું શિક્ષણ પરંતુ ઉચ્ચ શિક્ષણ પણ વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં આપવામાં આવે. તમામ માટે સમાન શિક્ષા હોવાની વાત વચ્ચે માતૃભાષાનો મામલો કમજોર બની ગયો છે. કેટલીક ખાનગી સ્કૂલોમાં હિન્દી બોલવા પર પ્રતિબંધ લદાયો છે. અફસોસની વાત છે કે આ બાબતને સ્વતંત્રતા અને અભિવ્યકિતની આઝાદીની આણ આપનારા બુદ્ધિજીવીઓ માત્ર જોઈ રહ્યા છે!જો કે કોર્ટ-કચેરીમાં ભારતીય ભાષાનો પ્રભાવ પડી રહ્યો છે. બે-એક માસ અગાઉ મુખ્ય ન્યાયાધીશ ડીવાઈ ચંદ્રચુડ દ્વારા સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણયોને ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય આ વાતનું પ્રમાણ છે. તેનાથી ઉચ્ચ ન્યાયાલય પણ પોતપોતાના રાજયોની ભાષાઓમાં નિર્ણય આપવા માટે પ્રોત્સાહિત થયા છે.નોંધનીય બાબત એ છે કે વિદેશી વિશ્વવિદ્યાલયોની શરુઆત કયાંક અંગ્રેજીની દોડને વધુ ઝડપી ન બનાવે. આથી સરકાર અને સમાજ બંનેએ શિક્ષણની ભાષા મામલે સચેતતા દાખવવી જરુરી છે. મહાત્મા ગાંધીએ કહયું હતું કે, વિદેશી ભાષાના દબાણે વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી પોપટ બનાવી દીધો છે. જેનાથી વિદ્યાર્થીની રચનાત્મકતા બહાર આવતી નથી. આથી યુજીસીના ફકત આદેશથી કામ નહીં ચાલે. આ માટે કેન્દ્ર સરકારે એક નિયામક સંસ્થા બનાવવી જોઈએ. અહીં કોઈપણ ભાષાને લાદવાનો પ્રશ્ન નથી પરંતુ શિક્ષણ, શોધ, પ્રશાસન અને ન્યાયાલયમાં ભારતીય ભાષાઓમાં તે લોકનો હકક અપાવવાનો છે જેને આપણે લોકતંત્ર કહીએ છીએ.

### અનુચ્છેદ ૩૭૦ એમ વિચારીને પણ હટાવવામાં આવી

# જેહાદી આતંકનો ઉપચાર

કાશ્મીરના પહેલગામમાં પર્યટકોને તેમના ધર્મના આધાર પર નિશાનો બનાવીને કરવામાં આવેલ આતંકી હુમલામાં ૨૮ લોકોના જીવ ગયા અને કેટલાય ઘાયલ થઈ ગયા. આતંકીઓએ હત્યા કરતાં પહેલાં પુરુષ પર્યટકોને પૂછ્યું કે તે હિંદુ છે કે મુસલમાન? પુરુષ પર્યટકોનાં કપડાં ઉતારીને એ પુષ્ટ કર્યું કે તે મુસ્લિમ તો નથી. કેટલાક પર્યટકોને કલમા પઢવાનું પણ કહેવાયું અને એવું કરવામાં અસમર્થ લોકોની હત્યા તેમની પત્ની અને બાળકો સામે જ કરી દીધી. આ આતંકી હુમલાની કેટલીય હૃદયવિદારક તસવીરો સામે આવી છે. ક્યાંક ત્રણ વર્ષનું બાળક પોતાના પિતાના લોહીલુહાણ શબ પર બેસી રડી રહ્યું છે તો ક્યાંક ભારતીય નૌસેનાના એક અધિકારીની નવવધૂ પોતાના મૃત પતિના શબ પાસે અસહાય બેઠી છે. મૃતકો અને ઘાયલોમાં ગુપ્તચર વિભાગના એક અધિકારી, ભારતીય નૌસેના, વાયુસેના વગેરે સુરક્ષા દળો સાથે જોડાયેલા અધિકારી પણ સામેલ છે, જે પોતાના પરિવારોની સાથે રજાઓ ગાળવા પહેલગામ ગયા હતા. અંદેશો છે કે આતંકીઓને પર્યટન વ્યવસાય સાથે જોડાયેલા સ્થાનિક લોકોએ તેમના ત્યાં હોવાની બાતમી આપી હોય. આ આતંકીઓને આશરો પણ સ્થાનિક લોકોએ જ આપ્યો હશે.

આવું પહેલી વાર નથી બન્યું કે સ્થાનિક લોકો દ્વારા આતંકીઓ માટે તેમના લ-યની નિશાનદેહી કરવામાં આવી હોય. આનાપ હેલાં વડાપ્રધાન પુનર્વાસ પેકેજ દ્વારા કાશ્મીરમાં સરકારી નોકરીઓ પર મોકલવામાં આવેલા કાશ્મીરના વિસ્થાપિત હિંદુઓની પણ તેમના જ સાથી કર્મીઓની બાતમીને કારણે હત્યાની ઘટનાઓ બની ચૂકી છે. આવા જ ગદ્દારોને કારણે સૈન્ય દળો પર પણ કેટલાય હુમલા થઈ ચૂક્યા છે. કાશ્મીરમાં હિંદુઓને નિશાનો બનાવવાની આ પહેલી ઘટના નથી. જૂન ૨૦૨૪માં રિયાસીમાં શિવખોડી મંદિરથી પરત ફરી રહેલી તીર્થયાત્રીઓની બસ પર આતંકીઓએ ઘાત લગાવીને હુમલો કર્યો હતો. કાશ્મીરી સમાજમાં આતંકી સંગઠનોની પહોંચ એટલી ઊંડી છે, તેને એના પરથી સમજી શકાય છે કે આ વર્ષે જ જમ્મુ-કાશ્મીર સરકારના પાંચ કર્મચારીઓને નોકરીમાંથી એટલા માટે હાંકી કઢાયા હતા, કારણ કે સરકારમાં રહીને પણ તેઓ આતંકી સંગઠનો માટે કામ કરી રહ્યા હતા. એવા બીજા સરકારી કર્મચારીઓ પણ છે, જેઓ આતંકી સંગઠનો સાથે મળેલા હોવાની શંકામાં તપાસ ચાલી રહી છે. કાશ્મીરમાં ફેલાયેલા ઈસ્લામી કટ્ટરપંથનું આ એ સત્ય છે, જે મોટાભાગે બાકી દેશની જનતા સુધી પહોંચવા દેવામાં નથી આવતું.

અનુચ્છેદ ૩૭૦ એમ વિચારીને પણ હટાવવામાં આવી હતી કે દેશનો કોઈપણ નાગરિક અન્ય રાજ્યોની માફક ઈચ્છે તો કાશ્મીરમાં પણ વ્યવસાય સ્થાપિત કરી શકશે કે જ્યારે ચાહે ત્યાં આવાજાહી કરી શકશે. કાશ્મીરમાં ઊંડે સુધી વ્યાપ્ત ઈસ્લામિક કટ્ટરપંથને કારણે એવું થવું આજ સુધી સંભવ નથી બની શક્યું અને પીએમ પેકેજ દ્વારા નોકરી કરવા મોકલાયેલા કાશ્મીરના જ મૂળ નિવાસી હિંદુઓની પણ નિશાનો બનાવીને હત્યાઓ થઈ. આ સાબિત કરે છે કે કાશ્મીર માત્ર રાજકીય કે બંધારણીય સમસ્યા નથી અને ના તેને પારંપરિક સૈન્ય કાર્યવાહીથી નિયંત્રિત કરી શકાશે. કાશ્મીરમાં ત્યાં સુધી પૂર્ણ રૂપે શાંતિ નહી સ્થપાય, જ્યાં સુધી જેહાદી કટ્ટરપંથથી ગ્રસ્ત કાશ્મીરીઓનો વૈચારિક ઉપચાર ન થાય. ચીન પોતાના મુસ્લિમ બહુમતી શિનજિયાંગ પ્રાંતમાં આ જ કરી રહ્યું છે. ચીનની કમ્યુનિસ્ટ સરકાર અલગતાવાદી અને આતંકી વિચારધારાની ચુંગાલમાં ફસાઈ ચૂકેલા લોકોને પુનર્શિક્ષણ કેમ્પોમાં મોકલે છે. આ કેમ્પોમાં એવા લોકોના મન-મસ્તિષ્કમાં ભરાઈ ગયેલી કટ્ટરપંથી જેહાદી વિચારધારાને દૂર કરવામાં આવે છે અને તેમને બિન-મુસ્લિમો પ્રત્યે માનવીય સંવેદનાઓ રાખવાનું શિક્ષણ આપવામાં આવે છે. ચીનના આ એકલા મુસ્લિમ બહુલ પ્રાંતમાં ઈસ્લામી શિક્ષણ પર સરકારી નિયંત્રણો છે અને ત્યાંના મસ્જિદ-મદરેસાઓમાં ઈસ્લામી માન્યતાઓ કે મજહબી શિક્ષણના નામે કોઈપણ એવી ચીજ નથી પઢાવી શકાતી, જેનાથી બિનમુસ્લિમો પ્રત્યે ઘૃણાની ભાવના પાંગરે અથવા મજહબના નામે ચીનથી અલગતાવાદની માનસિકતા જન્મ લે. આ જ કારણ છે કે જ્યાં કેટલાય યુદ્ધ લડ્યા બાદ પણ ઈઝરાયલ જેહાદી આતંકને સંપૂર્ણ રીતે નષ્ટ નથી કરી શક્યું, ત્યાં જ ચીને શિનજિયાંગમાં ઈસ્લામી આતંકવાદને સંપૂર્ણ કાબૂમાં કરી લીધો છે. દુર્ભાગ્યે જમ્મુ-કાશ્મીરમાં દાયકાઓથી આતંકવાદ સામે ઝઝૂમતા ભારતે સેંકડો નાગરિક અને સુરક્ષા દળોના જવાનો ગુમાવ્યા બાદ પણ જેહાદી આતંકની

વિચારધારાના સ્રોતો પર કોઈ લગામ નથી લગાવી.

કમ્યુનિસ્ટ ચીનને છોડો, હવે તો ઉદારવાદી ફ્રાન્સ અને જર્મની સુદ્ધાં કટ્ટરપંથી મસ્જિદોને તાળાં મારી રહ્યા છે, પરંતુ ભારતમાં એના પર કોઈ ચર્ચા સુદ્ધાં સંભવ નથી થઈ શકતી. પહેલગામમાં ભીષણ આતંકી હુમલો પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ આસિમ મુનીરના એ ભાષણના એક અઠવાડિયામાં જ થયો, જેમાં તેમણે હિંદુઓ અને ભારત વિરુદ્ધ ભારે ઝેર ઓક્યું હતું. તેમણે ઝીણાના નફરતી દ્વિરાષ્ટ્રવાદના સિદ્ધાંતનું પણ સમર્થન કર્યું હતું. પુલવામા હુમલા અને બાલાકોટમાં ભારતની જવાબી કાર્યવાહી બાદથી પાકિસ્તાની સેના જમ્મુ-કાશ્મીરમાં નાના આતંકી હુમલા કરાવી રહી હતી અને કોઈ મોટા આતંકી હુમલાથી બચી રહી હતી. એવામાં અચાનક પાકિસ્તાનમાં આ દુસ્સાહસ કરવાની હિંમત ક્યાંથી આવી? સંભવતઃ પાકિસ્તાનને લાગે છે કે બાંગ્લાદેશમાં ભારતની વિપરીત હાલતને કારણે અને એલએસી પર ભારતીય સેનાની ચીની સેના સાથે તણાવની સ્થિતિનો તે ફાયદો ઉઠાવી શકે છે.

એ પણ ધ્યાન આપવા યોગ્ય છે કે પાકિસ્તાની સેના બલૂચિસ્તાન અને ખૈબર-પખ્તૂનખ્વામાં બલૂચ અને પશ્તુન વિદ્રોહીઓ સામે વારંવાર માત ખાઈ રહી છે. હાલમાં જ બલૂચ રાષ્ટ્રવાદીઓએ કેટલાય દિવસો સુધી પાકિસ્તાની સૈનિકોને લઈ જતી ટ્રેનને બંધક બનાવીને રાખી હતી. આ બધાથી ખીજાયેલા મુનીરે કહેવું પડ્યું તું કે ૧૫૦૦ બલૂચ વિદ્રોહી પાકિસ્તાની ફોજનું કશું બગાડી નહી શકે. ભારતે પાકિસ્તાન વિરુદ્ધ એવી સૈન્ય કાર્યવાહી કરવી જોઈએ, જેનાથી પાકિસ્તાને મજબૂર થઈને પોતાના સૈનિક બૂલચિસ્તાન અને ખૈબર-પખ્તુનખ્વાથી હટાવીને ભારતીય સીમા પર લાવવા પડે અને તેનો લાભ બલૂચ અને પશ્તુનો ઉઠાવી શકે. પાકિસ્તાનની ચોતરફી ઘેરાબંધી કરવી જોઈએ.

### નામની ઘોને મારવાનો મોકો છે.

# ધર્મ પૂછીને માર્યા, હવે ધર્મ બતાવીને મારીશું!

### સિંધુ નદીનાં પાણી બંધ કરવાથી કે વાઘા બોર્ડર બંધ કરવાથી નાપાક હરકતો બંધ નહી જ થાય.

સમગ્ર દેશમાં ભારેલા અગ્દ્ધિ જેવી સ્થિતિ છે. આક્રોશ, અજંપો અને અસંતોષ દરેક ભારતીયની આંખમાં જોવા મળે છે. પહેલગામ એ હિંદુઓની આસ્થાનું પ્રતીક એવા બાબા અમરનાથની યાત્રાનું પ્રવેશ દ્વાર છે. ધરતી પરનું સ્વર્ગ એવું કાશ્મીર ફરી એકવાર કટ્ટર ધર્માંધ લોકોના કારણે લોહીઝાણ બન્યું છે. કલમ ૩૭૦ની નાબૂદી અને હમણાં જ સુખરૂપ થયેલી ચૂંટણીઓ પછી કાશ્મીરમાં હવે સબ સલામત છે એવા ભ્રમને કારણે જન્નતને માણવા આવેલા સહેલાણીઓ જન્નતનશીન થઈ ગયા. કોણ કહે છે આતંકવાદીને ધર્મ નથી હોતો? કહેવાતા સેક્યુલર અને બૌદ્ધિક લોકોએ બિનસાંપ્રદાયિકતાના ઢોલ પીટી પીટીને દેશને ખોખલો કરી દીધો છે. જો આતંકવાદીને કોઈ ધર્મ ન હોય તો બિચારા નિર્દોષ સહેલાણીઓને શા માટે નામ પૂછ્યું, ધર્મ પૂછ્યો? અરે શંકા પડી તો કલમા પણ પઢાવ્યા.

જડબુદ્ધિના ધર્માંધોએ ધર્મ પૂછી સહેલાણીઓને ગોળીથી વીંધી નાખ્યા. કાશ્મીર ખીણમાં સ્થપાતી શાંતિના કબૂતરો ઊડી ગયા છે. પાકિસ્તાનમાં બેસી રિમોટ કંટ્રોલથી આતંકવાદીઓને દોરનાર આઈએસઆઈ અને પાકિસ્તાનના ભારત વિરોધી ઝેર ઓકનારા આકાઓને દુનિયા જાણે જ છે. ભારતે અનેકવાર રજૂઆત કરી કે કાશ્મીરમાં આતંક ફેલાવનાર પાકિસ્તાન જ છે. કોઈને કોઈ કારણોસર ભારતવિરોધી લોબી પાકિસ્તાન આતંકીઓને શરણ આપી રહ્યું છે એવું ન માનવા માટે અત્યાર સુધી સફળ રહી છે. પગ નીચે રેલો આવે ત્યારે જ ખબર પડે એ ન્યાયે ૯/૧૧ના હુમલા પછી અમેરિકા સ્વીકારતું થયું. પરંતુ ભારતમાં આતંકનો અગ્દ્ધિ પ્રગટેલો રહે તે માટે શસ્ત્રોનું સોદાગર એવું અમેરિકા નફ્ફટ થઈ પાકિસ્તાનને શસ્ત્રો પણ પધરાવે છે.

ચીન તો વર્ષોથી ભારતનું દુશ્મન જ છે. ભારતને મહાસત્તા બનતાં અટકાવવા માટે પાકિસ્તાનનો હથિયાર તરીકે ઉપયોગ કરતું ચીન અત્યારે ટ્રમ્પના ટેરિફ વોરને કારણે બરાબરનું ભેરવાયું છે. અમેરિકાએ પણ ભારતની મલ્ટીનેશનલ બજારને ધ્યાનમાં રાખી ભૂખડીબારસ પાકિસ્તાનના બદલે ભારતના પક્ષે ઊભા રહેવું પડે તેવી સ્થિતિ છે. યુરોપના દેશો અત્યારે પોતે જ ઘરઆંગણે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં ભેરવાયા છે. રશિયા પોતે પણ યુક્રેનના મુદ્દે ભેરવાયું છે ત્યારે ભારત માટે પાકિસ્તાન

નામની ઘોને મારવાનો મોકો છે. લોહા ગરમ હૈ, માર દો હથોડા કરી પાકિસ્તાનને ધૂળ ચાટતું કરી દેવાનો આ મોકો જો ચૂક્યા તો આવા અનેક હુમલા થતા આવ્યા છે ને થતા રહેશે. ઈઝરાયલ કોઈને પૂછવા જાય છે કે હુમલો કરું કે નહીં? ઉત્ર્ન?ૌર્ખ ૈર્જૂર્ૈખ્ર્ ર્ઌ શ થ્રૂ્ અમથું નથી કહેવાયું.

સિંધુ નદીનાં પાણી બંધ કરવાથી કે વાઘા બોર્ડર બંધ કરવાથી નાપાક હરકતો બંધ નહી જ થાય. ટચૂકડા એવા ઈઝરાયલ પાસેથી શીખવા જેવું છે કે લાતોં કે ભૂત બાતોં સે નહી માનતે! કંઈપણ વાણીવિલાસ કર્યા વગર દુશ્મનના ઘરમાં જઈ તેમને મારવાની રણનીતિ શીખવાની જરૂર છે. શબ્દોની ગોળીઓ છોડવામાં હોંશિયાર રાજકારણીઓ વર્ષોથી અજગરની જેમ ભરડો લઈ રહેલા આતંકવાદને ડામવામાં વામણા પૂરવાર થઈ રહ્યા છે. કાશ્મીરમાં સબ સલામત નથી જ. પહેલગામની ઘાટીઓમાં સૈન્ય સુરક્ષા કેમ ન હતી? ગમે ત્યારે આતંકી હુમલો થશે એવી ગુપ્તચરો દ્વારા અપાયેલી માહિતી હોવા છતાં પ્રવાસીઓની સુરક્ષા વ્યવસ્થા કેમ ન હતી? આવા ઘણા સવાલો પૂછાઈ રહ્યા છે. કેન્દ્રીય કેબિનેટ સુરક્ષા સમિતિ (સીસીએસ) દ્વારા લેવાયેલા નિર્ણયો તો ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવા જેવા છે.

સ્થાનિક લોકોની સંડોવણી વગર આતંકીઓ આવી રીતે ઘૂસી જ ન શકે. સરહદ પાર કરીને આવેલા આતંકીઓને કોઈક તો પનાહ આપી રહ્યું હશે ને? કહે છે કે આ ટુરિસ્ટ પોઈન્ટની અનેકવાર રેકી કરીને પછી પ્લાન ઘડાયો હતો. આતંકી હુમલાની જવાબદારી ટીઆરએફે લીધી છે જે આતંકી સંગઠનનું નવું નામ છે. સંગઠનોના નામ બદલાય પણ તેની પાછળનો દોરીસંચાર કોનો છે તે કોઈથી અજાણ્યું નથી. ભારતના ભાગલાની સાથે નાસુરની જેમ મળેલો કાશ્મીરનો ખીણ પ્રદેશનો ઘા હવે વધુને વદુ વકરી રહ્યો છે. પાકિસ્તાનની મહાબદમાશ આઈએસઆઈ સંસ્થા વિભાજનવાળી કડવાશને વધુને વધુ ઘૂંટી ઝેર ઓકી રહી છે. આઈએસઆઈના આકાઓ પાકિસ્તાનના શાસકોને કઠપૂતળી બનાવી શાસન કરી રહ્યા છે. થોડા સમય પહેલાં પાકિસ્તાનના લશ્કરી વડાએ કરેલું વિધાન ‘કાશ્મીર તો ગળાની નસ છે’ બહુ સૂચક છે. પાકિસ્તાનમાં બંદૂકો લઈ નિર્દોષોને મારવા દોડી જનારા અને છેવટે જન્નતની હૂર મળશે એમ કહી પોતે પણ મરી જનારા બેવકૂફોની કમી નથી. ભૂખડીબારસ એવા પાકિસ્તાનમાં કોઈ ૫૦૦ રૂપિયા આપે તો ખુદના ઘર ઉપર પણ પથ્થરમારો કરી આવે એવા અક્લના ઈસ્કોતરાઓ છે. તેમને ધર્મને નામે ઉશ્કેરવા બહુ આસાન છે.

હાફિઝ સૈયદ હજી ભારતના હાથમાં આવ્યો નથી. મસૂદ અઝહરને વાજતેગાજતે કંદહાર મૂકી આવ્યાના જખમ હજી રૂઝાયા નથી. ભારતની પ્રજા ‘જમીન’, ‘બેબી’, ‘ગદર’ અદ્ધે એવી કોઈ કાલ્પનિક કથા જેમાં હિંદી સિનેમાના વીર હીરો પાકિસ્તાન જઈ દાંત ખાટા કરી આતંકીઓનો સફાયો કરી આવે એ જોઈને જ રાજી થઈ જાય છે. ગ્રાઉન્ડ રિયાલિટી જુદી છે. સમગ્ર દુનિયા હવે એકજુટ થઈ આતંકીઓનો સફાયો કરવા માટે તૈયાર થતી હોય તો રાહ કોની જોવાની? લાંબા ગાળે સહિષ્ણુતા કાયરતામાં ખપે છે એ ભૂલવું ન જોઈએ. મુસ્લિમોની વોટબેંકને અવગણીને દેશહિત માટે સર્વાનુમતે કોઈ નક્કર પગલાં લેવાં જ જોઈએ એવી પ્રત્યેક ભારતીયની પ્રબળ માંગ છે. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.

### મનગમતાં ચૂંટણી પરિણામ નહિ મળવાથી રાહુલ ગાંધી કુંઠિત થઈ ગયા હોવાનું સમજાય છે

# ટેરરિઝમને ટુરિઝમના ગુલદસ્તા નહીં હરાવી શકે

## વિદેશ યાત્રા પર રાહુલ ગાંધીએ પહેલી વાર દેશવિરોધ નથી કર્યો, જેનાથી દેશિને છબિને મલિન કરવાનું કામ કર્યું હોય.

કાશ્મીરમાં પહેલગામના બૈસરન મેદાનમાં નિઃશસ્ત્ર પર્યટકો પર કરાયેલ આતંકવાદી હુમલો સતત ચાલી રહેલા જેહાદી આતંકવાદની એક ગંભીર યાદ દેવડાવે છે. આ હુમલો કાશ્મીરમાં જાતીય સંહાર (જેનોસાઈડ)ના અતીતની નિરંતરતા છે. આ વિચારધારા એ ઝેરમાં સમાયેલી છે, જેણે ૧૯૯૦ના દાયકામાં કાશ્મીરી પંડિતોના નરસંહાર અને જાતીય સફાયાને પ્રેરિત કર્યો હતો. આ ધર્મપ્રેરિત માનસિકતા કાશ્મીરની હવાઓમાં આજે પણ વહી રહી છે અને પહેલગામની ઘટના બાદ હવે આ મામલે કોઈ શંકા ન રહેવી જોઈએ. આઝાદી બાદથી જ સરકારો દ્વારા આ માનસિકતાને સતત નકારવાનું જ પરિણામ છે કે આ હિંસા અનિયંત્રિત રૂપે અંદરોઅંદર જ વધતી ગઈ છે.

આખા દેશને ખબર પડવી જોઈએ કે કાશ્મીરમાં જેનોસાઈડ ક્યારેય ખતમ નથી થયો. તે બિલકુલ ચાલુ જ છે અને કાશ્મીરમાં જે આતંકી ઘટના બની તે એનું વર્તમાન રૂપ છે. સરકારે સંસદમાં જેનોસાઈડનો સામનો કરવા માટે કાયદો લાવવો જોઈએ.

સરકારે પોતાની કાશ્મીર નીતિમાં કંઈ સંશોધન લાવવા પર પણ વિચાર કરવો જોઈએ. ટેરરિઝમ વિરુદ્ધ ટુરિઝમ પર આધારિત કોઈપણ નીતિ કાશ્મીરમાં સફળ નહીં થઈ શકે. આતંકવાદને પર્યટનથી ખતમ નહીં કરી શકાય.



કાશ્મીરમાં પર્યટકોની સંખ્યા વધવાથી કે ફિલ્મોનું શૂટિંગ શરૂ થવાથી કશું જ થવાનું નથી. આ જે દુર્ઘટના થઈ, એ જ કાશ્મીરની હકીકત છે. પર્યટન અને લોકોનો ભરોસો વધવો તો આર્થિક અને સામાજિક પક્ષ છે. અસલમાં એવી ધારણા કે પર્યટન આતંકવાદને હલ કરી શકે છે, તે ખતરનાક અતિશયોક્તિ છે, જે આ વિચારધારા સાથે એક મજબૂત ટકરાવની આવશ્યકતાને ધૂંધળી બનાવી દે છે. કાશ્મીરની મૂળ સમસ્યા તો ત્યાંની ત્યાં જ છે, જે વારંવાર માથું ઉંચકે છે. તમે જુઓ કે કાશ્મીરમાં આતંકવાદનો એક નવો આયામ, જે છેલ્લા બે વર્ષથી છે, તે હવે જમ્મુ તરફ આવી ગયો છે. પહેલગામાં જે બર્બર ઘટના થઈ તે તો દુઃખદાયક છે અને છેલ્લા કેટલાક દાયકામાં થયેલ સૌથી મોટો આતંકી હુમલો છે. કાશ્મીરને વિભાજિત કરવું સમયની માંગ બની ગઈ છે, જેમાં ઘાટીને નવેસરથી પુનર્ગઠિત કરવાની જરૂર છે. આ દીર્ઘકાલીન ઉપાય છે, પરંતુ હાલમાં ઘનઘોર પગલાં ભરવાની જરૂર છે, તેના માટે કેન્દ્રએ નિયંત્રણ પોતાના હાથમાં લેવું પડે તો પણ પાછીપાની કરવી ન જોઈએ.

કહેવાય છે કે આ આતંકી હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ છે, જે બિલકુલ સાચું પણ છે. આપણે છેલ્લા ૩૫ વર્ષોથી જોઈ રહ્યા છીએ, પરંતુ સવાલ એ છે કે આપણે શું કરી રહ્યા છીએ? કાશ્મીરમાં કશું જ સામાન્ય નથી. જૂની સરકારોની તુલનામાં વર્તમાન સરકાર બહુ સારું કરી રહી છે, એમાં શંકા નહીં. આ જ કારણ છે કે કાશ્મીરી હિંદુઓ, વિસ્થાપિતો વગેરે તમામે સરકારના અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એ હટાવવાના ખુલીને અભિનંદન કર્યા. પરંતુ વાત ખતમ નથી થતી. કાશ્મીરી હિંદુઓમાં વર્તમાન હાલત પર ગુસ્સો છે, નારાજગી છે, પરંતુ આશાઓ પણ આ જ સરકાર પાસે છે.

કાશ્મીરી પંડિતો દ્વારા સામનો કરવામાં આવેલા ઐતિહાસિક અન્યાયને ઓળખવો અને ઉગ્રવાદનો મુકાબલો કરવા માટે એક સ્પષ્ટ રણનીતિ અપનાવવી સ્થાયી શાંતિની દિશામાં એક જરૂરી પગલું છે.

સરકારે નરસંહારને સ્વીકાર કરીને અને આતંકવાદને મૂળથી ખતમ કરવા માટે એક વ્યાપક દૃષ્ટિકોણ અપનાવીને આ ઈતિહાસનો સામનો કરવો જોઈએ. આતંકવાદની વૈચારિક અને પરિચાલન પાયાને નષ્ટ કરવા માટે દૃઢ ઉપાયોને લાગુ કરવા પડશે. માત્ર સત્ય, ન્યાય અને અતૂટ સંકલ્પના માધ્યમથી જ આપણે આગળની દુર્ઘટનાઓને અટકાવી શકીશું.

# રણવીરની 'સિમ્બા' અને અક્ષય કુમારની 'સૂર્યવંશી'ની સિક્વલ બનાવશે રોહિત શેટ્ટી

## 'દિલવાલે' પછી મેં અને શાહરુખે પોતાની ફિલ્મો અલગ કરવાનું નક્કી કર્યું

રોહિત શેટ્ટી તેના કોપ યુનિવર્સને આગળ વધારવાનો પ્લાન કરી રહ્યા છે. તેણે 'સિંઘમ', 'સિમ્બા' અને 'સૂર્યવંશી' જેવી ફિલ્મો બનાવી છે. ત્યારે તાજેતરમાં તેણે પોતાની આ કોપ યુનિવર્સ ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાના આયોજન અંગે વાત કરી હતી. રોહિત શેટ્ટીએ ખાતરી આપી છે

કે તે રણવીર સિંહની 'સિમ્બા'ની સિક્વલ બનાવશે. તેણે એવું પણ કહ્યું કે તે અક્ષય કુમારની 'સૂર્યવંશી'ની સિક્વલ પણ પ્લાન કરી રહ્યા છે.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રોહિત શેટ્ટીએ જણાવ્યું, "સિમ્બાનો પણ બીજો ભાગ હશે અને સૂર્યવંશી પણ આગળ વધશે. બીજા નવા લોકો પણ આવશે. કોપ યુનિવર્સમાં હજુ વધારે ફિલ્મો બનશે. એટલે જ અમે કોપ યુનિવર્સ બનાવ્યું છે."

આ ઈન્ટરવ્યુમાં જ રોહિતે ખુલાસો કર્યો કે શરૂઆતમાં તેનો કોપ યુનિવર્સ બનાવવાનો કોઈ પ્લાન નહોતો. તેણે કહ્યું કે ૨૦૧૧માં જ્યારે સિંઘમ બનાવી ત્યારે એ એક આવી મોટી બ્રાન્ડ બનશે એવી કલ્પના પણ નહોતી કરી. તે સિમ્બા લખતા હતા ત્યારે તેને ફિલ્મ એકબીજા સાથે જોડવાનો વિચાર આવ્યો હતો. તેથી અમે આ કોપ યુનિવર્સ મોટું કરવા માટે સૂર્યવંશીમાં અક્ષય કુમારને પણ લાવ્યા.

આ યુનિવર્સમાં દીપિકા પાદુકોણ અને ટાઈગર શ્રોફ પણ જોડાઈ ગયાં છે. આ અંગે રોહિત શેટ્ટીએ જણાવ્યું કે ૨૦૧૯માં એ સૂર્યવંશીનું કામ કરતા હતા, ત્યારે તેને અજય દેવગન, કરીના કપૂર, રણવીર સિંહ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને દીપિકા પાદુકોણને સાથે લઈને ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો હતો. તેની ટીમે દીપિકા અને ટાઈગરના નવા પાત્રો લખ્યા અને તેને નવી ધાર આપી. શાહરુખ ખાન અને રોહિત શેટ્ટીએ એકસાથે 'ચેન્નઈ એક્સપ્રેસ' અને 'દિલવાલે' જેવી બે ફિલ્મો આપી છે. તેમાં 'ચેન્નઈ એક્સપ્રેસ' તો સારી ચાલી પરંતુ 'દિલવાલે' નિષ્ફળ રહી હતી. ત્યારથી તેમની બંનેની વચ્ચે તિરાડ પડી ગઈ હતી. આ અંગે ઘણી ચર્ચા થતી રહી છે. આ ઈન્ટરવ્યુમાં આખરે રોહિત શેટ્ટીએ આ અંગે ખુલાસો કર્યો છે. રોહિતે કહ્યું, "ના, આવું કંઈ જ નથી. અમારી વચ્ચે એક રિસ્પેક્ટ છે અને દિલવાલે પછી એવું થયું કે તેના તરત પછી અમે અમારા પોતાના પ્રોડક્શન હાઉસ ખોલી લીધાં. અમે નક્કી કર્યું કે અમે અમારી પોતાની ફિલ્મ બનાવીશું. જો નુકસાન થાય તો અમારું જ થાય, લોસ નહોતો થયો તેમ છતાં."

રોહિતે સ્પષ્ટતા કરી કે દિલવાલે ખાસ નહોતી ચાલી છતાં વિદેશોમાં આ ફિલ્મ ઘણી સારી ચાલી હીચ. આ ફિલ્મ શાહરુખ અને ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ સાથે રોહિત શેટ્ટીએ અજય દેવગન સાથેની દોસ્તી અંગે પણ વાત કરી હતી. સાથે તેણે દીપિકાના ડેડિકેશનના પણ વખાણ કર્યા હતા.

# ધનશ્રી વર્મા ડાન્સ સેન્ટ્રિક ફિલ્મથી એક્ટિંગમાં ડેબ્યુ કરશે




સોશિયલ મીડિયા સેલિબ્રિટી અને ક્રિકેટર યજુવેન્દ્ર ચહલની એક્સ વાઈફ ધનશ્રી વર્માને એક્ટિંગમાં ડેબ્યુ કરવાની તક મળી છે. દિલ રાજુની તેલુગુ ફિલ્મ 'અકાસમ દત્તી વાસ્તવા' નામની આ ફિલ્મ ડાન્સ સેન્ટ્રિક રહેશે. હિન્દી ફિલ્મ 'એબીસીડી'ની જેમ ફિલ્મની સ્ટોરી જ ડાન્સ પર આધારિત રહેશે.

તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં દિલ રાજુ જાણીતા પ્રોડ્યુસર છે. તેમણે અગાઉ 'સંક્રાંતિ વાસ્તુનામ', 'વારિસુ' અને 'હિટઃ ધ ફર્સ્ટ કેસ' જેવી હિટ ફિલ્મો આપેલી છે. ડાયરેક્શનની જવાબદારી શશિ કુમારને અપાઈ છે. ધનશ્રી સહિત ફિલ્મની સમગ્ર કાસ્ટ નવી જ રહેશે. રિપોર્ટ્સ મુજબ, ધનશ્રી વર્માએ મુંબઈમાં કેટલાક ભાગનું શૂટિંગ પૂરું કર્યું છે. ફિલ્મના અન્ય સીક્વલ્સ હૈદરાબાદમાં શૂટ થવાના છે.

ધનશ્રીનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયેલો છે. ધનશ્રીએ ડેન્ટિસ્ટની ડિગ્રી મેળવેલી છે. મેડિકલ ફિલ્ડમાં કરિયરની સાથે ધનશ્રીએ ડાન્સિંગમાં પગ જમાવવા જાણીતા કોરિયોગ્રાફર શ્યામક દાવર પાસે ટ્રેનિંગ લીધેલી છે. બાદમાં ધનશ્રીએ પોતાના ડાન્સ એકેડમી ધનશ્રી વર્મા કંપની બનાવેલી છે. ધનશ્રીના ડાન્સ વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા રહે છે. પરંપરાગત ભારતીય નૃત્યોને આધુનિક શૈલીથી રજૂ કરવાની તેની ખાસિયત છે. ધનશ્રીના હાઈ એનર્જી પરફોર્મન્સની સાથે ઘણાં સેલિબ્રિટીઝ જોડાયા છે, જેના કારણે તેની ઓનલાઈન પોપ્યુલારિટી વધી છે.

ધનશ્રીએ ડિસેમ્બર, ૨૦૨૦માં ક્રિકેટર યજુવેન્દ્ર ચહલ સાથે લગન કર્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમણે છૂટાછેડા માટે અરજી કરી હતી અને માર્ચ મહિનામાં સત્તાવાર છૂટાછેડા થયા હતા. ધનશ્રી અને યજુવેન્દ્ર અલગ-અલગ રસ્તા પર આગળ વધી રહ્યા છે. ધનશ્રીએ ફિલ્મોમાં કરિયર બનાવવા પ્રયાસ શરૂ કર્યા છે, જ્યારે યજુવેન્દ્ર અને આરજે મહાવશના રિલેશનશિપ ચર્ચામાં છે.

## મુંબઈમાં કેટલાક ભાગનું શૂટિંગ થયું, અન્ય સીક્વન્સ હૈદરાબાદમાં શૂટ થશે



# સૈફ અલી ખાન મોહનલાલની 'ઓપ્પમ'ની હિન્દી રીમેક માટે પ્રિયદર્શન સાથે કામ કરશે

પ્રિયદર્શને ૨૦૧૬માં મલિયાલમ ફિલ્મ 'ઓપ્પમ' બનાવી હતી

સૈફ અલી ખાન લંગડા ત્યાગી પછી ફરી એક વખત એક દિવ્યાંગ વ્યક્તિનો રોલ કરતો જોવા મળશે. એક તરફ સૈફ અલી ખાનની 'જવેલ થીફ – ધ હાઈસ્ટ બિગિન્સ' નેટફ્લિક્સ પર આવી રહી છે. બીજી તરફ તેણે વધુ એક મજબુત રોલની તૈયારી કરી લીધી છે. આ ફિલ્મ માટે સૈફ અલી ખાન પ્રિયદર્શન સાથે કામ કરવાનો છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સૈફ અલી ખાને આ અંગે વાત કરી હતી. સૈફ અલી ખાને જાહેરાત કરતા કહ્યું, "હા, હું પ્રિયદર્શન સાથે આગામી ફિલ્મ કરી રહ્યો છું. તેમાં હું એક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિનો રોલ કરી રહ્યો છું. હું એના માટે ઘણો ઉત્સુક છું." સૈફને ઈન્ડસ્ટ્રીમાં ભલે ૨૦ વર્ષથી વધુ સમય વિતી ચૂક્યો હોય છતાં આ ફિલ્મમાં પ્રિયદર્શન અને સૈફ અલી ખાન પહેલી સાથે કામ કરવાના છે.

પ્રિયદર્શન આ ફિલ્મની હિન્દી રીમેક બનાવવાના છે. સૈફ તેમાં લીડ રોલમાં જોવા મળશે, જે એક પ્રજ્ઞાચક્ષુ હિરો છે. મૂળ મલિયાલમ ફિલ્મમાં મોહનલાલે આ રોલ કર્યો હતો. આ ફિલ્મમાં બોબી દેઓલ મુખ્ય વિલનનો રોલ કરે એવી પણ ચર્ચા છે.જોકે, પ્રિયદર્શનની ઈચ્છા આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં જ પૂરું કરી દેવાની હતી અને તેનું ૪૦ દિવસનું શૂટિંગ જુલાઈ ૨૦૨૪માં શરૂ થઈ જવાનું હતું. પરંતુ પછી પ્રિયદર્શનનો પ્લાન બદલાઈ ગયો અને હવે આ શૂટ ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. મૂળ ફિલ્મમાં એક અંધ વ્યક્તિ ખુનની તપાસમાં સંડોવાઈ જાય એવી વાર્તા છે. પ્રિયદર્શન હાલ 'હેરાફેરી ૩'ના કામમાં અક્ષય કુમાર સુનિલ શેટ્ટી અને પરેશ રાવલ સહીતના કલાકારો કામ કરી રહ્યા છે. સાથે સૈફ અલી ખાન પણ 'ગો ગોઆ ગોન ૩'ના કામમાં વ્યસ્ત છે.

# કલર્સે 'બિગબોસ' અને 'ખતરોં કે ખિલાડી' જેવા શો ગુમાવ્યા?

## શોની ટીમ સાથે વાંધો પડતા સોની ટીવી પર જતા રહ્યા હોવાની શક્યતા

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સલમાન ખાન જેનું સંચાલન કરે છે એ બિગ બોસ અને રોહિત શેટ્ટી જેમાં સંચાલન કરે છે એ શો ખતરોં કે ખિલાડી બંને એન્ડેમોલ ઈન્ડિયા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવે છે. આ બંને શો કલર્સ ટીવી પર આવે છે અને જિઓ સાથેની વાયાકોમની ડીલના કારણે જિઓ+હોટસ્ટાર પર સ્ટ્રીમ થાય છે. પરંતુ હવે એવા અહેવાલો છે કે વાયાકોમ અને એન્ડેમોલ વચ્ચે આ શોના ભવિષ્ય અંગે સર્જનાત્મક વિવાદો ચાલી રહ્યા છે. તેમની સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, "ખતરો કે ખિલાડી અને બિગ બોસ સોની ટીવી પર જઈ શકે છે. કારણ કે ચેનલ અને પ્રોડ્યુસર વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે."

સૂત્રએ એવું પણ જણાવ્યું કે પ્રોડક્શન હાઉસ અને સોની ટીવી વચ્ચે ચર્ચાઓ તો ચાલી રહી છે, પરંતુ તેમની વચ્ચે હજુ કોઈ ડીલ ફાઈનલ થઈ નથી. ૨૦૦૬માં શરૂઆત થઈ ત્યારે સોની ટીવી પર બિગ બોસ શો શરૂ થયો હતો. પરંતુ તેની બીજી સીઝનથી આ શો કલર્સ પર જતો રહ્યો હતો.

બિગ બોસ શો પણ યૂકેના જાણીતા શો બિગ બ્રધર પર આધારીત છે, જ્યારે ખતરોં કે ખિલાડી અમેરિકન શો ફિઅર ફેક્ટર પર આધારીત છે. બિગ બોસની દરેક સીઝન સૌથી વધુ જોવાતા શોમાં સામેલ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટીઆરપી ઘટી હોવા છતાં શો ટીવી પર સૌથી વધુ જોવાતા શોમાંનો એક છે. આ જ રીતે ખકરો કે ખિલાડી પણ સૌથી વધુ જોવાતા શોમાંનો એક છે. આ બંને શોમાં જાણીતા સેલેબ્રિટી ભાગ લે છે.





# શાહબાનો કેસ આધારિત ફિલ્મમાં યામી ગૌતમ-ઈમરાન હાશમીના લીડ રોલ

અધિકાર માટે મુસ્લિમ મહિલાની લડતનું પ્રતીક બનેલાં શાહબાનોના જીવન આધારિત ફિલ્મ બની રહી છે, જેમાં યામી ગૌતમ અને ઈમરાન હાશમી લીડ રોલ કરવાના છે. આઝાદ ભારતમાં ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાતા આ કેસમાં ૪૦ વર્ષ અગાઉ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ચુકાદાની ૪૦મી જયંતી નિમિત્તે શાહબાનોના જીવન આધારિત ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે. ૧૯૮૫ના વર્ષમાં સુપ્રીમ કોર્ટે શાહબાનો વર્સીસ અહેમદ ખાન કેસમાં ચુકાદો આપ્યો હતો. મુસ્લિમ પર્સનલ લોની જોગવાઈઓ અને મહિલા અધિકાર બાબતે લડતના પ્રતીક તરીકે આ કેસને જોવામાં આવે છે. ભારતના બંધારણીય ઈતિહાસમાં મોટું પરિવર્તન લાવનારા આ કેસમાં સામાજિક અને કાનૂની ક્ષેત્રની આંટીઘૂંટીઓ જોવા મળશે. ફિલ્મમાં યામીની પસંદગી શાહબાનોના રોલ માટે થઈ છે, જ્યારે ઈમરાન હાશમી શાહબાનોના પતિ અહેમદ ખાનનો રોલ કરશે. આર્થિક સંસાધનો અને સમાજના સહકાર વગર મક્કમતા સાથે પોતાની લડત લડનારી શાહબાનોએ ધર્મના નામે મહિલાઓ પર થતા અત્યાચારનો વિરોધ કર્યો હતો.આ કેસ દિવસો સુધી ચર્ચામાં છવાયેલો રહ્યો હતો. ભારતીય લોકશાહી અને બંધારણની ટોચની ૧૦ ઘટનામાં શાહબાનો કેસનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે આ કેસનો ચુકાદો આપ્યા પછી ખળભળાટ મચી ગયો હતો અને તત્કાલીન સરકારે મતદારોને રીઝવવા માટે બંધારણમાં ફેરફાર કરી ચુકાદો ઉથલાવ્યો હતો. શાહબાનો કેસ પર ફિલ્મ એવા સમયે આવી રહી છે, જ્યારે સમગ્ર દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ અને એક દેશ એક કાયદાની ચર્ચા ચાલી રહી છે.

## આતંકવાદી હુમલાના પડઘાઃ પાકિસ્તાની ફવાદની ફિલ્મ રોકવા ફિલ્મ ફેડરેશનની માગ

# સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ'નો ટ્રેન્ડ, ૯મેએ ફિલ્મ રિલીઝ કરવાનું આયોજન

પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓની કત્લેઆમ પછી દેશભરમાં આક્રોશ ફેલાયો છે. હુમલા માટે પાકિસ્તાની આતંકવાદીઓએ નામ અને ધર્મ જાણ્યા બાદ અત્યંત ક્રૂરતાથી પ્રવાસીઓની કતલ કરી હતી. આ હિચકારી ઘટના બાદ પાકિસ્તાની એક્ટર્સનો વિરોધ શરૂ થયો છે. પાકિસ્તાની સ્ટાર ફવાદ ખાન-વાણી કપૂરની ફિલ્મ 'અબીર ગુલાલ'ની રિલીઝ રોકવા માટે ફિલ્મ ફેડરેશને માગણી કરી છે. આ સાથે સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ' ટ્રેન્ડ થઈ રહ્યું છે.

ફવાદ ખાન અને વાણી કપૂરનો લીડ રોલ ધરાવતી 'અબીર ગુલાલ'નું ટીઝર પહેલી એપ્રિલે શેર થયું હતું. આ ટ્રેલરના પગલે બોલિવૂડનો પાકિસ્તાનપ્રેમ વિવાદમાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર ફિલ્મનો વિરોધ શરૂ થયો હતો, પરંત પહેલગામમાં આતંકવાદી હુમલા પછી આક્રોશ વધ્યો છે અને ફિલ્મનો વિરોધ વધારે ઉગ્ર બન્યો છે.

ભારતીય જવાનોથી માંડી સામાન્ય નાગરિકો આતંકવાદીઓ અને પાકિસ્તાનમાં બેઠેલા તેમના આકાઓને આકરી સજા અપાવવા માગે છે. પ્રબળ જનમાનસને ધ્યાને રાખીને ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડિરેક્ટર્સ એસોસિએશનના અધ્યક્ષ અશોક પંડિતે આ હુમલાને દેશ સામેનું યુદ્ધ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કાશ્મીરમાં પ્રથમ વખત હુમલો નથી થયો. આવું ૩૦ વર્ષથી થઈ રહ્યું છે. એસોસિએશન તરીકે અમે પાકિસ્તાનીઓ સાથે કામ નહી કરવા હાથ જોડીને વિનંતી કરેલી છે. પરંતુ તેઓ આર્ટિસ્ટ અને કમ્યુનિટી જેવા બહાના કરી રહ્યા છે. પણ, સૌથી પહેલા દેશ છે. મારા ઘરની વ્યક્તિનું મોત નથી થયું, તો મારે શું? એવિં ઘણા લોકો વિચારે છે. આ ફિલ્મની હીરોઈન અથવા મેકર્સના પરિવારના કોઈ સભ્યનું આતંકવાદી હુમલામાં મોત થયું હોત તો તેએ પાકિસ્તાની કલાકાર સાથે ફિલ્મ બનાવવાનું વિચારત નહી.

અશોક પંડિતે દુબઈમાં પાકિસ્તાન સામે મેચ રમનારા ભારતીય ક્રિકેટરોની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આપણા દેશના લોકો પાકિસ્તાની કલાકારો સાથે પરફોર્મ કરવા લંડન અને દુબઈ જાય છે. ક્રિકેટમાં પણ આવું જ થઈ રહ્યું છે.



કહી દો અમારે ક્રિકેટ નથી રમવું. તેઓ બંદૂકથી મારી રહ્યા છે અને આપણે તેમની સાથે બેટ-બોલ રમી રહ્યા છીએ. લોકો ખૂબ નારાજ છે અને ક્રિકેટર્સ, આર્ટિસ્ટ, સિંગર્સ બધાને બહાર કાઢીને મારશે. હવે સહનશક્તિની હદ આવી ગઈ છે. હવે અમે ઓર્ડર ઈશ્યૂ કરીશું અને પાકિસ્તાની કલાકાર સાથે કામ કરનારા દરેકનો બોયકોટ કરીશું.

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝના અધ્યક્ષ બી એન તિવારીએ કહ્યું હતું કે, ભારતમાં 'અબીર ગુલાલ'ને રિલીઝ થવા દેવાશે નહીં. ફિલ્મ રિલીઝ કરવાનો પ્રયાસ થશે તો મેકર્સ સામે આકરાં પગલાં લેવાશે. આ ફિલ્મને ૯ મેના રોજ રિલીઝ કરવાનું આયોજન હતું. આ ફિલ્મની રિલીઝ સાથે જ પાકિસ્તાની કલાકારો માટે ફરી એક વાર બોલિવૂડના દરવાજા ખૂલવાની શક્યતા હતી. ૨૦૧૬ના વર્ષથી બોલિવૂડે પાકિસ્તાની કલાકારો સાથે ફિલ્મ બનાવી નથી. કલા અને કલાકારને સરહદના સીમાડા નડતા નથી, તેવી માન્યતા સાથે પાકિસ્તાની ફવાદ ખાન સાથે ફિલ્મ બનાવવામાં આવી હતી. જો કે બદલાયેલા સંજોગોના કારણે ફિલ્મ એસોસિએશન અને સોશિયલ મીડિયાએ 'અબીર ગુલાલ'નો વિરોધ સરૂ કરી દેતાં પાકિસ્તાની કલાકારોની બોલિવૂડ વાપસીનો માર્ગ કઠિન બન્યો હોવાનું જણાય છે.

## આલિયા, શાહરૂખ, સલમાન સહિત અનેક સ્ટાર્સે પીડા અનુભવી

પહેલગામમાં આતંકવાદી હુમલાની ઘટનાને ભારતના તમામ ફિલ્મ સ્ટાર્સે વખોડી કાઢ્યો હતો. દેશ પર થયેલા આ હિચકારા હુમલાની પીડાને વ્યક્ત કરતાં આલિયા ભટ્ટ, શાહરૂખ ખાન, અલ્લુ અર્જુન, સલમાન ખાન, કરીના કપૂર ખાન, અક્ષય કુમાર, રિતિક રોશન, વિકી કૌશલ, જાન્હવી કપૂર, સિદ્ધાર્થ મલહોત્રા, સંજય દત્ત, અનુપમ ખેર, અથિયા શેટ્ટી સહિત અનેક સ્ટાર્સે આ ઘટનાને હૃદયદ્રાવક ગણાવી છે. આલિયાએ કહ્યું હતું કે, ભોગ બનેલા લોકો કુદરતને માણવા અને શાંતિથી રજા ગાળવા ગયા હતા. પીડિત પરિવારોને સાંત્વના આપવાના શબ્દો મળતા નથી. શાહરૂખે દુખ સાથે ગુસ્સો વ્યક્ત કરી આ હુમલાને માનવતા પર પ્રહાર ગણાવ્યો હતો.

# રાજસ્થાનનનો ૧૧ રને પરાજય, ઇઝમ્ની ઘરઆંગણે પ્રથમ જીત

આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે રાજસ્થાનનો ૧૧ રને પરાજય થયો હતો. આરસીબીએ આ સિઝનમાં ઘરઆંગણે ત્રણ પરાજય બાદ પ્રથમ જીત નોંધાવી હતી. આરસીબીએ કોહલીના ૭૦ રન તથા પડિક્કલના ૫૦ રનની મદદથી નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટે ૨૦૫ રનનો લડાયક સ્કોર નોંધાવ્યો હતો. જવાબમાં રાજસ્થાન નવ વિકેટે ૧૯૪ રન કરી શક્યું હતું. મેન ઓફ ધ મેચ હેઝલવુડે ૩૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી.

રાજસ્થાનને છેલ્લી બે ઓવરમાં જીત માટે ૧૮ રનની જરૂર હતી અને પાંચ વિકેટ હતી ત્યારે હેઝલવુડે ૧૯મી ઓવરમાં જુરેલ (૪૭) તથા આર્ચરની બે બોલમાં બે વિકેટ ઝડપી અને ફક્ત એક રન આપ્યો હતો. ત્યારબાદ ૨૦મી ઓવરમાં યશ દયાલે શુભમ દુબે (૧૨) પ્રથમ બોલ પર સોલ્ટના હાથે કેચઆઉટ કરાવતા રાજસ્થાન પર દબાણ લાવ્યું હતું. હસરંગા બે રન દોડવા જતા રન આઉટ થયો હતો અને દયાલે જીત માટે જરૂરી ૧૭ રનની સામે પાંચ રન જ આપ્યા હતા. રાજસ્થાન તરફથી જયસ્વાલે સર્વાધિક ૪૯ રન ફટકારતા મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. યુવા બેટ્સમેન વૈભવે બે છગ્ગા ફટકારીને ૧૨ બોલમાં ૧૬ રનની ઈનિંગ્સ રમી હતી. ડેથ ઓવર્સમાં રાજસ્થાનનો બેટિંગમાં ધબડકો થતા ૮૦ રનની અંદર છ વિકેટ ગુમાવી હતી. બેંગ્લોરની પ્રથમ બેટિંગમાં કોહલી ૪૨ બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૭૦ રન તથા પડિક્કલે ૨૭ બોલમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી બીજી વિકેટ માટે ૯૫ રન જોડ્યા હતા.




# INDIA Vs PAKISTAN મેચ નહીં થાય? પહેલગામ આતંકવાદી હુમલા બાદ BCCI ગુસ્સે?

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં ગુસ્સાનો માહોલ છે. રમતગમતની દુનિયા પણ આનાથી અસ્પૃશ્ય નથી. મહાન ક્રિકેટર સચિન તેંડુલકરથી લઈને બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરા સુધી, બધાએ તેની સખત નિંદા કરી છે.

આ હુમલાના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. આ કારણે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ને પાકિસ્તાન સામે કોઈ પણ મેચ ન રમવા માટે કહેવામાં આવી રહ્યું છે. ફેન્સ સોશિયલ મીડિયા પર આ વિશે સતત લખી રહ્યા છે. બીસીસીઆઈના સચિવ રાજીવ શુક્લાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ભવિષ્યમાં ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચો અંગે પણ મોટું નિવેદન આપ્યું છે.




બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમને કહ્યું કે અમે પીડિતો સાથે ઉભા છીએ અને તેની નિંદા કરીએ છીએ. જ્યારે રાજીવ શુક્લાને પૂછવામાં આવ્યું કે શું ભારતીય ટીમ હવે પાકિસ્તાન સામે નહીં રમે, તો તેમને કહ્યું કે આ નિર્ણય સરકાર લેશે. સરકાર બીસીસીઆઈને જે કહેશે તે થશે. બોર્ડના ઉપપ્રમુખે વધુમાં કહ્યું કે અમે ફક્ત સરકારના આદેશ પર દ્વિપક્ષીય સિરીઝ રમી રહ્યા નથી અને ભવિષ્યમાં પણ આમ કરતા રહીશું. જ્યાં સુધી ICC ઈવેન્ટ્સની વાત છે, અમે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના કારણે તેમાં રમીએ છીએ.

તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન દુબઈમાં ભારત અને પાકિસ્તાનની ટીમો એકબીજા સામે ટકરાઈ હતી. ટીમ ઈન્ડિયાએ તે મેચ મોટા અંતરથી જીતી હતી. ૨૦૦૮માં મુંબઈ હુમલાને કારણે ભારતીય ટીમ પાકિસ્તાન જઈ રહી નથી. BCCIએ પણ પહેલગામ આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમને સોશિયલ મીડિયા પરની પોતાની પોસ્ટમાં લખ્યું છે કે "પહલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે એકતામાં ઉભા છીએ. આ ભયાનક હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો માટે પ્રાર્થના."

બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ પણ નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું, "પહેલગામમાં ગઈકાલે થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના દુઃખદ મૃત્યુથી ક્રિકેટ સમુદાય ખૂબ જ આઘાત અને દુઃખી છે. BCCI તરફથી, હું આ ઘૃણાસ્પદ અને કાયર કૃત્યની સખત નિંદા કરું છું અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરું છું. હું મૃતકોના આત્માઓ માટે પ્રાર્થના કરું છું. આ દુર્ઘટનાની ઘડીમાં અમે તેમની સાથે ઉભા છીએ, તેમના દર્દ અને દુઃખને શેર કરીએ છીએ."શું હવે ભારત-પાકિસ્તાન મેચ નહીં થાય? પહેલગામ આતંકવાદી હુમલા બાદ BCCI ગુસ્સે છે.

# ભારત-દ. આફ્રિકા સામેની ત્રિકોણીય વન-ડે સિરીઝ માટે શ્રીલંકા વિમેન્સ ટીમ જાહેર

શ્રીલંકાના વિમેન્સ ક્રિકેટ ટીમે ભારત અને દક્ષિણ આફ્રિકા સામેની ત્રિકોણીય વન-ડે સિરીઝ માટે બુધવારે ૧૭ સભ્યોની ટીમ જાહેર કરી હતી. માર્ચમાં ન્યૂઝીલેન્ડ સામે શ્રેણીમાં ૦-૨નો કંગાળ દેખાવ રહ્યા બાદ શ્રીલંકન મહિલા ક્રિકેટ ટીમમાં આઠ જેટલા બદલાવ કરવામાં આવ્યા છે. વરિષ્ઠ ખેલાડી ચમારી અટ્ટાપટ્ટુ ટીમની કેપ્ટન તરીકે યથાવત્ રહેશે જ્યારે મીડિયમ પેસર માલ્કી મદારાને ટીમમાં સામેલ કરાઈ છે જેથી વન-ડેમાં ડેબ્યૂની તક મળશે. શ્રીલંકા, ભારત અને દક્ષિણ આફ્રિકા મહિલા ટીમો વચ્ચે ત્રિકોણીય સિરીઝનો પ્રારંભ રવિવારે શ્રીલંકા-ભારતની મેચથી થશે. તમામ મેચો આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાશે. ૧૧મેએ ફાઈનલ યોજાશે.

શ્રીલંકા વિમેન્સ વન-ડે ટીમઃ ચમારી અટાપટ્ટુ (સુકાની), વિશ્મી ગુણારત્ને, હર્ષિતા સમરવિક્રમા, નિલાક્ષી સિલ્વા, કાવિશા દિલહારી, અનુષ્કા સંજીવની, હસિની પરેરા, પિયુમી વત્સલા, માનુદી નાનાયક્કારા, દેવમી વિહંગા, ઈનોકા રણવીરા, ઈનોશી ફર્નાન્ડો, હંસિમા કરુણારત્ને, રશ્મિકા સેવ્વાંદી, માલ્કી મદારા, સુગંદિકા કુમારી, અચિની કુલસુર્યા.






# ભારતીય ટીમના કોચ ગંભીરને ધમકીભર્યો ઇમેલ મળ્યો

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીરને આતંકવાદીઓ તરફથી તેના જીવના જોખમ અંગે એક ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો જેનાથી તેની સુરક્ષાનું જોખમ વધી ગયું છે. આ ઈમેલ કોઈ શંકાસ્પદ એકાઉન્ટ પરથી કરવામાં આવ્યો હતો અને દિલ્હી પોલીસનું કહેવું છે કે કાશ્મીરના પહેલગામ ખાતે ૨૨મી એપ્રિલે આતંકવાદી હુમલો થયો તે જ દિવસે ગંભીરને આ ધમકી મળી હતી.

દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે જે દિલસે પહેલગામ ખાતે ઘટના બની તે જ દિવસે ગૌતમ ગંભીરને આ પ્રકારની ધમકી મળી હતી અને તેને જાનથી મારી નાખવાની ધમકી હતી. આ ઈમેલ કોઈ શંકાસ્પદ એકાઉન્ટ પરથી કરવામાં આવ્યો હતો.

ડીસીપી (સેન્ટ્રલ) એમ. હર્ષ વર્ધને આ અંગે જણાવ્યું હતું કે અમને માહિતી મળી હતી કે આ કથિત ધમકી ગૌતમ ગંભીરના ઈમેલ આઈડી પર આવી હતી. અમે આ અંગે તપાસ કરી રહ્યા છીએ.

પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે ગૌતમ ગંભીર અગાઉથી જ દિલ્હી પોલીસના રક્ષણ હેઠળ છે અને તેની સલામતીની વ્યવસ્થા અગાઉથી જ ગોઠવાયેલી છે. આમ અમે સુચોક્કસ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા અંગે કોઈ કોમેન્ટ કરી શકીએ નહીં.

જોકે પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપના ભૂતપૂર્વ સાંસદ અને ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર તથા વર્તમાન કોચ ગંભીરને ધમકી આપતા બે મેઈલ મળ્યા હતા જેમાં મોકલનારે પોતાની ઓળખ ISIS કાશ્મીર તરીકે આપીને હું તને મારી નાખીશ (I WILL KILL YOU) તેમ લખ્યું હતું.

દિલ્હીના રાજિન્દરનગર પોલીસ સ્ટેશન પર આ ઈમેલ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં ઈમેલના સ્ક્રીનશોટ પણ રજૂ કરવામાં આવ્યા હતા.

ફરિયાદમાં એમ લખવામાં આવ્યું હતું કે નમસ્કાર, આપણે ચર્ચા થઈ હતી તે મુજબ ગૌતમ ગંભીર (ભૂતપૂર્વ સાંસદ અને ભારતીય ક્રિકેટ ટીમના ચીફ કોચ)ના ઈમેલ પર ધમકીભર્યા બે ઈમેલ આવ્યા હતા. મહેરબાની કરીને આ અંગે એફઆઈઆર દાખલ કરીને પરિવારની સુરક્ષા અને સલામતીની ખાતરી કરાવજો.

# રોહિત વર્લ્ડ ક્લાસ છે, અમારા માટે મહત્વની ભૂમિકા ભજવશેઃ બોલ્ટ







ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની વર્તમાન સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે કેટલાક પ્રારંભિક મુકાબલામાં પછડાટ ખાધા બાદ વળતો પ્રહાર કર્યો છે અને હાલમાં મોખરાની ચાર ટીમમાં સ્થાન હાંસલ કરી લીધું છે તેવી જ રીતે તેના સ્ટાર ઓપનર અને ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ પણ ફોર્મ હાંસલ કરી લીધું છે. રોહિત શર્માએ છેલ્લી બે મેચમાં અડધી સદી ફટકારીને ટીમનો વિજય આસાન કરી નાખ્યો હતો. ટીમના ઝડપી બોલર ટ્રેન્ટ બોલ્ટનું માનવું છે કે રોહિતે હવે ફોર્મ પરત મેળવી લીધું છે ત્યારે તે ટીમ માટે મહત્વની ભૂમિકા ભજવશે.

બોલ્ટે જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સ છઠ્ઠી વખત આઈપીએલ ટાઈટલ જીતે તેવી આશા પેદા થઈ છે ત્યારે રોહિત શર્માએ ઉપરા ઉપરી બે અડધી સદી ફટકારીને સંકેત આપી દીધા છે કે તે ફોર્મમાં આવી ગયો છે. તે અમારા માટે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

બુધવારે રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડના આ જડપી બોલરે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે શાનદાર બોલિંગ કરી હતી. તેણે પોતાની આદત મુજબ પહેલી ઓવરમાં તો વિકેટ ખેરવી જ હતી પરંતુ અંતે ૨૬ રનમાં ચાર વિકેટ ઝડપીને મુંબઈને સળંગ ચોથો વિજય અપાવવાનો પાયો રચી દીધો હતો. બોલ્ટને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

બુધવારની મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ૧૪૩ રનનો સામાન્ય સ્કોર રજૂ કરી શક્યું હતું જેની સામે રોહિત શર્માએ આક્રમક પ્રારંભ કરીને ૪૬ બોલમાં ૭૦ રન ફટકારતાં મુંબઈ ઈન્ડિયન્સનો વિજય આસાન બની ગયો હતો. રોહિતની સાથે સૂર્યકુમાર યાદવે પણ અડધી સદી ફટકારી હતી. મુંબઈએ ૧૬મી ઓવરમાં જ ટારગેટ વટાવી દીધો હતો જેને પરિણામે તે હાલમાં પોઈન્ટ ટેબલમાં ત્રીજા ક્રમે આવી ગયું હતું.

ટ્રેન્ટ બોલ્ટે જણાવ્યું હતું કે હું માનું છું કે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પાસે ઘણા બધા વર્લ્ડ ક્લાસ પ્લેયર છે અને તેમાં રોહિત મોખરે છે તે અંગે મારે કહેવાની જરૂર નથી. તેની ઓળખ આપવાની જરૂર નથી.

મને ખાતરી છે કે દરેક ખેલાડી ટીમની સફળતામાં યોગદાન આપવા માગે છે પરંતુ રોહિતે ફોર્મ મેળવી લીધું છે અને તે હાલના તબક્કે તેની કામગીરી શાનદાર રીતે નિભાવી રહ્યો છે. આમ વર્તમાન સિઝનની બાકી રહેલી મેચમાં તે અમારી ટીમ માટે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરવાનો છે તે ચોક્કસ છે. મને લાગે છે કે ટીમના તમામ સદસ્યે કોઈ પણ ભૂમિકા માટે સજ્જ રહેવું જોઈએ તેમ ન્યૂઝીલેન્ડના આ સૌથી સફળ ટી૨૦ બોલરે ઉમેર્યું હતું.

ટ્રેન્ટ બોલ્ટે આ તબક્કે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની પણ પ્રશંસા કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેની નેતૃત્વની સ્ટાઈલ વિશેષ છે. તે સંપૂર્ણ ક્રિકેટર છે અને ખૂબ જ કૌશલ્ય ધરાવતો ઓલરાઉન્ડર છે. તે પોતાની રમતના ઉદાહરણથી ટીમને પ્રોત્સાહિત કરી રહ્યો છે. તે મારો સૌથી ફેવરિટ ભારતીય ક્રિકેટર છે. તેની આગેવાની હેઠળ રમવાની તક મળવી તે મારા માટે ખૂબ સારો અનુભવ રહ્યો છે.

# બે તળીયાની ટીમ આઇપીએલમાં ટકી રહેવાની આશા સાથે રમશે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની વર્તમાન ટી૨૦ ક્રિકેટ સિઝનમાં અત્યારે સનરાઈઝર્સ હૈદરાબાદ નવમા અને ચેન્નાઈ સુપર કિંગ્સ દસમા અને છેલ્લા ક્રમે છે. આ તબક્કેથી બંને ટીમ માટે પ્લે ઓફમાં પ્રવેશવું આસાન નથી અને તેમની આશા લગભગ સમાપ્ત થઈ ગઈ છે તેમ કહી શકાય તેમ છતાં ગણિતની દ્રષ્ટિએ તેમની શક્યતા નકારી શકાય નહીં. તેવામાં શુક્રવારે અહીંના ચેપોક ખાતે તેમનો મુકાબલો થશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.

ચેન્નાઈ અને હૈદરાબાદ આગેકૂચ માટે હવે બેબાકળી બની ગઈ છે. પરિસ્થિતિ એ છે કે બંને ટીમે હવે તેમની બાકી રહેલી તમામ મેચ જીતવી ફરજિયાત બની ગયું છે. મહેન્દ્રસિંહ ધોનીએ ઈજાગ્રસ્ત ઋતુરાજ ગાયકવાડને સ્થાને ફરીથી ટીમની આગેવાની લીધી ત્યારે એવી આશા પેદા થઈ હતી કે તે ટીમનું ભાવિ બદલી નાખશે પરંતુ હજી સુધી એવું કાંઈ જોવા મળ્યું નથી. આમ આ બંને ટીમ હવે તેમની બાકીની તમામ મેચ જીતે તો પણ તેમની ક્વોલિફાઈ થવાની શક્યતા અત્યંત પાતળી છે.

હોમગ્રાઉન્ડનો મહત્તમ લાભ લેવા માટે જાણીતી ચેન્નાઈ સુપર કિંગ્સ તો અત્યારે એવી સ્થિતિમાં છે કે તેઓ પોતાની જ પિચને સારી રીતે પારખવામાં નિષ્ફળ રહ્યા છે. જેનો પુરાવો એ છે કે ચેન્નાઈની ટીમ આ સિઝનમાં છ મેચ હારી છે જેમાંથી ત્રણ મેચ તેણે પોતાના જ મેદાન પર ગુમાવી છે.

ચેન્નાઈએ આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં નૂર અહેમદની ઉમદા બોલિંગની મદદથી શાનદાર વિજય મેળવ્યો હતો પરંતુ ત્યાર બાદની સળંગ ત્રણ મેચમાં તેનો ચેપોક ખાતે પરાજય થયો હતો. આથીય વિશેષ કમનસીબી તો એ રહી કે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની આ મેદાન પરની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તેના સૌથી ઓછા (ઘરઆંગણે) સ્કોર ૧૦૩ રનમાં સમેટાઈ ગઈ હતી.

ચેપોકની પિચ અંગે તેના ચીફ કોચ સ્ટિફન ફ્લેમિંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. ફ્લેમિંગનો દાવો હતો કે ચેન્નાઈની ટીમમાં મોટા ભાગે સ્પિનર્સ છે અને ટીમનો મુખ્ય આધાર સ્પિન બોલિંગ છે ત્યારે આ સિઝનમાં ચેપોકની પિચ ઝડપી બોલર્સને મદદરૂપ થઈ રહી છે.

જોકે અન્ય મેદાનો પર પણ ચેન્નાઈનું ફોર્મ ખાસ પ્રોત્સાહક નથી કેમ કે તેઓ ચાર મેચમાંથી માત્ર એક જ વાર અન્ય મેદાન પર જીતી શક્યા છે. ચેન્નાઈ સુપર કિંગ્સ આ વખતે બેટિંગમાં પણ આક્રમકતાનો અભાવ ધરાવે છે. તેમાંય કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની ગેરહાજરીની ટીમના પ્રદર્શન પર માઠી અસર પડી છે. રવીન્દ્ર જાડેજા કેટલીક મેચમાં મહત્વની બેટિંગ




કરી રહ્યો છે પરંતુ કેપ્ટન ધોની પાસેથી હવે ખાસ આશા રહી નથી. તેનો બેટિંગ ક્રમ પણ અનિયમિત થઈ ગયો છે અને ધોની પોતાને માફક આવે ત્યારે બેટિંગ ક્રમ બદલતો રહે છે જેને કારણે ટીમના સાતત્ય પર પણ અસર પડી રહી છે.

બીજીતરફ હૈદરાબાદની બેટિંગમાં પણ સાતત્ય રહ્યું નથી. વર્તમાન સિઝનમાં પાવર પ્લેમાં સૌથી વધુ રન ફટકારવાનો રેકોર્ડ તેના નામે છે તો સૌથી ઓછા રનનો રેકોર્ડ પણ તેણે હજી બુધવારે જ મુંબઈ ઈન્ડિયન્સ સામે નોંધાવ્યો હતો. આ ઉપરાંત ૨૦૨૫ની સિઝનમાં સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ પણ હૈદરાબાદના નામે છે ત્યારે હકીકત એ છે કે પેટ કમિન્સની ટીમ હાલમાં મોટા સ્કોર તો ઠીક પણ લડાયક સ્કોર પણ રજૂ કરી શકતી નથી. ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની ઓપનિંગ જોડી ગઈ સિઝન જેવી રમત આ વખતે દાખવી શકી નથી.

# પગની ઈજાને કારણે અલકારાઝ મેડ્રિડ ઓપન ગુમાવશે

સ્પેનના યુવા ટેનિસ ખેલાડી કાર્લોસ અલકારાઝે પગની ઈજાને કારણે મેડ્રિડ ઓપનમાંથી નામ પરત ખેંચ્યું છે. ત્રીજો ક્રમ ધરાવતા ટેનિસ ખેલાડીને ગત રવિવારે બાર્સેલોના ઓપનમાં ફાઈનલમાં રમતી વખતે પગના ઉપરના ભાગે લિગામેન્ટમાં ઈજા થઈ હતી. સંપૂર્ણ રીતે રીકવર નહીં થઈ શકતા અલકારાઝે મેડ્રિડ ઓપનમાંથી નામ પરત ખેંચ્યું છે.અલકારાઝ ૨૦૨૨ તથા ૨૦૨૩માં ટુર્નામેન્ટમાં ચેમ્પિયન રહ્યો હતો અને તે સ્થાનિક ખેલાડી હોવાથી ફેવરિટ છે. ડ્રોમાં તેને નોવાક યોકોવિચ સાથેના ગ્રુપમાં જ રાખવામાં આવ્યો હતો. અલકારાઝ આગામી મહિને ફ્રેન્ચ ઓપનને લક્ષ્યમાં રાખીને ફિટનેસ પર ધ્યાન આપવા ઈચ્છે છે. સ્પેનિસ ખેલાડી ફ્રેન્ચ ઓપનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.



# બિહાર રેલ્વેની ત્રણ નવી બનેલી રેલ્વે લાઈનો રાષ્ટ્રને સમર્પિત

## બિહારને ચાર નવી ટ્રેનોની ભેટ આપતા વડાપ્રધાન મોદી

પટના, તા.૨૫

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મધુબની જિલ્લાના લોહના ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ત્રણ નવનિર્મિત રેલ્વે લાઇન રાષ્ટ્રને સમર્પિત કરી અને બિહારને ચાર નવી ટ્રેનોની ભેટ આપી. માનનીય પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જે ટ્રેનોને લીલી ઝંડી આપી હતી તેમાં જયનગર પટના નમો ભારત રેપિડ રેલ અને સહર્ષ લોકમાન્ય તિલક અમૃત ભારત એક્સપ્રેસ અને બે પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે.

નમો ભારત રેપિડ રેલ વિશે વિગતો આપતાં, રેલવે બોર્ડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (માહિતી અને પ્રચાર) દિલીપ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે બે શહેરો વચ્ચે હાઈ-સ્પીડ, આધુનિક રેલ પરિવહનનું સ્વપ્ન હવે વાસ્તવિકતા બની ગયું છે. નમો ભારત રેપિડ રેલ એ અમૃતકાલમાં ભારતીય રેલ્વેના વિકાસનો નવો સારથિ છે. આ ટ્રેન દેશના આંતરિક ભાગોમાં સ્થાનિક લોકોને શહેરી મુસાફરી માટે આધુનિક સુવિધાઓની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે નમો ભારત રેપિડ રેલ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ઇન્ટરસિટી ટ્રેન જયનગરને પટના સાથે જોડશે. ૧૬ કોચમાં ૨ હજારથી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ટ્રેનનું સંચાલન બિહારના વિકાસને નવી ગતિ આપવા જઈ રહ્યું છે. આ ટ્રેન મધુબની, દરભંગા, સમસ્તીપુર, બેગુસરાય, મોકામા અને પટના જિલ્લાઓને જયનગર અને પટના વચ્ચે જોડશે. અમદાવાદ-ભુજ પછી આ દેશની બીજી 'નમો ભારત' ઝડપી રેલ સેવા છે. આનાથી બે શહેરો વચ્ચેનું અંતર તો ઘટશે જ, સાથે સાથે બિહારના સપનાઓને પણ નવી ઉડાન મળશે.

નમો ભારત રેપિડ રેલ ઝડપી પ્રવેગક અને આધુનિક બ્રેકિંગ સિસ્ટમથી સજ્જ છે. તેના બંને છેડે ડ્રાઇવિંગ કેબ હોવાથી, તેને ટર્નઅરાઉન્ડની જરૂર પડશે નહીં, આમ સમય બચાવશે. નમો ભારત સંપૂર્ણપણે એર-કન્ડિશન્ડ છે અને અર્ગોનોમિકલી ડિઝાઇન કરેલી બેઠકો સાથે આવે છે. ટ્રેનમાં વેક્યુમ-આધારિત મોડ્યુલર શૌચાલય, દિવ્યાંગ મૈત્રીપૂર્ણ શૌચાલય અને ધૂળ-પ્રૂફ સીલબંધ ગેંગવે પણ છે, જે ટ્રેનની મુસાફરીને વધુ સ્વચ્છ, સુલભ અને શાંતિપૂર્ણ બનાવે છે. આ ટ્રેનની એક ખાસ વાત એ છે કે તે 'કવચ' સુરક્ષા વ્યવસ્થાથી સજ્જ છે. દરેક કોચમાં સીસીટીવી કેમેરા, ફાયર ડિટેક્શન સપ્રેશન સિસ્ટમ અને ઇમરજન્સી ટોક-બેક સિસ્ટમ સલામત મુસાફરીની ખાતરી આપે છે. ટ્રેનના કોચમાં ઓટોમેટિક દરવાજાવાળા અર્ધ-કાયમી કપ્લર હોય છે, જે મુસાફરોને કોઈ પણ પ્રકારનો ઝટકો અનુભવવા દેતા નથી. આ હાઇ સ્પીડ મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવે છે.



# વાલિયા યુથ પાવર દ્વારા ૨૦૦થી વધુ હેલમેટનું વિતરણ કરાયું

## સુરક્ષા માટે ટ્રાફીક નિયમનનું પાલન કરવા અપીલ

અંકલેશ્વર, તા.૨૫

વાલિયા યુથ પાવર દ્વારા જે કુટુંબ કરે છે સંભાળ એ નથી માનતા હેલ્મેન્ટને ભાર સૂત્ર સાથે આજરોજ ૨૦૦થી વધુ હેલ્મેટ આપી સેવાનું ભાથું પીરસ્યું હતું. વાલિયા યુથ પાવરના અધ્યક્ષ રજની વસાવા,વિનય વસાવા અને વિજય વસાવા સહિત ટીમ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સેવા કાર્યો કરવામાં આવી રહ્યા છે.લોકડાઉનમાં અનાજની કીટ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવામાં આવી હતી.ત્યારે આજરોજ જે કુટુંબ કરે છે સંભાળ એ નથી માનતા હેલ્મેન્ટને ભાર સૂત્ર સાથે વાલિયા ગામના ચાર રસ્તા સ્થિત બિરસા મુંડાની પ્રતિમા પાસે યુથ પાવરના અધ્યક્ષ રજની વસાવા,વિનય વસાવા અને વિજય વસાવા તેમજ તેઓની ટીમના સભ્યોના હસ્તે ૨૦૦થી વધુ હેલ્મેટ બાઈક ચલાકોને આપી તેઓ ટ્રાફિક નિયમોનું પાલન કરે તેવી અપીલ કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છેકે આ સંગઠન અધ્યક્ષ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન કરીશું તો અકસ્માત ઘટનાઓ અટકાવી શકીશું તેમ જણાવ્યું હતું.

# બહેનો નાણા વ્યવસ્થાપન સારી રીતે કરી શકે તેમ છે : પુનીત ગજેરા

## અર્થવ્યવસ્થામાં મહિલાની સક્રિયતા પરિવાર અને રાષ્ટ્રને મજબુત કરે છે : કાનજી ભાલાળા

સુરત, તા.૨૫

આર્થિક વ્યવસ્થા અને અન્ય પરિસ્થિતિ ઝડપથી બદલાય રહી છે. અનેક તકો અને પડકારો ઉભા છે ત્યારે તેમાં પ્રગતિશિલજીવન માટે દિશા અને વિચાર આપવા માટે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે હેલ્થ-વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવે છે.

તા. ૨૪મી એપ્રિલ ૨૦૨૫ ને ગુરૂવારે વરાછા બેંક ઓડીટોરીયમ ખાતે ૧૦૮માં થર્સ-ડે થોટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને નવીનીકરણ મજબુત અને ટકાઉ આર્થિક વિકાસનો પાયો છે એટલે જ હવે કોઈ પણ દેશની આર્થિક પ્રગતિ માટે સ્ટાર્ટઅપને વિકસાવવાની જરૂર છે. સ્ટાર્ટઅપ એટલે નવીનીકરણ જે અન્ય ધંધાથી જુદુ પડે છે. (૧) એક એવો આઈડીયા જે નવો હોય, (૨) નવીન રીતે હોય, (૩) કોઈ સમસ્યાનું સમાધાન હોય, (૪) જેમાં માર્કેટની પૂરી તક હોય, (૫) જેને ફંડિંગની જરૂર હોય અને (૬) જેમાં જોખમ પણ હોય તે સ્ટાર્ટઅપ કહેવાય છે. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપનો આધાર આઈડીયા છે તે માટે પ્રગતિશીલ વિચાર જરૂરી છે. ભારતમાં સ્ટાર્ટઅપ ઈન્ડીયા પ્લેટફોર્મ ૧૦ વર્ષથી ઉભુ કરાયુ છે. તેમ છતા ભારતમાં સંશોધનની સંસ્કૃતિ નબળી છે. ટેકનોલોજીમાં પણ આપણે પાછળ છીએ. પરીણામે ઉત્પાદન સેવામાં નવિનીકરણ થતું નથી. પરિણામે આર્થિક વિકાસને વેગ મળતો નથી. ખરેખર તો સંશોધન, ટેકનોલોજી અને નવિનીકરણ અર્થતંત્રને ગતિ આપે છે. ભારતે ઉત્પાદક રાષ્ટ્ર બનાવવાની જરૂર છે તેમાં પણ મહિલાઓને આર્થિક વ્યવસ્થામાં જોડવાની પણ જરૂર છે. ડેરી ઉદ્યોગમાં મહિલા આર્થિક વ્યવસ્થાના કેન્દ્રમાં છે. સુમુલની દરરોજ દૂધ પેટે ગામડાના પશુપાલકોને કરોડો રૂપિયા ચુકવે છે. તે બહેનોની કમાણી હોય છે. સુરતમાં ૨૦૦૮ ની મંદી પછી હેન્ડવર્કમાં બહેનોને દર મહીને કરોડો રૂપિયા મજુરી ગૃહઉદ્યોગ તરીકે મળે છે. બહેનોએ આર્થિક જાગૃતિ સાથે રોજગારી સાથે સક્રિય થવાની જરૂરી છે. આર્થિક વ્યવસ્થામાં મહિલાની સક્રિયતા પરિવાર અને રાષ્ટ્રને મજબુત કરે છે. ફાયનાન્સ ટેકનોલોજીના ઉપયોગથી આર્થિક જાગૃતિને વેગ મળ્યા છે. લોકોએ ટેકનોલોજીના ઉપયોગ સાથે આર્થિક જાગૃતિ સાથે ખર્ચમાં કાપ મૂકી બચત કરી તેમાંથી મૂડી રોકાણ તરફ વળવા માટે અનુરોધ કર્યો હતો.

### કાશ્મીરમાં થયેલ હુમલામાં મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવી

૧૦૮માં થર્સ-ડે થોટ કાર્યક્રમના પ્રારંભે કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાને સખત શબ્દોમાં વખોડી કાઢી અને મૌનપાળી મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવવામાં આવી હતી. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત આ હુમલાને રાષ્ટ્ર ઉપરનો હુમલો ગણાવી કડક શબ્દોમાં વખોડયો છે. સુરતના યુવાન શૈલેશભાઈ કળથીયા સહીત તમામ મૃતકો માટે સાંતવના સાથે શ્રદ્ધાંજલિ પાઠવી છે. કાર્યક્રમમાં આવકાર સંકલન હાર્દિક ચાંચડે તથા ગત વિચાર મુકેશ કાનાણીએ રજુ કર્યો હતો. જ્યારે વ્યવસ્થા યુવાટીમ, વરાછાબેંક ટીમ અને અંકિત સુરાણીએ સંભાળી હતી.

# ચિરિપાલ ગ્રુપે જીઆઈપીએસ હોસ્પિટલ સાથે સહયોગ સાધ્યો

## કર્મચારીઓને માનસિક સ્વાસ્થ્યની કાઉન્સેલિંગ સેવા અપાશે

અમદાવાદ, તા.૨૫

કર્મચારીઓની સાર્વત્રિક સુખાકારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી અમદાવાદમાં પોતાનું વડુંમથક ધરાવનારા અને ટેક્સટાઈલમાંથી સૌર ઊર્જામાં વૈવિધ્યીકરણ કરનારા ઉદ્યોગ સમૂહ ચિરિપાલ ગ્રૂપેપોતાના કર્મચારીઓને માનસિક સ્વાસ્થ્યના કાઉન્સેલિંગની વ્યાપક સેવા પૂરી પાડવા માટે જીઆઈપીએસ હોસ્પિટલ (ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયકોલોજિકલ સાયેન્સિસ)ની સાથે વ્યૂહાત્મક સહભાગીદારી કરી છે.આ પહેલનું અમલીકરણ ચિરિપાલ ગ્રૂપની તમામ કંપનીઓમાં કરવામાં આવશે.આ દૂરંદેશી નિર્ણય લેવા પાછળનો હેતુ આજની ઝડપી જીવનશૈલી, ખૂબ જ પડકારજનક કામના માહોલ અને શહેરની ભાગદોડમાં માનસિક સ્વાસ્થ્યના પડકારોની સાથે કામ પાર પાડવા કર્મચારીઓને ખૂબ જ જરૂરી ટેકો પૂરો પાડવાનો છે. જીઆઈપીએસ હોસ્પિટલ પ્રા. લિ.ના નેજા હેઠળમાનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા તથા લોકો અને સંગઠનોને ગુણવત્તાયુક્ત માનસિક સારવાર પૂરી પાડવા માનસિક સ્વાસ્થ્યની એક વિશેષ પહેલ તરીકે આયાસ કાઉન્સેલિંગ સેન્ટરની રચના કરવામાં આવી છે.૨૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ શરૂ થયેલા આ સહયોગ અંતર્ગત જીઆઈપીએસ હોસ્પિટલના પાત્ર મનોચિકિત્સકો રૂબરૂમાં કાઉન્સેલિંગ સેશનો હાથ ધરવા માટે મહિનામાં એકવાર બોપલ અને શિવરંજનીમાં આવેલી ચિરિપાલ ગ્રૂપની ઑફિસની મુલાકાત લેશે. કર્મચારીઓ આગોતરી એપોઈન્ટમેન્ટ બૂક કરાવી શકશે, જેની મદદથી તેઓ તેમના શિડ્યૂલને બગાડ્યાં વગર કામના સ્થળે જ નિષ્ણાતોનો સપોર્ટ મેળવી શકશે.



# સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં મલ્ટીડે લીગ ટુર્નામેન્ટનું આયોજન

## ભરૂચ ક્રિકેટ એસો.ની ટુર્નામેન્ટ શરૂ

ભરૂચ, તા.૨૫

ભરૂચ ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત અને સંચાલીત પ્રથમ D A Anandpura ભરૂચ જિલ્લા under 16 Multi days લીગ Tournament ની પ્રથમ મેચ આજરોજ તારીખ ૨૩/૦૪/૨૫ ન દિવસે AIDS sprots complex ના સુંદર હરિયાળા ગ્રાઉન્ડ પર શરૂ કરવામાં આવી હતી, જે પ્રસંગે AISD ના કન્વિનર શ્રી સુભાષભાઈ તથા BCA ના સેક્રેટરી શ્રી ઈસ્તિયાક પઠાણ હાજર રહ્યાં હતા અને પ્રાસગિક પ્રવચન મા ખેલાડીયો ને પ્રોત્સાહિત કર્યાં હતા. આ ટુર્નામેન્ટ મા કુલ ૪ ટીમે ભાગ લીધો છે જેઓ એક બીજા સાથે લીગ મેચ રમશે. કાર્યક્રમ નું સંચાલન છૈંઢજી સ્પોર્ટસ ના ઈનચાર્જ શ્રી કૃષ્ણા મહારાઉજી કર્યુ હતું BCA ના કારોબારી સભ્ય રસીદ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ટુર્નામેન્ટ ની બીજી મેચ મુન્શી સ્કૂલ ના ગ્રાઉન્ડ પાર રમાઈ રહી છે. ટુર્નામેન્ટ નું સંચાલન BCA ના પ્રમુખ શ્રી દુષ્યંત પટેલ ના માર્ગદર્શન હેઠળ ટુર્નામેન્ટ કમિટી ચેરમેન Manish Naik અને તેમની કમિટી ધ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ઈશનપોર ગામની પાયલબેન પટેલ 'ડ્રોન દીદી' તરીકે બની પ્રેરણારૂપ

## બે વર્ષમાં ડ્રોન મશીનથી ખેતરમાં દવાનો છંટકાવ કરી રૂા.૫.૫૦ લાખની આવક

સુરત, તા.૨૫

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત "નમો ડ્રોન દીદી યોજના" અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે 'ડ્રોન દીદી' તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું.

તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઈઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને ઓલપાડ તાલુકાના ૩૬ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે. પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નકશો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે.

આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે. પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પાયલબેન પટેલ એક એવી "ડ્રોન દીદી", જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

## અડાજણથી પ્રકાશભાઈ ભણસાલી ગુમ

સુરત, તા.૨૫

અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ ઘર નં-બી/૨૪૦૩, ક્રિષ રેસીડેન્સી, સેલ્લ (એટ્રોલ પમ્પ્રી સામે, મણીભદ્ર રેસીડેન્સીની સામે, પાલ (મુળ રહે. ગામ—થરાદ, સુથારા), ખાતે રહેતી ૫૯ વર્ષીય પ્રકાશભાઇ સેવંતિલાલ ભણસાલી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે સફેદ શર્ટ અને ખાખી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી ખુશી પારેખ ગુમ

સુરત, તા.૨૫

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ ફ્લેટ નં-૪૦૩, શિવ પેલેસ એપાર્ટમેંટ, જીવન જ્યોત હોસ્પીટલ પાસે, અમરોલી, ખાતે રહેતી ૨૦ વર્ષીય ખુશી મનોજભાઇ પારેખ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૦ ફૂટ છે. તેમણે શરીરે લાલ ડ્રેસ અને કાળી લેગીશ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉમરાગામથી નિકુલભાઈ ગોયાણી ગુમ

સુરત, તા.૨૫

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ઘર નં-૭૫, શિવ બંગલોઝ સોસાયટી, ખાતે રહેતા ૩૩ વર્ષીય નિકુલભાઈ ભગવાનભાઈ ગોયાણી ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે. તેમણે સફેદ શર્ટ, ગ્રે પેન્ટ અને પગમાં બ્લેક મોજા પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અડાજણથી યોગેશભાઈ શાહ ગુમ

સુરત, તા.૨૫

લાલગેટ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ ઘર નં-બી/૨૦૮, પાર્શ્વનગર એપાર્ટમેન્ટ, રામસા ટાવરની બાજુમાં, અડાજણ પાટીયા, રાંદેર (મુળ રહે. ગામ-ગાગોદર, તા-પાટણ, જીલ્લો-કચ્છના, ખાતે રહેતા ૫૩ વર્ષીય યોગેશભાઈ જક્ષીભાઈ શાહ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગોરાવર્ણ અને ઊંચાઈ ૫.૭ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લાલગેટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કાપોદ્રાથી દિવલ્યા વસાવા ગુમ

સુરત, તા.૨૫

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ રૂમ નં-૫૧, ગુરૂકુપા સોસાયટી, અંબાજી ચોક સામે, નાની વેડ (મુળ રહે. ગામ-એકધડ, તા.તળોદા, જી.નંદુરબાર, મહારાષ્ટ્ર), ખાતે રહેતા કાંતી વસાવાની ૩૨ વર્ષીય પત્ની દિવલ્યા વસાવા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

**પહેલા પાનાનું ચાલુ**

**રેલવેની**

સહેલાણીઓ ત્યાં છે. એમાંથી ૨૦ મુંબઈના છે. મુંબઈના સહેલાણીઓ સાથે IRCTC સંપર્કમાં છે અને તેમને સુર ક્ષિત રીતે મુંબઈ પહોંચાડવામાં આવશે.

**સંસદનું વિશેષ**

અમેરિકા જેવા દેશોમાં મોકલવું જોઈએ, જેથી આપણે તેમને વૈશ્વિક સ્તરે પરિસ્થિતિ વિશે જણાવી શકીએ. જો આપણે આ પગલું નહીં ભરીએ, તો આપણે રાજદ્વારી દબાણ બનાવી શકીશું નહીં."

**દિલ્હી પોલીસે**

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) એ તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલો ઘણા વર્ષો જૂનો છે. આમાં, મેધા પાટકર પર કેટલાક વિવાદાસ્પદ નિવેદનો અથવા પ્રવૃત્તિઓનો આરોપ છે. જોકે, કેસની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. સૂત્રો કહે છે કે ફરિયાદ કોઈ આંદોલન અથવા જાહેર પ્રદર્શન સાથે સંબંધિત હોઈ શકે છે જેમાં મેધા પાટકર સામેલ હતા.

**ન્યુયોર્ક**

પર ફોન કરીને શોક વ્યક્ત કર્યો હતો. તેમણે વડા પ્રધાન મોદીને કહ્યું હતું કે, 'આ દુઃખની ઘડીમાં અમે તમારી સાથે છીએ. ઉપરાષ્ટ્રપતિ જે ડી વેન્સે પણ આ હુમલાની નિંદા કરતા કહ્યું કે, 'આતંકવાદ સામેના આ યુદ્ધમાં અમેરિકા ભારતની સાથે છે.'

**સરહદ પર**

નિશ્ચિત કરશે.કાશ્મીરમાં હવે ભારતીય સેનાએ બે મોરચે લડવાનું છે. પ્રથમ આંતરિક આતંકીઓ સામેની કાર્યવાહી તેજ બનાવી છે તો હવે સીમા પર પણ પાકદળોની ગુસ્તાખીનો જવાબ આપવાનો છે. અંકુશ રેખા પર પાક દળોએ અનેક ચોકીઓ પર ગોળીબારી કરી હતી. જેનો જવાબ અપાઈ રહ્યો છે તો અરબી સમુદ્રમાં પણ ભારતીય નૌકાદળનુ પેટ્રોલીગ વધારીને પાકના વ્યાપાર ધંધાના સમુદ્ર માર્ગ પર 'નજર' રાખવામાં આવી રહી છે.

**શ્રીનગર**

સીધી મુંબઈ જતી વિમાનની ટીકીટ ભાવ સસ્તા હતા. જયારે શ્રીનગરથી દિલ્હી થઈને મુંબઈ જતી ફલાઈટની ટિકીટનાં ભાવ ૧૩ હજારથી વધુ હતા. જયારે જયરે રોકાયા વિના મુંબઈ જતી અકાસા એર અને એર ઈન્ડીયાનાં ટિકીટના ભાવ ૧૦ હજારથી વધુ હતા.

**સુરત સહિત**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કરવામાં આવેલ છે. અલગ - અલગ વિભાગની માનદ કાર્યપદ્ધતિ શું હોઈ શકે છે અને કેવા કેવા માલસામાન - સુવીધાઓની હીટ વેવ દરમિયાન જરૂર પડી શકે છે તેનાથી માહિતગાર કરવામાં આવેલ છે.આ હીટ એક્શન પ્લાન દ્વારા પ્રવર્તમાન ઉનાળા દરમિયાન સૌથી વધુ અસર પામનાર વ્યક્તિઓને ઓળખી અને તેમના સ્વાસ્થ્ય પર થતી અસરોને ઘટાડવા સંપૂર્ણ પ્રયાસ કરાયેલ છે તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા નવી બનેલ નવસારી મહાનગરપાલિકા, તેમજ વલસાડ નગર પાલિકા ને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

**બેભાન મળેલા તરુણને**

**પેજ-૨ પાનાનું ચાલુ**

શાહની મદદથી તરૂણના પરિવારનો સંપર્ક સાધી સિવિલ હોસ્પિટલ બોલાવી લીધા હતા. આ પરિવારને પોતાનું બાળક સુરક્ષિત હોવાનું જાણી ભાવુક બન્યા હતા અને પોલીસ કોન્સ્ટેબલ પાયલબેન સહિત પોલીસ વિભાગનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

**પહેલગામ હુમલાની**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સરકારોને પણ વિનંતી કરીએ છીએ કે તેઓ ખાતરી કરે કે કોઈ પણ પ્રકારની નફરત કે નફરતના કૃત્યો થવા ન દે, દેશના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિકોને નફરત ફેલાવનારાઓથી પૂરતું રક્ષણ પૂરું પાડવામાં આવે; અને દેશના તમામ નાગરિકોની શાંતિ અને સલામતીની ખાતરી કરે.

**સુરત ખાતે**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ઈજાગ્રસ્ત બનેલા રોહિતને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ગાંધીવાડી સરકારી હોસ્પિટલ અને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ રિફર કરાયો હતો. હાલત વધુ ગંભીર જણાતા તબીબોએ સુરતની નવી સિવિલ હોસ્પિટલ જવા સૂચવ્યું હતું. જેથી તા.૨૧મીએ બપોરે ૧૨.૨૯ વાગે સુરત સિવિલમાં દાખલ કર્યો હતો. ત્રણ દિવસની સઘન સારવાર બાદ તા.૨૪મીએ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ન્યુરોસર્જન ડો. હેમલ, ન્યુરોલોજિસ્ટ ડો.જય પટેલે બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

રાજપૂત પરિવારને સોટોની ટીમના ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર નિર્મલા કાછુડે અંગદાનનું મહત્વ સમજાવ્યું. માતા મંજુબેન અને પિતા સંજયભાઈએ દુઃખની ઘડીમાં પણ અંગદાન માટે ભારે હૈયે સંમતિ આપી હતી. સ્વ.રોહિતભાઈને એક બહેન અને બે ભાઈઓ છે.આજે બ્રેઈનડેડ સ્વ.રોહિતભાઈના સ્વાદુપિંડ, લીવર અને બે કિડની અમદાવાદની આઈ.કે.ડી. હોસ્પિટલ તેમજ હૃદય સુરતની બી.ડી.મહેતા મહાવીર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ તબીબી અને નર્સિંગ સ્ટાફ, સિકયુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ જાગૃત્ત સ્વયંસેવકોએ અંગદાનમાં જહેમત ઉઠાવી હતી.નવી સિવિલ તંત્રના સફળ પ્રયાસોના પરિણામે આજે વધુ એક અંગદાન સાથે ૬૫મું અંગદાન થયું છે.

**ચેમ્બર અને**

**પેજ-૨ પાનાનું ચાલુ**

વધુમાં, તેમણે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આગેવાનીમાં સુરતના ઉદ્યોગકારોને મે ૨૦૨૫માં ભુતાનની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત ખાતે ઓગષ્ટ ૨૦૨૫માં ગ્લોબલ વિલેજ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો અને જાન્યુઆરી ૨૦૨૬માં SGCCI ગ્લોબલ વિલેજ એકઝીબીશનનું આયોજન કરાશે, આથી ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ આ બંને એકઝીબીશનમાં ભાગ લેવા માટે ભુતાન ચેમ્બર પ્રમુખને અનુરોધ કર્યો હતો. સાથે જ ભુતાન ચેમ્બર પ્રમુખ દ્વારા ભુતાનની મુલાકાત માટે અપાયેલા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

**છેલ્લા પાનાનું ચાલુ**

**આતંકવાદના પૂતળાને**

પરિસ્થિતિમાં સમગ્ર કોંગ્રેસ પક્ષ સરકારની સાથે છે ત્યારે જે પ્રમાણે ઈન્દિરા ગાંધી દ્વારા પાકિસ્તાન ઉપર હુમલો કરીને પાકિસ્તાનના બે કટકા કરી બાંગ્લાદેશને છૂટું પાડવામાં આવેલ હતું એવી જ રીતે આ સમગ્ર દેશ આજે આપના નિર્ણયની રાહ જોઈ રહ્યો છે અને ઈન્દિરા ગાંધીને યાદ કરી રહ્યો છે ત્યારે આપ પણ આવો કોઈ કઠોર નિર્ણય કરી અને પાકિસ્તાનના એક ઘા ને બે કટકા કરી આંતકવાદને જડમૂળથી ઉખેડી ફેકરવાનો સેનાને આદેશ આપો એવી માંગણી કરવામાં આવી

આ કાર્યક્રમમાં સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધનસુખભાઈ રાજપુત કાર્યકારી પ્રમુખ દિનેશભાઈ સાવલિયા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય સુરેશભાઈ અશોકભાઈ પીપળે કોંગ્રેસના પ્રમુખ મેહુલભાઈ રાયકા શૈલેષભાઈ રાયકા વોર્ડ પ્રમુખ સંજયભાઈ ડાવરા રાજુભાઈ ભાલાળા ચેતનભાઈ રાદડિયા દિનેશભાઈ પીઠડીયા અરવિંદભાઈ તળાવિયા સહિત ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

**સમગ્ર ભારતમાં**

બાદશાહે આ ટેસ્લા સાયબર ટ્રક દુબઈથી ખાસ મંગાવી છે અને તે દુબઈ પાસિંગ સાથે ભારતમાં આવી છે. અત્યાર સુધી કોઈ જાણતું પણ નહોતું કે, આ ટેસ્લા સાયબર ટ્રક કોણે મંગાવી છે, પરંતુ, હવે જ્યારે તેનો ખુલાસો થયો છે ત્યારે એ સમાચાર ભારતીય ઓટોમોબાઈલ જગતમાં ચર્ચાનો વિષય બની ગયો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ ફોટા અને વીડિયોઝમાં આ ટેસ્લા સાયબર ટ્રક ટ્રાન્સપોર્ટ દરમિયાન જોવા મળી હતી. તે સમયે એના ઉપર દુબઈની નંબર પ્લેટ હતી, જેના કારણે લોકોમાં વધુ ઉત્સુકતા જાગી હતી. હવે આ સાયબર ટ્રક મુંબઈમાંથી પસાર થઈને સુરત પહોંચી ગઈ છે.

ટેસ્લા કંપનીએ હજી સુધી ભારતમાં સાયબર ટ્રક લોન્ચ કરવાનો કોઈ પ્લાન જાહેર કર્યો નથી. હાલ કંપની "મોડલ ૩" અને "મોડલ રૂ" દ્વારા ભારતીય બજારમાં પ્રવેશ કરવાની તૈયારીમાં છે પરંતુ, એ બધાની વચ્ચે લવજી બાદશાહે પોતાના શોખ માટે જે રીતે દુનિયાની સૌથી ફ્યુચરિસ્ટિક અને ટફ કારમાંથી એક એવી સાયબર ટ્રક ભારતમાં લાવવી એ ખરેખર બોલ્ડ પગલું ગણાય.ટેસ્લાની સાયબર ટ્રકની ડિઝાઈન એકદમ અલગ છે. તેનો લુક એવો લાગે છે કે, કોઈ રોબોટિક ફિલ્મના સુપરહીરો માટે બનાવામાં આવી હોય. આ ટ્રક ૩૦ ગણા મજબૂત સ્ટેનલેસ સ્ટીલથી બનેલી છે, જેના કારણે એ અત્યંત ટફ છે. તેમાં કોઈ જ ગોળ સપાટીઓ નથી. એ જોઈને કોઈપણ વ્યક્તિ એક ક્ષણ માટે અચંબિત થઈ જાય.

આ સાયબર ટ્રકમાં ખાસ બુલેટપ્રૂફ ગ્લાસ છે. આ ડિઝાઈન અન્ય કારની ડિઝાઈન કરતાં અલગ છે. વધુમાં, તેમાં આવેલી એડજસ્ટેબલ એર સસ્પેન્શન સિસ્ટમ તેને દરેક પ્રકારના રસ્તા માટે અનુકૂળ બનાવે છે તો એ ખરેખર સિટી ડ્રાઈવિંગથી લઈને ઓફ-રોડ એડવેન્ચર સુધી માટે તૈયાર છે. કારના શોખીન લવજી બાદશાહનો પુત્ર પણ કારપ્રેમી છે અને એના શોખને પિતાએ સાકાર કર્યો છે. ભારતભરમાં પહેલી વાર આઈકોનિક સાયબર ટ્રક આવી છે, તે લવજી બાદશાહના ઘર ગોપીનના દરવાજે. ટેસ્લા સાયબર ટ્રક ઉપર તેઓએ પોતાના ઘરનું નામ ગોપીન લખાવ્યું છે.

**જુનિયર**

છે કે, અમરોલી વરિયાવ ખાતે ડ્રેનેજનું ઢાંકણું તૂટી પડવાને કારણે કેદાર નામના માસુમ બાળકનું ગટરમાં પડી જવાને કારણે કરુણ મોત નિપજયું હતું. આ ગુનામાં અમરોલી પોલીસ મથકના પી.આઈ જે..બી. વનારે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મનપાના જુનિયર ઈજનેર રાકેશ પટેલની આગોતરા જામીન અરજી સામે સુરત કોર્ટમાં પોલીસ ઈન્સ્પેક્ટર જે. બી.વનારે એફિડેવિટ પણ કરી રાકેશ પટેલ ના આગોતરા જામીન "ના મંજૂર" કરવાની પણ દાદ માંગી હતી

**મોટા ભાઈ**

ઈશ્વરભાઈ આહીર વિરોધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી અને આરોપી બંને સગા ભાઈ થાય છે ઘરની લાઈટ બંધ કરવા બાબતે બંને ભાઈ વચ્ચે ઝઘડો થતાં આરોપી મોટાભાઈએ પોતાની પાસેના ચપ્પુથી ફરિયાદી તથા તેની પત્ની પર ચપ્પુથી હુમલો કરી બીજા પહોંચાડી નાસી ગયો હતો બનાવ અંગે પણ પલસાણા પોલીસે ફરિયાદ નોંધની તપાસ શરૂ કરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૨૫ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# આતંકવાદના પૂતળાને જાહેરમાં ફાંસી આપી અંતિમયાત્રા યોજી વિરોધ પ્રદર્શન

## સીતાનગરમાં આતંકવાદ વિરોધી કાર્યક્રમમાં આતંકવાદના પૂતળાને લોકોએ ચંપલથી માર મારી આક્રોશ ઠાલવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૫

કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ લોકો પર કરવામાં આવેલા કાયરતા પૂર્વકના આંતકી હુમલામાં ૨૮ નિર્દોષ ભારતીયોએ જીવ ગુમાવ્યા છે આ માનવતા વિરુદ્ધના નિર્મમ હુમલાનો વિરોધ કરવા અને હુમલામાં જીવ ગુમાવનાર ભારતીય નાગરિકો ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ આયોજિત આંતકવાદની અંતિમયાત્રા માં ખૂબ મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ જોડાયા આ આંતકવાદની અંતિમયાત્રા સરદાર કોમ્પ્લેક્ષ થી શરૂ કરી સીતાનગર ચોક સુધી કાઢવામાં આવી જેમાં લોકો દ્વારા આંતકવાદના પૂતળાને ચંપલ મારી, લાતો મારી વિવિધ પ્રકારે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અંતિમયાત્રા સીતાનગર ચોક ખાતે પહોંચતા સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકરીપ્રમુખ દિનેશભાઈ સાવલિયા તેમજ શિક્ષણ



સમિતિના પૂર્વ સભ્ય સુરેશભાઈ સુહાગીયા, ચેતનભાઈ રાદડિયા, સંજયભાઈ ડાવરા, રાજુભાઈ ભાલાળા, સહિત કોંગ્રેસ કાર્યકરો દ્વારા આંતકવાદના પૂતળાને બ્રિજ ઉપરથી ફાંસીએ લટકાવી જાહેરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ હતું અને આ વિરોધ પ્રદર્શન થકી સરકાર પાસે લાગણીને માગણી વ્યક્ત કરવામાં આવેલ હતી કે આ દેશ ઉપર આવી પડેલી વિકટ

અનુસંધાન પાના ૭ પર



ચોમાસામાં ભરચક વહેતી તાપી નદી ઉનાળામાં સુકી ભઠ્ઠ બની ગઈ છે. કોઝવેથી ઉપરવાસનો વિસ્તારમાં તાપી નદી ભરપૂર વહે છે જ્યારે મગદલ્લા સહિતના હેઠવાસના તાપી નદીના સૂકા તટની આ તસવીર છે. (તસવીર : હનીફ મલેક)

# ૧૩ વર્ષની કિશોરી પર સગીર છોકરાનો બળાત્કાર

## સગીર છોકરાની અટક કરી ચિલ્ડ્રન હોલમમાં મોકલી દેવાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

લિંબાયત વિસ્તારમાં ૧૩ વર્ષિય તરૂણીને લગ્નની લાલચ આપી ચાર મહિના પહેલા તેમજ ગઈ તા.૨૦મીના રોજ રાત્રિનાં સમયે બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બળાત્કાર ગુજારનાર પણ મસગીર હોય તેને ચિલ્ડ્રન હોમમાં મોકલી દેવામાં આવ્યો હતો.

લિંબાયત પોલીસ સ્ટેશનમાં એક સગીર સામે દુષ્કર્મનો ગુનો નોંધાયો છે. સગીરે ચાર મહિના પહેલા પરપ્રાંતીય ૧૩ વર્ષિય તરૂણી સાથે મિત્રતા બાદ તેને લગ્નની લાલચ આપી હતી.તરૂણીની ઉંમર ઓછી હોય તેના ઘરમાં જ રાત્રિના સમયે દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. ચાર મહિના પહેલા તરૂણીને હવસનો શિકાર બનાવ્યા બાદ સગીરે ફરી વખત ગઈ તા.૨૦મીના રોજ બળાત્કાર ગુજાર્યો હતો. જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતા તરૂણીએ પરિવારને જાણ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ અંગે લિંબાયત પોલીસેગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# સમગ્ર ભારતમાં પહેલી વખત ટેસ્લાની સાયબર ટ્રક સુરત આવી

## સુરતના ઉદ્યોગપતિ લવજી બાદશાહે દુબઈથી મંગાવી રૂા.૫૧ લાખની ટેસ્લા સાયબર ટ્રક

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

છેલ્લા ૨૪ કલાકથી સોશિયલ મીડિયા પર એક એવી કારના ફોટા અને વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જે હજુ સુધી ભારતમાં વેચાણ માટે ઉપલબ્ધ જ નથી. જોકે, આ કારનો લુક જોઈને દેશભરના લોકોમાં એક જુસ્સો અને ઉત્સુકતા જોવા મળી રહી છે. વાત છે દુનિયાભરમાં ચર્ચામાં રહેલી ૫૧ લાખની ટેસ્લાની સાયબરટ્રકની. હવે આ અદ્દભુત ટેસ્લા સાયબરટ્રક પહેલી



વાર ભારત પહોંચી છે. તે પણ કોઈ સામાન્ય વ્યક્તિ નહી પરંતુ, સુરતના જાણીતા ઉદ્યોગપતિ લવજી બાદશાહ દ્વારા મંગાવવામાં આવી છે. કારપ્રેમીએ આ સાયબર ટ્રક પર પોતાના ઘરનું નામ 'ગોપીન' લખાવ્યું છે.

હવે વિચારશો કે, આ ટેસ્લા સાયબર ટ્રક ભારતમાં કેવી રીતે આવી? તો જણાવી દઈએ કે, સુરતના ઉદ્યોગપતિ લવજી

અનુસંધાન પાના ૭ પર

### સુરત મનપાના ગટરકાંડમાં

# જુનિયર ઈજનેરના આગોતરા જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

## તપાસ અધિકારી સમક્ષ હાજર થવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૫

અમરોલી વરીયાવ છાપરાભાઠા રોડ પર ગટરનું ઢાંકણું તૂટી જવાને કારણે રમતા રમતા એક બે વર્ષનું બાળક કેદાર ગટરમાં પડી જવાથી કરુણ મોત નીપજવાની ઘટનામાં મનપાના જુનિયર ઈજનેરે રાકેશ પટેલ એ એક આગોતરા જામીન અરજી સુરત સેશન્સ કોર્ટમાં કરી હતી. જે આગોતરા જામીન અરજી સુરત કોર્ટ એ" ના મંજૂર" કરતા આરોપી ના એડવોકેટ કલ્પેશ દેસાઈ એ ગુજરાત હાઈકોર્ટ ના એડવોકેટ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરાવી હતી. ગુરુવારના રોજ હાઈકોર્ટના વિદ્વાન જસ્ટિસ સુથાર ની કોર્ટમાં આગોતરા જામીન અરજી પર બંને પક્ષોની દલીલો પૂરી થતા હાઈકોર્ટે મનપાના જુનિયર ઈજનેર રાકેશ પટેલના આગોતરા જામીન મંજૂર કરી ૩૦ એપ્રિલના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અમરોલી પોલીસ મથકના તપાસ કરનાર અધિકારી જે.બી. વનાર સમક્ષ હાજર રહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ કેસની ટૂંક વિગતો એવી

અનુસંધાન પાના ૭ પર

# દોઢ કરોડની છેતરપિંડીના કેસમાં કાપડ દલાલના જામીન નામંજુર

## મૂળ ફરિયાદી તરીકે એડવોકેટ કીશન પારેખ અને સરકારી વકીલ વર્ષા પંચાલે દલીલો કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સચીન જીઆઈડીસી ખાતે આવેલી શ્યામ ક્રીએશન તેમજ કેશર ક્રીએશનના કાપડ વેપારી સાથે રૂ.૧.૫૦ કરોડની છેતરપિંડીના કેસમાં કાપડ દલાલ સંજય મહેશ્વરી કરેલી જામીન અરજી કોર્ટે નામંજુર કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે આ ગુનામાં આરોપીનો સક્રીય રોલ હોય જો તેને જામીન મળશે તો બીજા ગુનેગારો ગુનો કરતા ખચકાશે નહીં.

આ કેસની વિગત અનુસાર સચીન જીઆઈડીસી ખાતે કાપડનો વેપાર કરતા સુરેશ હરીભાઇ રાખોલીયાએ સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કાપડ દલાલ સંજય સોહનલાલ મહેશ્વરી રહે. કોરલ હાઈટ્સ, ભીમરાડ રોડ, અલથાણ વિરૂધ્ધ રૂ.દોઢ કરોડની છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. કાપડનો જથ્થો લઈ લીધા બાદ તેનું પેમેન્ટ ચુકવવામાં આવ્યું ન હતું. આ અંગે ફરીયાદી તરફે એડવોકેટ કીશન જે.પારેખે આરોપી દ્વારા કરાયેલી જામીન અરજીનો વિરોધ કરી ગુનામાં આરોપીએ સક્રીય ભાગ ભજવ્યો હોવાની દલીલો કરી હતી. સરકાર પક્ષે એપીપી વર્ષા પંચાલ હાજર રહ્યા હતા. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ કાપડ દલાલ સંજય મહેશ્વરીના જામીન નામંજુર કર્યા હતા.

# ડુમસ રોડના સેન્ટ્રલ મોલમાં ચોરી કરવા ઘુસેલા ૧૧ ચોર ઝડપાયા

## દેવી પૂજક ચોર ટોળકીએ દિવાલ કૂદીને મોલમાં પ્રવેશ કર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

ડુમસ રોડ સેન્ટ્રળ મોલના ત્રીજા માળે દિવાલ કુદીને પ્રવેશી ગયેલા ૧૧ જણાની ટોળકીએ મોલમાં ચોરીનો પ્રયાસ કર્યો હોવાની ફરીયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ઉમરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર પીપલોદ ખાતે રહેતા વિમલ કાંતીલાલ પટેલ ડુમસ રોડ સેન્ટ્રલ મોલમાં નોકરી કરે છે. ગઈ તા.૨૩મીની મોડી રાત્રે અમરોલી છાપરાભાઠા વિસ્તારમાં રહેતા નરેશ વાઘેલા, ગોપાલ અનિલ, અનિલ મનોજ દેવીપુજક, અરૂણ વાઘેલા, રામુ દેવીપુજક, હીરેન ગામીત, અજય વાઘેલા, વિજય ભાભોર, જિજ્ઞેશ દેવીપુજક, અજય પ્રતાપ દેવીપુજક અને મુકેશ દેવીપુજક સેન્ટ્રલોલની પાછળના ભાગે ઉપરોક્ત ટોળકી દિવાલ કુદીને મોલની બારીનો કાચ તોડી મોલમાં પ્રવેશી ગઈ હતી અને ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તમામ પકડાઈ જતા આ મામલે પોલીસને જાણ કરી દેવાઈ હતી. ઉમરા પોલીસે ઘરફોડ ચોરીની કોશિષનો ગુનો નોધ્યો હતો.



સુરત મહાનગર પાલિકાના ગાર્ડન વિભાગ દ્વારા ડીવાઈડરો, સર્કલો, સહિતના વિસ્તારોમાં ઉગાડેલા વૃક્ષો તથા છોડની માવજત કરવામાં આવે છે. પાર્લે પોઈન્ટ ખાતેના ઓવર બ્રિજ નીચેની શુભામાં અતિવૃદ્ધિ કરતા છોડમાં ગાર્ડન વિભાગનો કર્મચારી પાણી છાંટતો હોવાનું તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)

# તા.૩૦મી સુધી તાપમાન યથાવત રહેશે

## ભેજના ઉંચા પ્રમાણના કારણે બફારો વધ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત સહિત દ.ગુજરાતમાં ૩૦ એપ્રિલ સુધી મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી હવામાન વિભાગે કરી છે. દરમિયાન આજે સવારે ૧૧ વાગ્યે જ મહત્તમ તાપમાનનો પારો ૩૪ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી જતા સવારથી જ ગરમ વાતાવરણ રહ્યું હતું. તાપમાનનો પારો ઉંચે જઈ રહ્યો હોય કાળઝાળ ગરમીનો શહેરીજનો સામનો કરી રહ્યા છે ત્યારે ૩૦ એપ્રિલ સુધી ચામડી બાળતી ગરમીનો સામનો કરવા પડશે.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગતો અનુસાર હાલ ગરમીના દિવસો ચાલી રહ્યા છે ત્યારે સુરતનું મહત્તમ તાપમાન ઉંચે જઈ રહ્યું છે. સવારે ૯ વાગ્યે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૬.૪ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ૧૧ વાગતા જ મહત્તમ તાપમાનનો ૩૪ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી ગયો હતો. દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે દરિયાઇ પવનો ફુંકાયા હતા જોકે ભેજનું પ્રમાણ વધારે રહેતા બફારાનો અહેસાસ થયો હતો. આગામી ૩૦ એપ્રિલ સુધી વાતાવરણમાં કોઈ ફેરફાર રહેશે નહીં ગરમીનું પ્રમાણ યથાવત રહેશે.

**ચેક ગુમ થયાની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, મારા અસીલ નિતેશ રાકેશભાઈ મિશ્રા, રહેવાસી : ૪૨, રંગ અવધૂત સોસાયટી, સચીન, સુરતના બેંક ઓફ બરોડા, સચીન શાખા, સુરતમાં બચત ખાતા નંબર : 02770100009111 થી બચત ખાતું ધરાવે છે. જેઓને લોન મેળવવી હોય, તે અંગેની સિક્યુરીટી પેટે બેંક ઓફ બરોડાના ઉપરોક્ત ખાતામાંથી કેટલાક ફક્ત સહીવાળા કોરા ચેકો મુકી રાખેલ હતાં. જે ચેકો પૈકીના ચેક નંબર : ૦૦૦૦૪૭ તથા ૦૦૦૦૫૪ ના ગત તારીખ : ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ જોતા હમારા અસીલને જણાઈ આવેલ નહિ અને ઘણી શોધખોળ કરવા છતાં તેવા ચેકો આજદિન સુધી મળી આવેલ નથી. જે ચેકો હરકોઈ ઈસમને મળ્યેથી હમારા અસીલને સુપ્રત કરી દેવા અને તેનો કોઈપણ રીતે દુરૂપયોગ કરવો નહિ. જો કોઈ ઈસમ હમારા અસીલની સંમતિ વિના આ ચેકોનો દુરૂપયોગ કરશે તો હમારા અસીલ તેઓ વિરૂધ્ધ કાનુની રાહે પગલા લેશે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામુ: ૪૮૨, જલારામ નગર, પાની ટાંકી, હાઉસીંગ, પાંડેસરા, સુરત મો. ૮૫૧૧૧ ૨૬૨૩૩

આરતી આર. સિંહ
તે નિતેશ રાકેશભાઈ મિશ્રાના એડવોકેટ

# કુરીયરના પાર્સલો ભરેલી બોલેરો ગાડીમાં આગ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

અમદાવાદ મુંબઈ હાઈવે જનપત હોટલ પાસે અંજલી કુરિયર પ્રાઈવેટ લિમિટેડ સર્વિસની બોલેરો પીકઅપ ગાડી માં અચાનક આગ લાગતા કુરિયરના પાસલો સળગી ગયા હતા આ બનાવ સંદર્ભે ગોડાદરા કેશવ પાર્ક સોસાયટીમાં રહેતા હરજીભાઈ રામભાઈ મોકરીયાએ કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે આગં અંગેન જાણવાજોગ નોંધ લીધી હતી. આ પાર્સલો ની કિંમત હજુ સુધી જાણી શકાય નથી પણ એમ કહેવાય છે કે લાખો રૂપિયાની કિંમતના કુરિયરના પાર્સલો આગમાં નુકસાન પામ્યા હતા.

# મોટાભાઈ દ્વારા નાનાભાઈ અને તેની પત્ની પર ચપ્પુ વડે હુમલો

## ઘરની લાઈટ બંધ કરવા બાબતે બે ભાઈ વચ્ચે હિંસક મારામારી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

પલસાણાના પોસરા ફળિયામાં મોટાભાઈએ નાનાભાઈ અને તેની પત્ની પર નજીવી બાબતે ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ઘટના પલસાણા પોલીસ સ્ટેશનને નોંધાય છે પોલીસના જણાવ્યા મુજબ ઘરની લાઈટ બંધ કરવા બાબતે બંને ભાઈ વચ્ચે ઝઘડો થયો હતો

પલસાણા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પલસાણા પોસરા ફળિયામાં રહેતા જીતેન્દ્ર ઈશ્વરભાઈ આહિરે મોટાભાઈ ભરતભાઈ

અનુસંધાન પાના ૭ પર

# પહેલગામ હુમલાની ઘટના અંગે સોશિયલ મિડીયામાં આક્રોશ ઠાલવતી જનતા

## પાકિસ્તાન અને આતંકવાદ વિરોધી પોસ્ટનો સોશિયલ મિડીયામાં મારો ચાલ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકોને શ્રધ્ધાંજલી આપવા સાથે લોકોમાં ઉકળતો ચરૂ છે. આ હુમલાને વખોડવા સાથે સોશિયલ મિડીયા ઉપર ડિજીટલ યુદ્ધ ચાલી રહ્યું હોય તેમ ભારતીય નાગરીકો પાકીસ્તાનને પાઠ ભણાવવા તેમજ આતંકવાદીઓ અને તેમના આકાઓનો જડમુળમાંથી ખાતમો બોલાવવા સહિતની પોસ્ટ મુકવા સાથે પોતાની પ્રતિક્રીયા આપી રહ્યા છે. છેલ્લા બે દિવસથી સોશિયલ મિડીયા ઉપર મૃતકોનો શ્રધ્ધાંજલી અને તેમના પ્રત્યે સહાનુભુતિ વ્યક્ત કરીને ભારતનો દરેક નાગરીક આતંકવાદીઓ ઉપર સરકાર કડક પગલા લે તેવી માંગ કરી રહ્યો છે. સમગ્ર દેશમાં વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. એક સૂરે સોશિયલ મિડીયા ઉપર બદલો લેવાની માંગ ઉઠી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના નિવેદનમાં સ્પષ્ટ કહી દીધું છે કે આ કૃત્ય કરનારાઓ તેમજ કરાવનારાઓને કોઈ કાળે છોડવામાં નહીં આવે.

ધર્મ પુછીને કરાયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા આપણા દેશના નિર્દોષ નાગરીકોના પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ છે. ત્યારે તેમને સરકારે સાંત્વના આપવા સાથે આ જઘન્ય કૃત્ય કરનારા આતંકવાદીઓને ભોંયભેગા કરી દેવાની તૈયારી પણ કરી લીધી છે. બીજી તરફ સોશિયલ મિડીયા ઉપર ડિજીટલ વોર ચાલી રહ્યું હોય તેમ લોકોમાં ઉકળતો ચરૂ છે. પાકિસ્તાન વિરૂધ્ધ પોષ્ટનો મારો સોશિયલ મિડીયા ઉપર ચાલી રહ્યો છે. આતંકવાદીઓને બરાબર શબક શિખવવામાં આવે જેથી કરીને આવી ઘટનાઓને અંજામ આપતા પહેલા તેઓ ખચકાઈ.